દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 221 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ વદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 September 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પાકિસ્તાનનો બહિષ્કારનો ડ્રામા: મિયાંની મીંદડી થઈ મૅચ રમ્યું

## મૅચ રેફરીને કાઢવાની માગણી આઇસીસીએ ફગાવી: પાઈક્રૉફ્ટે માફી માગી હોવાનો પીસીબીનો દાવો



દુબઇ: આઇસીસીએ મૅચ રેફરી ઍન્ડી પાઈક્રૉફ્ટને કાઢવાની પાકિસ્તાનની માગણી નકારતા પાકિસ્તાનની ક્રિકેટ ટીમે યુએઇ સામેની મૅચ સહિત એશિયા કપના બહિષ્કારનું નાટક કર્યું હતું અને આખી ટીમ હૉટેલમાંથી જ નહોતી નીકળી.

પાકિસ્તાનની ટીમ ઘણાં વિલંબ બાદ હૉટેલમાંથી બહાર નીકળી હતી અને ગ્રાઉન્ડ તરફ જવા રવાના થઇ હતી.

પાકિસ્તાનની ટીમ માટે સ્પર્ધામાં રહેવા માટે યુએઇ સામેની મૅચ જીતવી જરૂરી હતી. આ મૅચ ભારતીય સમય મુજબ રાતે આઠ વાગ્યે શરૂ થવાની હતી, પરંતુ બાદમાં તે રાતે નવ વાગ્યે શરૂ કરાવવાનું નક્કી કરાયું હતું.

આઇસીસીના સીઇઓ સંજોગ ગુપ્તાએ પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડના ચેરમેન મોહસિન નક્વીને કૉન્ફરન્સ કૉલ પર જણાવ્યું હતું કે ઝિમ્બાબ્વેના પાઈક્રૉફ્ટ સ્પર્ધાના નિયમને બરાબર અનુસરતા હોવાથી તેઓ જ મૅચના રેફરી તરીકે ચાલુ રહેશે. એશિયા કપની મૅચ દરમિયાન ભારત અને પાકિસ્તાનના ક્રિકેટરોએ હાત મિલાવવા કરતા રાષ્ટ્રીય ટીમના કૅપ્ટનોને રોકવા બદલ મૅચ રેફરી ઍન્ડી પાઈક્રૉફ્ટે માફી માગી હોવાનો પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે બુધવારે દાવો કર્યો હતો.

આઈસીસીના વિવાદાસ્પદ મૅચ રેફરી ઍન્ડી પાઈક્રૉફ્ટે પાકિસ્તાન ક્રિકેટ ટીમના કૅપ્ટન અને મેનેજરની માફી માગી હતી. ભારત-પાકિસ્તાન વચ્ચેની મૅચ દરમિયાન ઍન્ડી પાઈક્રોફ્ટે બંને ટીમના કૅપ્ટનોને હસ્તધૂનન કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો એમ પીસીબીએ સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં જણાવ્યું હતું. અગાઉ, ભારત સામેની રવિવારની મૅચ વખતે ભારતીય સુકાની સૂર્યકુમારે પાકિસ્તાનના કૅપ્ટન સલમાન અલી આગાની

(જુઓ પાનું ૨) ▸▸



# પાકિસ્તાનને ઘૂંટણિયે પાડ્યું અને ત્રાસવાદીઓને રડાવ્યા હતા: મોદી

## ‘તહેવારોમાં સ્વદેશી માલસામાન જ ખરીદો’

ધાર (મધ્ય પ્રદેશ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે જણાવ્યું હતું કે ભારતીય સૈનિકોએ ‘ઑપરેશન સિંદૂર’ દરમિયાન પાકિસ્તાનને થોડા સમયમાં જ ઘૂંટણિયે પાડ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે તહેવારોમાં પણ લોકોએ સ્વદેશી માલસામાન જ ખરીદવાનો આગ્રહ રાખવો જોઇએ.

મોદીએ મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં ‘પ્રધાન મંત્રી મૅગા ઇન્ટિગ્રેટેડ ટેક્સ્ટાઇલ રિજન ઍન્ડ અપૅરલ પાર્ક’નો શિલાન્યાસ કર્યો હતો.

વડા પ્રધાને મહિલાઓના આરોગ્ય માટેનું ‘સ્વસ્થ નારી, સશક્ત પરિવાર’ અને આઠમા ‘રાષ્ટ્રીય પોષણ માહ’ અભિયાન પણ શરૂ કરાવ્યું હતું.

મોદીએ જણાવ્યું હતું કે હજી ગઇ કાલે જ વિશ્વે પાકિસ્તાની ત્રાસવાદીઓને રડતા અને પોતાને થયેલા નુકસાનની વાત કરતા સાંભળ્યા હતા. જૈશે મહંમદના

(જુઓ પાનું ૨) ▸▸

## જન્મદિવસની શુભેચ્છા માટે મારા મિત્ર ટ્રમ્પનો આભાર

નવી દિલ્હી: ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ગઇકાલે ૭૫મો જન્મ દિવસ હતો. તેમના જન્મ દિવસ નિમિત્તે સૌથી પહેલા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફોન કરીને તેમને શુભેચ્છાઓ આપી હતી. વડાપ્રધાન મોદીએ આ અંગે એક્સ પર પોસ્ટ કરીને જાણકારી આપી હતી. ભારત અને અમેરિકા વચ્ચે ટૅરિફ મામલે જે વિવાદ ચાલી રહ્યો છે, તેનો અંત આવી શકે તેવું લાગી રહ્યું છે. કારણ કે, અમેરિકાના પ્રમુખે ફોન કરીને શુભેચ્છાઓ આપી તે કોઈ સારા નિર્ણય તરફ ઈશારો

(જુઓ પાનું ૨) ▸▸

## ચૂંટણીના ઉમેદવારોના રંગીન ફોટો હવેથી ઇવીએમમાં

નવી દિલ્હી: મતદાન માટેના ઇલેક્ટ્રોનિક મશીનો (ઇવીએમ)માં હવે ચૂંટણીના ઉમેદવારોના રંગીન ફોટા રખાશે. બિહાર વિધાનસભાની ચૂંટણીથી આ પ્રથા શરૂ કરાશે.

ઇવીએમમાં ઉમેદવારોના ફોટા રાખવાનું ૨૦૧૫થી શરૂ થયું હતું, પરંતુ આ બ્લૅક ઍન્ડ વાઇટ ફોટા ઓળખવા કેટલાક મતદાર માટે કઠિન હતું.

ચૂંટણી પંચે બુધવારે જણાવ્યું હતું કે મતદાન માટેના ઇલેક્ટ્રોનિક મશીનોમાં સિરિયલ નંબર પણ વધુ સ્પષ્ટ રીતે લખાશે.

તેણે જણાવ્યું હતું કે ચૂંટણીના ઉમેદવારોના ચહેરા સ્પષ્ટ રીતે જોઇ શકાય, તે માટે ફોટાની ત્રણ-ચતુર્થાંશ જગ્યામાં ઉમેદવારોનો ચહેરો જ દેખાય એ રીતે રખાશે.

ઉમેદવારોના સિરિયલ નંબર અને ‘નન ઑફ ધિ અબાઉ’ (નોટા) ભારતીય ન્યૂમરલ્સ (સંખ્યાવાચક શબ્દ અથવા આંકડો)ના આંતરરાષ્ટ્રીય ફોર્મમાં હશે. અક્ષર ૩૦ પોઇન્ટમાં અને બૉલ્ડ હશે. ઇવીએમ બૅલટ પેપર્સ ૭૦ જીએસએમ કાગળ પર છપાશે. વિધાનસભાની ચૂંટણી માટે ગુલાબી રંગનો કાગળ વપરાશે. (એજન્સી)■

## કર્ણાટકની બૅંકમાંથી ₹ ૨૧ કરોડની લૂંટ

વિજયાપુરા (કર્ણાટક): દેશી પિસ્તોલ અને ચાકુ સાથે મુખવટો ધારણ કરીને આવેલા ત્રણ લૂંટારાએ સ્ટાફના લોકોને બાંધી દઈ જિલ્લાની સ્ટેટ બૅંક ઑફ ઈન્ડિયાની શાખામાં રોકડ રકમ અને સોનાના દાગીના સહિત ૨૧ કરોડ રૂપિયા કરતાં પણ વધુની લૂંટ ચલાવી હોવાનું પોલીસે બુધવારે કહ્યું હતું.

કર્ણાટકના વિજયપુરા જિલ્લાના ચાડચાન નગરસ્થિત એસબીઆઈની શાખામાં મંગળવારે સાંજે ૬:૩૦ વાગ્યે લૂંટની આ ઘટના બની હતી.

લૂંટારાઓ રોકડ રકમ અને સોનાનાં દાગીના સહિત અંદાજે ૨૧ કરોડ રૂપિયા લૂંટી ગયા હોવાનું બૅન્કના અધિકારીઓએ કહ્યું હતું. પોલીસના જણાવ્યાનુસાર બૅંકમાં કરન્ટ ખાતું

(જુઓ પાનું ૨) ▸▸

# જીએસટીમાં ઘટાડાથી અર્થતંત્રમાં બે લાખ કરોડ ઠલવાશે

વિશાખાપટનમ : કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે બુધવારે કહ્યું હતું કે ગુડ્સ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ (જીએસટી)ના નવી પેઢીના સુધારાને લીધે અર્થતંત્રમાં બે લાખ કરોડ રૂપિયા આવશે અને આને લીધે જે નાણાં વેરામાં જવાના હતા એ હવે લોકોના હાથમાં રોકડના રૂપમાં આવશે.

આગામી પેઢીના જીએસટી સુધારા પરના પરિસંવાદમાં બોલતા તેમણે કહ્યું હતું કે નવા સુધારાને પગલે બાર ટકાના સ્લેબ હેઠળની ૯૯ ટકા જણસ પાંચ ટકાના સ્લેબમાં આવશે. સુધારાને લીધે ૨૮ ટકાના સ્લેબમાં રહેલી ૯૦ ટકા જણસ ૧૮ ટકાની બાસ્કેટમાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે થોડી ફાસ્ટ મૂવિંગ કન્સ્યુમર ગુડ્સ (એફએમસીજી)ની મોટી કંપની સહિત અનેક કંપનીઓએ ૨૨ સપ્ટેમ્બરે જીએસટી સુધારા અમલમાં આવે એ પહેલાં દર ઘટાડવા અને તેનો લાભ ગ્રહકોને આપવા આગળ આવી છે. વેરાની નવી પ્રણાલીમાં

(જુઓ પાનું ૨) ▸▸




**ઉમદા દાન, રક્તદાન:** નવી દિલ્હીમાં યોજાયેલા ‘રક્તદાન અમૃત મહોત્સવ ૨.૦’માં બુધવારે લોહી આપી રહેલા રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ. (એજન્સી)

## ભારત ૧૧૪ રાફેલ અને છ પી-૮૧ વિમાન ખરીદશે

નવી દિલ્હી : ભારત આગામી અઠવાડિયામાં સંરક્ષણ ક્ષેત્રે મોટી ખરીદી કરશે જેનાથી ભારતીય હવાઈ દળ અને નૌકાદળની તાકાત વધશે. આમાં ૧૧૪ રાફેલ ફાઈટર જેટ્સ, વધારાના છ પી-૮૧ વિમાન તથા ૧૧૩ એફ-૪૦૪નો સમાવેશ થાય છે. આ સોદાથી ભારતની આત્મનિર્ભરતા અને સુરક્ષા મજબૂત થશે. મિગ-૨૧ની નિવૃત્તિ બાદ હવે ભારત પાસે ૨૯ સ્ક્વોડ્રન જ રહ્યા છે. આથી ખરીદી જરૂરી બની હતી. ભારતીય હવાઈ દળે ૧૧૪ ‘મેક ઈન ઈન્ડિયા’ રાફેલ ફાઈટર પ્લેન ખરીદવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ સોદાની

(જુઓ પાનું ૨) ▸▸

## કૉંગ્રેસને હાઇ કૉર્ટની લપડાક: હીરાબાનો વીડિયો હટાવવા કહ્યું

પટણા: ચૂંટણી પ્રચાર દરમિયાન રાજકીય પક્ષો વચ્ચે સોશ્યલ મીડિયા પર એક અલગ પ્રકારની જ જંગ ચાલતી હોય છે, રાજકીય પક્ષો એક બીજા પર પ્રહાર કરતા ફોટો-વિડીયો પોસ્ટ કરતા રહે છે. એવામાં ક્યારેક રાજકીય પક્ષો વિરોધી પક્ષના નેતા પર વ્યક્તિગત વાંધાજનક ટિપ્પણી કરી બેસતા હોય છે. બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે થોડા દિવસો પહેલા કોંગ્રેસે વડા પ્રધાન મોદીના સ્વર્ગસ્થ માતા હીરાબાનો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) દ્વારા જનરેટ કરાયેલો વીડિયો પોસ્ટ કર્યો હતો. આજે બુધવારે પટણા હાઈકોર્ટે આ વિડીયો હટાવવા આદેશ આપ્યો છે. પટણા હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ પી. બી. બજંત્રીએ પક્ષને તમામ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પરથી આ વીડિયો

(જુઓ પાનું ૨) ▸▸

## માઓવાદીઓ હથિયાર હેઠાં મૂકવા તૈયાર

નવી દિલ્હી: દાયકાઓથી ઑપરેટ કરતા પ્રતિબંધિત માઓવાદીઓ સુરક્ષા દળ દ્વારા હાથ ધરવામાં આવેલી લાંબી કાર્યવાહી બાદ ભીતસરસા ચંપાઈ ગયા બાદ હવે શાંતિ ઝંખી રહ્યા છે.

તાજેતરમાં જ પ્રકાશમાં આવેલી એક જૂની પ્રેસનોટમાં માઓવાદીઓએ શસ્ત્રો હેઠાં મૂકવાનો અને કેન્દ્ર સરકાર સાથે શાંતિમંત્રણા કરવાની એકપક્ષી તૈયારી દર્શાવી હોવાનું બહાર આવ્યું હતું.

માઓવાદીઓના મુખ્ય પ્રવક્તા અભય દ્વારા ૧૫ ઑગસ્ટ ૨૦૨૫ના આ પ્રેસનોટ જારી કરવામાં આવી હતી.

પ્રેસનોટમાં જણાવવામાં આવ્યું હતું કે માઓવાદીઓ એક મહિના માટે હિંસા બંધ કરવા તૈયાર છે અને એ સમયગાળા દરમિયાન સરકાર દ્વારા નિમવામાં આવેલી કમિટી સાથે શાંતિમંત્રણા શરૂ કરી શકાય એમ છે.

ઈમેલ પરના સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે કારાવાસ ભોગવી રહેલા માઓવાદી નેતાઓને પણ આ શાંતિમંત્રણામાં ભાગ લેવાની પરવાનગી આપવામાં આવવી જોઈએ એ પ્રકારની માગણી કરી તેમણે ચેતવણી આપી હતી કે જો આ સમયગાળા દરમિયાન પણ પોલીસનું દબાણ અને ઍન્કાઉન્ટર ચાલુ રહેશે તો તેની શાંતિમંત્રણા પર વિપરીત અસર થશે. આ મામલે સરકારને પ્રતિક્રિયા આપવાનું પણ ઈમેલમાં જણાવવામાં આવ્યું હતું.

રાજકીય કેદીઓ અને કેડરોને મુક્ત કરવાની તેમ જ શાંતિમંત્રણા અર્થપૂર્ણ રહેશે તેની ખાતરી આપવાની પણ તેમણે માગણી કરી હતી. (એજન્સી)■

## ખેતરમાંનું નીંદામણ સળગાવતા ખેડૂતોને પકડો: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે શિયાળા વખતે વધતા હવાના પ્રદૂષણ અંગે બુધવારે ચિંતા વ્યક્ત કરતા પંજાબ સરકારને સવાલ કર્યો હતો કે ખેતરમાંનું નીંદામણ સળગાવીને હવાનું પ્રદૂષણ વધારતા ખેડૂતોને પકડીને જેલમાં નાખી અને દંડ કરીને અન્ય ખેડૂતોને ચેતવણી આપતો સંદેશો શું કામ નથી આપતા?

દેશના મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઇ અને ન્યાયાધીશ કે. વિનોદચંદ્રનની બૅન્ચે પંજાબ સરકારને જણાવ્યું હતું કે જો તમે આ દિશામાં કાર્યવાહી નહિ કરો, તો અમે સંબંધિત આદેશ આપીશું.

સર્વોચ્ચ અદાલતની આ બૅન્ચે ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન અને પંજાબના પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડમાંની ખાલી પડેલી જગ્યા (હોદ્દા)ને લગતી પોતાની જ અરજીની સુનાવણી કરતા આ રાજ્યો, કમિશન ફૉર ઍર ક્વૉલિટી મેનેજમેન્ટ અને સેન્ટ્રલ પૉલ્યુશન કન્ટ્રોલ બૉર્ડને ખાલી પડેલા હોદ્દા (જગ્યા) આગામી ત્રણ અઠવાડિયાંમાં જ ભરવા આદેશ આપ્યો હતો.

દેશના મુખ્ય ન્યાયાધીશે પંજાબની આમ આદમી પાર્ટીની સરકારના અદાલતમાંના પ્રતિનિધિ વકીલ રાહુલ મહેરાની સવાલ કર્યો હતો કે પંજાબ સરકાર ખેતરમાંનું નીંદામણ સળગાવીને હવાનું પ્રદૂષણ વધારતા ખેડૂતોને પકડીને તેઓને દંડ શું કામ નથી કરતી?

તેમણે જણાવ્યું હતું કે ખેડૂતો આપણા જીવનમાં ખાસ વ્યક્તિ (જુઓ પાનું ૨) ▸▸

## કોઈને કહેવાથી ઑપરેશન સિંદૂર નહોતું અટકવાયું : રાજનાથ સિંહ

નવી દિલ્હી : ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ભારત અને પાકિસ્તાન વચ્ચેની લડાઈ અટકાવવાના દાવાને રદિયો આપતાં કહ્યું હતું કે આતંકવાદી સામેનું ઑપરેશન સિંદૂર કોઈ ત્રીજા પક્ષની મધ્યસ્થીને લીધે અટકાવવામાં આવ્યું નથી.

કેન્દ્ર સરકારે અહીં યોજેલા ‘હૈદરાબાદ આઝાદી દિન’ની ઉજવણી સમારોહમાં બોલતાં રાજનાથે કહ્યું હતું કે જો ભવિષ્યમાં કોઈ આતંકવાદી હુમલો થશે તો ઑપરેશન સિંદૂર ફરી શરૂ થશે.

રાજનાથે કહ્યું હતું કે અમુક લોકો પૂછે છે કે શું કોઈની દરમિયાનગીરીને લીધે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ થયો. હું સ્પષ્ટ કરવા માગું છું કે આતંકવાદી સામેનું ઑપરેશન કોઈની દરમિયાનગીરીને લીધે સ્થગિત કરવામાં આવ્યું નહોતું. કોઈ એવો દાવો કરે છે કે અમે ભારત અને પાક્સ્તિાન વચ્ચેની લડાઈ અટકાવી. કોઈએ પણ લડાઈ અટકાવી નથી. હું એ ખુલાસો કરવા માગું છું કે પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન મોહમ્મદ ઈશાક દારે પણ સ્પષ્ટ કર્યું છે કે ભારતે મધ્યસ્થીમાં ત્રીજા પક્ષની ભૂમિકાને ઠુકરાવી છે. વડા પ્રધાન મોદીએ પણ સ્પષ્ટ કર્યું છે કે આ દ્વિપક્ષીય બાબત છે અને ત્રીજો પક્ષ આમાં દરમિયાનગીરી ન કરી શકે.

સિંહે કહ્યું હતું કે જૈશ-એ-મહંમદ (જેઈએમ)ના કમાન્ડરે પણ કબૂલાત કરી છે કે ઑપરેશન સિંદૂર દરમિયાન આતંકવાદી જૂથના વડા મસૂદ અઝહરના કુટુંબીજનો ભારતના મિસાઈલ હુમલામાં માર્યા ગયા. આને સમર્થન આપતો વીડિયો પણ જારી કરવામાં આવ્યો છે. ભારતની વધતી તાકાત વિશે બોલતાં તેમણે કહ્યું હતું કે કોઈ પણ ભારતના સાર્વભૌમત્વને પડકારી ન શકે. મોદીના ૧૧ વર્ષના શાસનમાં દેશે ૨૦૧૬ની સર્જિકલ સ્ટ્રાઈક, ૨૦૧૯ની બાલાકોટ એર સ્ટ્રાઈક અને આ વર્ષના ઑપરેશન સિંદૂર વડે પોતાનો સંકલ્પ સિદ્ધ કર્યો છે. આ બતાડે છે કે ભારત જાણે છે કે જે લોકો શાંતિને સમજતા નથી તેમને કઈ રીતે પ્રતિસાદ આપવો. ભારત ફક્ત વાતચીત કરતો નથી. આજે ભારત તેના દુશ્મનોને પડકારવા સમર્થ છે. (એજન્સી)■

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારત બીજું ઈઝરાયલ બને તેમાં કશું ખોટું નથી

એશિયા કપ ૨૦૨૫ની ભારત અને પાકિસ્તાનની મેચ પછી ભારતના ખેલાડીઓએ પાકિસ્તાનના ક્રિકેટરો સાથે હાથ ના મિલાવ્યા એ મુદ્દે ઘમાસાણ ચાલુ છે ત્યાં પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર શાહિદ આફ્રિદીએ ભારત સામે ઝેર ઓકીને બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. શાહિદ આફ્રિદીએ લવારો કર્યો છે કે, ભારત નવું ઇઝરાયલ બનવાની કોશિશ કરી રહ્યું છે અને મોદી સરકાર હિન્દુ-મુસ્લિમ કાર્ડ રમીને માહોલ બગાડી રહી છે. એશિયા કપમાં ભારતીય ક્રિકેટરોએ પાકિસ્તાનીઓ સાથે હાથ ના મિલાવ્યા એ અંગે આફ્રિદીએ જ્ઞાન પિરસ્યું છે કે જ્યાં સુધી ભાજપ સત્તામાં છે ત્યાં સુધી આ પ્રકારનું રાજકારણ રમાતું રહેશે.

આફ્રિદીનો દાવો છે કે, ભારતીય ક્રિકેટરોનો કોઈ વાંક નથી પણ તેમને તો ઉપરથી ફરમાન આવેલું કે, પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ ન મિલાવે. સોશ્યલ મીડિયા પર પહેલેથી જ ભારત અને પાકિસ્તાનની મેચનો બહિષ્કાર કરવાની ઝુંબેશ ચાલી રહી હતી. આ ઝુંબેશના કારણે નકારાત્મક માહોલ ઊભો કરી દેવાયેલો તેથી બોર્ડ ફોર ક્રિકેટ કંટ્રોલ ઈન ઈન્ડિયા (બીસીસીઆઈ) અને ક્રિકેટરોએ પાકિસ્તાનીઓ સાથે હાથ ના મિલાવ્યા. આફ્રિદીએ રાહુલ ગાંધીનાં વખાણ કરીને તેમને હકારાત્મક વલણ ધરાવતા નેતા ગણાવીને ડહાપણ ડહોળ્યું છે કે, રાહુલ ગાંધી વાતચીતથી તમામ દેશો અને ખાસ તો પાકિસ્તાન સાથેના સંબંધો સુધારવા માગે છે.

આફ્રિદી મોદી વિરૂદ્ધ કે ભારત વિરૂદ્ધ બોલ્યો હોય એવું પહેલી વાર નથી બન્યું. આફ્રિદી કાશ્મીરને પાકિસ્તાનનો ભાગ બનાવવાનાં દિવાસ્વપ્નો તો જોયા કરે જ છે પણ મોદી વિરોધી લવારા પણ કરી ચૂક્યો છે. આફ્રિદીએ બે વર્ષ પહેલાં મોદીને અત્યાચારી કહ્યા હતા. ૨૦૨૦માં આફ્રિદીએ મોદીને કાયર અને માનસિક રીતે બીમાર ગણાવીને કહેલું કે, મોદીને ધર્મનો રોગ છે. પાકિસ્તાની સૈનિકોને મળવા ગયેલા આફ્રિદીએ કહેલું કે, દુનિયામાં એક ખૂબ મોટો રોગચાળો કોરોના વાયરસ ફેલાઈ રહ્યો છે પણ તેનાથી પણ મોટી બીમારી મોદીના હૃદય અને મનમાં છે. આ બીમારી ધર્મની છે. મોદી ધર્મના આધારે રાજકારણ રમી રહ્યા છે.

આફ્રિદી મોટો નેતા નથી કે એવો પ્રભાવશાળી વ્યક્તિ નથી કે જેનાં નિવેદનોના કારણે દુનિયાની તરાહ બદલાઈ જાય એ જોતાં તેના નિવેદનનું સત્તાવાર રીતે કોઈ મહત્ત્વ નથી પણ આ લવારા પાકિસ્તાનમાં એક વર્ગને ભારત તરફ કઈ હદે દ્વેષ છે એ બતાવે છે તેથી તેની વાત કરવી જરૂરી છે. આફ્રિદી સહિતના હલકા એવું ચિત્ર ઊભું કરવા મથી રહ્યા છે કે, મોદીના કારણે સમસ્યા છે પણ વાસ્તવમાં સમસ્યા પાકિસ્તાનના આતંકવાદના કારણે છે. આફ્રિદી મોદી પર ધર્મનું રાજકારણ રમવાનો આક્ષેપ મૂકે છે ત્યારે વરવો લાગે છે. પાકિસ્તાન આતંકવાદીઓને જિહાદની પટ્ટી પઢાવીને ભારતમાં નિર્દોષોની હત્યા કરાવે છે ને આફ્રિદી ધર્મના નામે રાજકારણની વાત કરે તેનાથી હાસ્યાસ્પદ બીજી વાત કઈ હોય? પાકિસ્તાન ભારતીયોની હત્યા કરાવવાનું બંધ કરી દે, આતંકવાદીઓને પોષવાનું બંધ કરી દે તો ભારતીયોને હાથ મિલાવવામાં નહીં પણ ગળે મળવામાં પણ વાંધો નથી.

આફ્રિદીએ એવું જ્ઞાન પણ પિરસ્યું છે કે, ભારત બીજું ઈઝરાયલ બની રહ્યું છે. આ વાત સાચી હોય તો ભારતે ગર્વ અનુભવવો જોઈએ કેમ કે કોઈ દેશ તમારાં નિર્દોષ લોકોની હત્યા કરે તેની સામે બાયલા બનીને બેસી રહેવા કરતાં ઈઝરાયલની જેમ લે બુધું ને કર સીધુંની નીતિ અપનાવવી તેમાં કશું ખોટું નથી. પાકિસ્તાન આપણાં લોકોને મારે ને આપણે ચૂપ ના બેસી શકીએ ને?

આફ્રિદીએ રાહુલ ગાંધીનાં વખાણ કર્યાં તેને ભાજપે મુદ્દો બનાવીને સવાલ કર્યો છે કે, દરેક ભારત વિરોધી વ્યક્તિને રાહુલમાં મિત્ર કેમ દેખાય છે? ભાજપના નેતા અમિત માલવિયાનું કહેવું છે કે, ભારત વિરુદ્ધ ઝેર ઓકવાની અને કાશ્મીરને પાકિસ્તાનમાં ભેળવી દેવાની વાતો કરવાની એક પણ તક નહીં છોડનારા શાહિદ આફ્રિદીએ અચાનક રાહુલ ગાંધીની પ્રશંસા કરવાનું શરૂ કરી દીધું છે. ભારતના દુશ્મનો તમારી પ્રશંસા કરવાનું શરૂ કરે ત્યારે ભારતના લોકોને ખબર પડી જાય છે કે તમારી વફાદારી કઈ તરફ છે. ભાજપના એક બીજા નેતા એન.વી. સુભાષે પણ સવાલ કર્યો છે કે, રાહુલ ગાંધી, તેમના મિત્ર અસદુદ્દીન ઓવૈસી સાથે મળીને એશિયા કપમાં પાકિસ્તાનની હારનો શોક મનાવી રહ્યા છે? દુબઈમાં ભારત જોરદાર દેખાવ કરીને જીત્યું પણ રાહુલ કે ઓવૈસીએ ભારતીય ક્રિકેટ ટીમને અભિનંદન નથી આપ્યા. બીજી તરફ રાહુલ ગાંધી તેમના સાથીઓ સાથે મળીને હંમેશાં પાકિસ્તાની સેનાની પ્રશંસા કરે છે.

ભાજપના બીજા નેતાઓએ પણ આ મુદ્દે પોતાનું જ્ઞાન પ્રદર્શિત કરીને રાહુલ ગાંધી પર પ્રહાર કર્યા છે. આ પ્રહારો ભાજપના નેતાઓની હલકી માનસિકતા બતાવે છે. આફ્રિદીએ રાહુલનાં વખાણ કર્યાં તેના કારણે રાહુલ પાકિસ્તાનતરફી થઈ ગયા એવો દાવો એ વાતનો પુરાવો છે કે, ભાજપના કેટલાક નેતાઓમાં કોઈ પણ વાતને તોડીમરોડીને રજૂ કરવાની માનસિક વિકૃતિ છે અને તેમની દુનિયા રાહુલ ગાંધીથી આગળ વધતી જ નથી. ભાજપના નેતાઓની થિયરી પ્રમાણે તો નરેન્દ્ર મોદી પણ પાકિસ્તાનતરફી કહેવાય કેમ કે ઈમરાન ખાનથી માંડીને સાજિદ તરાર સુધીના સંખ્યાબંધ પાકિસ્તાનીઓ મોદીની પ્રસંશા કરી ચૂક્યા છે. પાકિસ્તાનની પ્રજા મોદીનાં વખાણ કરતી હોય એવા તો સંખ્યાબંધ વીડિયો ફરે છે. પાકિસ્તાનીઓ મોદીનાં વખાણ કરે એટલે મોદીની દેશભક્તિ શંકાસ્પદ થઈ જાય? બિલકુલ નહીં ને આ વાત રાહુલ ગાંધીને પણ લાગુ પડે જ છે.

ભાજપ રાહુલ ગાંધીને જે ધારાધોરણો લાગુ પાડે છે એ જ ધારાધોરણો લાગુ પાડવા જાય તો મોદી પણ ભારત વિરોધી થઈ જાય કેમ કે મોદી ભારતની મેથી મારવામાં કોઈ કસર નહીં છોડનારા ડોનલ્ડ ટ્રમ્પને પોતાના મિત્ર ગણાવે છે. ટ્રમ્પે પોતે ભારતના મિત્ર નથી એ વારંવાર સાબિત કર્યું છે છતાં મોદીએ બુધવારે પોતાના જન્મદિને ટ્રમ્પને પોતાના મિત્ર ગણાવ્યા. તેના કારણે મોદી ભારત વિરોધી થઈ ગયા?

ભાજપના નેતાઓએ થોડીક વિવેકબુદ્ધિ બતાવવાની જરૂર છે. દરેક વાતમાં હલકું રાજકારણ રમવા ના ઊતરી પડવાનું હોય ને દેશનું આંતરિક રાજકારણ અલગ વાત છે જ્યારે બહારનાં લોકોની વાત આવે ત્યારે દેશ આખો એક છે એ બતાવવાનું હોય છે એટલી સાદી સમજ કેળવવાની જરૂર છે. આફ્રિદી જેવા ટૂણિયાટોનાં નિવેદનોને આધારે આ દેશના એક જનપ્રતિનિધિ પર પાકિસ્તનતરફી હોવાનો કે પાકિસ્તાન તરફ વફાદારી હોવાનો સિક્કો લગાવી દેવો એ નીચતા કહેવાય. ભાજપના નેતાઓએ આ નીચતા છોડવાની જરૂર છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌરશરદઋતુ, ગુરુવાર, તા. ૧૮-૯-૨૦૨૫

- ભારતીય દિનાંક ૨૭, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ વદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ વદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૬મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર પુષ્ય સવારે ક. ૦૬-૩૩ સુધી, પછી આશ્લેષા
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૮, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૯, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ સવારે ક. ૧૦-૦૨, રાત્રે ક. ૨૨-૦૪
- ઓટઃ સાંજે ક. ૧૬-૨૬, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૪ (તા. ૧૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - દ્વાદશી. દ્વાદશી શ્રાદ્ધ, સંન્યાસીના મહાલય, રેંટિયા બારસ, ગુરુપુષ્યામૃતયોગ (વિવાહે વર્જ્ય), સૂર્યોદયથી ક. ૦૬-૩૩, સૂર્ય મહાનક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની, વાહન શિયાળ.
- મુહૂર્ત વિશેષઃ આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, સર્પદેવતાનું પૂજન, વ્યસન મુક્તિ, કુટેવના ઉપાયનો પ્રારંભ ઔષધ ઉપચાર, માલ વેંચવો, નિત્ય થતા સ્થાવર લેવડદેવડના કામકાજ, ખેતીવાડીના કામકાજ.
- શ્રાદ્ધ પર્વઃ બારસ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજરોજ કરવું જે બુદ્ધિબળમાં વૃદ્ધિ કરી વ્યક્તિને મેધાવી બનાવે છે. સંન્યાસીના શ્રાદ્ધ આજ રોજ કરવા, મનુષ્ય પંચતત્ત્વોથી બનેલ શરીર ધારણ કરીને પૃથ્વી પર જન્મ લે છે અને મનુષ્ય શરીર પંચતત્ત્વોમાં અંતે વિલીન થાય છે. શ્રાદ્ધ એ મૃતાત્માના જીવને રક્ષા અને મોક્ષ અપાવે છે.
- આચમનઃ બુધ-નેપ્ચૂન પ્રતિયુતિ અવ્યવહારું
- ખગોળ જ્યોતિષઃ બુધ-નેપ્ચૂન પ્રતિયુતિ (તા. ૧૯)
- ગ્રહગોચરઃ સૂર્ય કન્યા, મંગળ-તુલા, માર્ગી બુધ-કન્યા, ગુરુ-મિથુન, શુક્ર-સિંહ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# મોત સનાતન સત્યઃ સ્વામી અને સેવક સમાન

**હઝરત** શેખ સા'દી સાહેબના નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે.

આપ હઝરતની હિકાયત (વાર્તા-પ્રસંગો) મૂળ ફારસી ભાષામાં લખાયા છે પણ દુનિયાની ઘણી ખરી ભાષામાં તેના અનુવાદ થયા છે. ઘણાં રાજ્યોમાં તો આ હિકાયતો શાળા-કૉલેજનાં પાઠ્યપુસ્તકોમાં પણ સમાવેશ કરાયા છે. તેમાંનો એક પ્રસંગ આજના દૌરમાં માર્ગદર્શન આપનારો હોઈ, હિદાયત (માર્ગદર્શન) આપનારો બની રહેવા પામશે.

* અભિમાન
* અદેખાઈ
* લાલચ

- આ ત્રણેય બાબત ઈન્સાનના ચારિત્ર્યને ખંડિત કરનારી છે. જેમાં અભિમાન - તક્કબૂર એ તો માણસ માટે કાતિલ ઝેરનું કામ કરે છે. પછી એ અભિમાન ઈલ્મ (જ્ઞાન)નું હોય, માલનું કે ઈજ્જત આબરૂનું હોય, તક્કબુર દરેક રીતે નુકસાનકારક હોય છે. અત્રે આવી જ એક બાબત પર હઝરત શેખ સા'દીસાહેબે પ્રકાશ પાડ્યો છે જે વાંચવાથી હકીકત સમજમાં આવી જાય છે.

એક એકાંતવાસી દરવેશ (ફકીર) જંગલના એક ખૂણામાં રહેતો હતો. એવે વખતે એવું બન્યું કે સંજોગવસાત્ તે રાજ્યના બાદશાહ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. એ દરવેશને એકાંતવાસ અને સંતોષરૂપી જીવન પ્રાપ્ત થયું હોવાથી તેણે બાદશાહ સલામતને જોઈ મસ્તક (માથું) નમાવ્યું નહીં, ન કુરનીશ બજાવી. ટૂંકમાં બાદશાહની ખુશામત કરતો એવો કોઈ શિષ્ટાચાર સુધ્ધાં દર્શાવવાની દરકાર કરી નહીં.

બાદશાહને આ જોઈ ઘણું જ માઠું લાગ્યું. તેણે ક્રોધાવેશમાં કહ્યું કે આ ચિંથરેહાલ ફકીરો સભ્યતાની બાબતમાં છેક જ જંગલી જાનવર જેવા હોય છે. પછી બાદશાહના વજીરે ફકીરને પૂછ્યું કે, 'આ દેશનો બાદશાહ તારી સામે થઈને જવા છતાં તેં એમને આદરમાન કેમ આપ્યું નહીં? અરે, સાધારણ શિષ્ટાચાર સુધ્ધાં તે દાખવ્યા નહીં તેનું કારણ શું?'

ફકીરે જવાબમાં જણાવ્યું કે, 'બાદશાહને જણાવી દો કે તેની પાસેથી કંઈ પણ મેળવવાની જે શખસ આશા રાખતો હોય તેની પાસેથી જ તે ખુશામતની ઉમેદ રાખે અને એ પણ કહો કે બાદશાહ પ્રજાની સેવા માટે છે, કંઈ પ્રજા બાદશાહની સેવા માટે નથી. ચોકીદારોને માટે ગામ હોતું નથી પણ ગામને માટે જ ચોકીદાર હોય છે. મોતનો ફરિશ્તો આવીને ઊભો રહેશે તે સમયે સ્વામી અને સેવકમાં ભેદ નથી રહેવાનો. ગમે તે કબર ખોદીને જોશો તો તેમાંના હાડકાં અને માટી એમ કહી નહીં શકે કે આ અમીર છે અને આ ગરીબ છે.

દરવેશની વાતની બાદશાહ પર ઘણી અસર થઈ. બાદશાહે ફકીરને પૂછ્યું કે તમે શું ઈચ્છો છો? ફકીરે કહ્યું કે, કેવળ એટલું જ કે મને ફરી કદી તકલીફ આપવામાં ન આવે.

બાદશાહે કહ્યું, મને કોઈ ઉત્તમ ઉપદેશ આપો. દરવેશે કહ્યું, જ્યારે તમે તમારી શક્તિનો ઉપયોગ કરો ત્યારે એટલું ધ્યાનમાં જરૂર રાખજો કે ધન અને રાજ્ય, જેમ એકના હાથમાંથી બીજાના હાથમાં જેવું આવે છે તેવું છેવટે તો ચાલ્યું જ જાય છે. બાદશાહને હવે પોતાની અસલિયત નજરમાં આવી. તેને આજે 'નગ્ન સત્ય' જોવા તેમજ સાંભળવા મળ્યું, જેથી બાદશાહે ખુદાનો શુક્ર અદા કર્યો.

**બોધઃ** હઝરત શેખ સા'દી રહમતુલ્લાહ અલયહે થોડી વાતમાં ઘણી બાબતો સમજાવી દીધી. નસીહત કે દુનિયાની મત્તા, માલો-દૌલત, ઈજ્જત-આબરૂ, ખોટી શાનોસૌકત કંઈ જ કામનું નથી, પણ અલ્લાહતઆલા સાથેના સંબંધો એવા હોય છે કે જેમાં બંદાને બધું જ મળી રહે છે. જેની પાસે મનની શાંતિ, હૃદયમાં શ્રદ્ધા, સંતોષ હોય છે તેને દુનિયાની કોઈ પરવા નથી. ખુશામતને કોઈ સ્થાન નથી. જીવનની એજ તો સફળતા છે, જો સમજમાં આવે તો જ!

* * *

**દરિયાના મોતીઃ**

અસનાદ (સદા સત્ય ઉચ્ચારનાર) હઝરત મુહમ્મદ સાહેબ હંમેશાં લોકોને કહેતા કે

- કોઈ માણસ ઓછી અક્કલ - આવડતને કારણે પોતાનાં કામો સારી રીતે કરી શકતો ન હોય તો એવા શખસની મદદ અનેક રીતે કરી શકાય.

ઉદાહરણરૂપે તે કોઈ ચીજ ખરીદી રહ્યો હોય તો તેને માટે સારી ચીજવસ્તુ જોઈને ખરીદી આપવી.

- કોઈ વજનવાળી વસ્તુ ઊંચકવા ઈચ્છતો હોય, પણ ઊંચકી શકાતી ન હોય તો તેને મદદ કરવી.

- તેને કશા કામની આવડત, સૂઝ-સમજ પડતી ન હોય તો તેને સહાય કરવી અને તે બાબતની સમજ આપવી.

આપ કહો છો કે, જો તમે આવા વ્યવહાર, આચરણ દ્વારા જન્નત પામવાનો માર્ગ આસાન કરી શકો છો.

**સાપ્તાહિક સંદેશઃ**

જબ સે બની હય દુનિયા,
લાખો-કરોડો આયે,
બાકી રહા ન કોઈ,
મિટ્ટી મેં સબ સમાએ,
ઈસ બાત કો ન ભૂલો,
સબ કા યહી હશર હય,
દુનિયા કે અય મુસાફીર!
મંઝિલ તેરી કબર હય. ■

# છોટા રાજનના જામીન સુપ્રીમ કોર્ટે કર્યા રદ, સીબીઆઇની અપીલ સ્વીકારી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે બુધવારે મુંબઈમાં હોટલના વ્યવસાયી જયા શેટ્ટીની ૨૦૦૧માં થયેલી હત્યા કેસમાં ગેંગસ્ટર છોટા રાજનને મળેલા જામીન રદ કર્યા હતા. ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે સીબીઆઈની અપીલ સ્વીકારી હતી. ગયા વર્ષે બોમ્બે હાઈકોર્ટના ૨૩ ઓક્ટોબરના આદેશને પડકાર્યો, જેમાં રાજનની આજીવન કેદની સજાને સ્થગિત કરી હતી અને તેને જામીન આપવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે રાજન ૨૭ વર્ષથી ફરાર હતો અને ચાર કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. આવા વ્યક્તિની સજા શા માટે સ્થગિત કરવી જોઈએ?

રાજનના વકીલે દલીલ કરી હતી કે આ પુરાવા વિનાનો કેસ છે. તેમણે કહ્યું હતું કે ૭૧ કેસમાંથી સીબીઆઈને ૪૭ કેસોમાં રાજન સામે કોઈ પુરાવા મળ્યા નથી અને તપાસ એજન્સીએ તેને બંધ કરી દીધા છે. રાજનના વકીલે કહ્યું હતું કે તેને એક અલગ હત્યા કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

સીબીઆઈ તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુએ કહ્યું હતું કે હાઈકોર્ટે આ કેસમાં રાજનની આજીવન કેદની સજાને સ્થગિત કરી દીધી છે. બેન્ચે કહ્યું હતું કે, અમે આ કેસમાં તેના જામીન રદ કરીશું. જ્યારે રાજનના વકીલે દલીલ કરી કે આ પુરાવા વિનાનો કેસ છે, ત્યારે બેન્ચે કહ્યું હતું કે, તમારું નામ જ મોટું છે. જ્યારે રાજનના વકીલે કહ્યું હતું કે તેને અનેક કેસોમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે ત્યારે બેન્ચે કહ્યું કે તેને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે કારણ કે સાક્ષીઓ હાજર થયા નથી.

બેન્ચે હાઇકોર્ટના આદેશને પડકારતી સીબીઆઈની અપીલ સ્વીકારી અને તેના જામીન રદ કર્યા હતા. બેન્ચે કહ્યું હતું કે રાજન પહેલાથી જ બીજા કેસમાં સજા ભોગવી રહ્યો છે. નોંધનીય છે કે મે,૨૦૨૪માં વિશેષ અદાલતે રાજનને એક હોટલ માલિકની હત્યાના કેસમાં દોષિત ઠેરવ્યો અને તેને આજીવન કેદની સજા ફટકારી હતી. રાજને તેની સજા સામે હાઇકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. તેણે તેની સજા સ્થગિત કરવા અને વચગાળાના જામીનની પણ માંગ કરી હતી.

મધ્ય મુંબઈના ગામદેવીમાં ગોલ્ડન ક્રાઉન હોટલના માલિક શેટ્ટીની ૪ મે, ૨૦૦૧ના રોજ હોટલના પહેલા માળે રાજન ગેંગના બે કથિત સભ્યો દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે શેટ્ટીને છોટા રાજન ગેંગના સભ્ય હેમંત પૂજારી તરફથી ખંડણીના ફોન આવ્યા હતા અને પૈસા ન આપતા તેની હત્યા કરવામાં આવી હતી. રાજન પહેલાથી જ સિનિયર ક્રાઇમ રિપોર્ટર જે ડેની હત્યાના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### પાકિસ્તાનનો

સાથે હાથ નહિ મિલાવતા પાકિસ્તાન માટે નીચાજોણું થયું હતું. પાકિસ્તાને આ ઘટના માટે પાયક્રૉફ્ટને જવાબદાર ગણાવ્યા હતા.

પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે આક્ષેપ કર્યો હતો કે પાયક્રૉફ્ટે સલમાનને સૂર્યકુમારની સાથે હસ્તધૂનન નહિ કરવા અને બન્ને સુકાનીને ટીમ શીટ્સની આપલે નહિ કરવા સૂચના આપી હતી. ભારતીય ક્રિકેટરોએ મૅચના અંતે પણ પાકિસ્તાની ખેલાડીઓની સાથે હાથ નહોતા મિલાવ્યા. ભારતીય ખેલાડીઓએ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ત્રાસવાદીઓના હુમલામાં માર્યા ગયેલા નિર્દોષ લોકોના પરિવારોના સભ્યો સાથેની એકતા દર્શાવવા પાકિસ્તાનના ક્રિકેટરોની સાથે હસ્તધૂનન નહોતું કર્યું.

પાયક્રૉફ્ટને રેફરી તરીકે દૂર કરવાની પાકિસ્તાનની બીજી વખતની માગણી પણ આઇસીસી દ્વારા નકારાતા પાકિસ્તાનની ટીમ દુબઈની ગ્રોસવેનર હૉટેલમાંથી નહોતી. પાકિસ્તાની ટીમ જો આ ટુર્નામેન્ટ ન રમે તો તેણે ૧.૬ કરોડ ડૉલર ગુમાવવા પડે એમ હતું. મોહસિન નક્વીએ આ કિસ્સામાં પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડના બે ભૂતપૂર્વ ચેરમેન - રમીઝ રાજા અને નજમ સેઠીની સલાહ પણ લીધી હતી. (એજન્સી)■

### જીએસટીમાં ઘટાડાથી

ફક્ત બે સ્લેબ (પાંચ ટકા અને ૧૮ ટકા) છે અને આને લીધે અર્થતંત્રમાં બે લાખ કરોડ રેડાશે. લોકોના હાથમાં રોકડ રહેશે.

એનડીએ સરકારે જીએસટીમાં સુધારા કરતી વખતે પાંચ ફિલ્ટર- ગરીબ અને મધ્યમ વર્ગ માટે દરમાં ઘટાડો, મધ્યમ વર્ગની ઈચ્છાને સંતોષવી, ખેડૂત આલમને ફાયદો કરાવવો, એમએસએમઈ અને જે ક્ષેત્રો રોજગાર આપે અને નિકાસની સંભાવના ધરાવતા હોય એની તરફેણ કરવી -રાખવામાં આવ્યા હતા.

પ્રધાને કહ્યું હતું કે જીએસટીની આવક ૨૦૧૮ના (નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮) ૭.૧૯ લાખ કરોડથી વધીને ૨૦૨૫માં ૨૨.૦૮ લાખ કરોડ થઈ હતી. કરદાતાની સંખ્યા અગાઉના ૬૫ લાખથી વધીને ૧.૫૧ કરોડ થઈ છે. સીતારમણે કહ્યું હતું કે જીએસટી કાઉન્સિલ સહકારી સંઘીય ઢાંચાનો મુખ્ય દાખલો છે અને આ એક માત્ર બંધારણીય સંસ્થા છે જેની સ્થાપના આઝાદી પછી કરવામાં આવી છે. (એજન્સી)■

### જન્મદિવસની શુભેચ્છા

કરે છે. ટ્રમ્પે આપેલી શુભેચ્છાઓ અંગે પોસ્ટ કરતા પીએમ મોદીએ એક્સ પર લખ્યું કે, મારા ૭૫મા જન્મ દિવસ પર ફોન પર કરીને મને શુભેચ્છાઓ આપવા માટે આભાર મારા મિત્ર પ્રમુખ ટ્રમ્પ. તમારી જેમ હું પણ ભારત અને અમેરિકા વચ્ચેની વ્યાપક અને વૈશ્વિક ભાગીદારીને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છું. અમે યુક્રેન યુદ્ધમાં શાંતિપૂર્ણ સમાધાનની દિશામાં તમારી પહેલને સમર્થન આપીએ છીએ.

પીએમ મોદીને ફોન કરીને જન્મ દિવસની શુભેચ્છાઓ આપ્યાં બાદ ટ્રમ્પે સોશ્યલ મીડિયામાં પોસ્ટ કરી હતી. તેમાં લખ્યું કે, હમણાં જ મારા મિત્ર ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન પર સારી વાત થઈ. મે તેમને જન્મ દિવસની ખૂબ સારી શુભેચ્છાઓ આપી હતી. તેઓ ખૂબ જ સારું કામ કરી રહ્યાં છે. તેઓ રશિયા અને યુક્રેન યુદ્ધને પૂર્ણ કરવા માટે પોતાનું સમર્થન આપ્યું તે માટે તેમનો આભાર. ■

### પાકિસ્તાનને ઘૂંટણિયે

કમાંડર દ્વારા ભારતીય સશસ્ત્ર દળના પરાક્રમની વાત વર્ણવતી વીડિયો ક્લિપિંગ્સ તાજેતરમાં બહાર આવી હતી અને વાઇરલ થઇ હતી.

મોદીએ જણાવ્યું હતું કે હાલમાં 'નવું ભારત' છે અને કોઇની પણ અણુબૉમ્બની ધમકીથી ડરતું નથી. ભારતના બહાદુર સૈનિકો દુશ્મનોને ઘરમાં જઇને મારે છે. ત્રાસવાદીઓએ આપણી બહેનો અને દીકરીઓનું સિંદૂર ઉજાડ્યું હતું અને તેને લીધે આપણે ત્રાસવાદીઓની છાવણીઓનો નાશ કર્યો હતો. તેમણે જનતાને 'સ્વદેશી સામાન' જ ખરીદવાનો આગ્રહ રાખવા વિનંતિ કરતા જણાવ્યું હતું કે હું દેશના ૧.૪ અબજ નાગરિકોને સ્વદેશમાં જ બનેલી ચીજો ખરીદવા અનુરોધ કરું છું. 'મેઇડ ઇન ઇન્ડિયા' સામાન જ વેચતી દુકાનોએ પોતાને ત્યાં 'ગર્વ સે કહો યહ સ્વદેશી હૈ'નું બૉર્ડ લગાવવું જોઇએ. (એજન્સી)■

### ભારત ૧૪ રાફેલ

કિંમત બે લાખ કરોડ રૂપિયાથી વધારે છે. આમાં ૬૦ ટકાથી વધારે સ્વદેશી સામાન હશે. ફ્રાન્સની કંપની દસોલ્ટ એવિયેશન ભારતની કંપનીઓ સાથે મળીને આને બનાવશે. હાલમાં ભારત પાસે ૩૬ રાફેલ જેટ્સ છે જે ૨૦૧૬ના સોદા પછી મળ્યા હતા. નૌકાદળ માટે બીજા ૩૬નો ઓર્ડર આપેલો છે જો આ ફાઈટર મળશે તો ભારત પાસે રાફેલ ૧૭૬ થઈ જશે. રાફેલે ઑપરેશન સિંદૂરમાં સારી કામગીરી બજાવીને ચીનના પીએલ-૧૫ મિસાઈલોને તોડી પાડી હતી. આ નવા જેટ્સ લાંબા અંતરના એર ટુ ગ્રાઉન્ડ મિસાઈલથી સજ્જ છે.

પ્રસ્તાવ સંરક્ષણ મંત્રાલયના વિવિધ વિભાગો જેવા કે ડીફેન્સ ફાઈનાન્સમાં વિચારાધીન છે. વહેલી તકે પ્રોક્યોરમેન્ટ બોર્ડ અને ડિફેન્સ એક્ઝિબિશન કાઉન્સિલમાં ચર્ચા થશે. ડીએસીનૌ 'એક્સેપ્ટન્સ ઑફ નેસેસીટી મળ્યા બાદ ઔપચારિક વાતચીત શરૂ થશે. આગામી ૧૮ મહિનામાં એક સ્ક્વોડ્રન મળી શકે.

એન્જિનો માટે મેન્ટેનન્સ, રિપેર અને ઑવરહોલ સુવિધા પણ બનાવવામાં આવશે. આ સોદો મલ્ટી-રોલ ફાઈટર એરક્રાફ્ટ્સ પ્રોગ્રામ હેઠળ ગવર્નમેન્ટ ટુ ગવર્નમેન્ટ તરીકે થશે. ■

### કૉંગ્રેસને

દૂર કરવાનો નિર્દેશ આપ્યો છે. ૧૦ સપ્ટેમ્બરના રોજ બિહારના કોંગ્રેસ યુનિટે સોશ્યલ મીડિયા પર ૩૬ સેકન્ડ લાંબો એક (એઆઈ) જનરેટેડ વિડીયો પોસ્ટ કર્યો હતો. જેમાં જોવા મળે છે કે વડાપ્રધાન મોદી ઊંઘી રહ્યા છે, ત્યારે તેમના સ્વર્ગસ્થ માતા હીરાબા તેમના સપનામાં આવે છે અને કથિત વોટ ચોરી મામલે વડા પ્રધાન મોદીની ટીકા કરે છે. જેનાથી વડાપ્રધાન મોદીની ઊંઘ ઊડી જાય છે.

આ વિડીયો શેર થયા બાદ વિવાદ સર્જાયો હતો. ભાજપ અને એનડીએના ઘટક સાથી પક્ષોએ આ વિડીયોને વખોડી કાઢ્યો હતો. ચૂંટણી પ્રચાર માટે વડાપ્રધાનના સ્વર્ગસ્થ માતાનો એઆઈ જનરેટેડ વિડીયો બનાવવા બદલ કોંગ્રેસની આકરા શબ્દોમાં ટીકા કરવામાં આવી. ■

### કર્ણાટકમાં બૅંકમાંથી

ખોલાવવા માગતા હોવાનું જણાવી મુખવટો ધારણ કરેલી ત્રણ વ્યક્તિ બૅંકમાં પ્રવેશી હતી. આ ત્રણેએ બૅંકના મેનેજર, કેશિયર અને અન્ય કર્મચારીઓને પિસ્તોલ અને ચાકુ દેખાડી ધમકી આપી હતી. આ ત્રણેએ બૅંકના કર્મચારીઓનાં હાથ અને પગ બાંધી દીધા હતા.

લૂંટારાઓ એક કરોડ રૂપિયા રોકડા અને અંદાજે ૨૦ કરોડ રૂપિયાનાં મૂલ્યનું ૨૦ કિલો સોનું લઈને નાસી છૂટ્યા હતા.

બૅંક મેનેજરે કરેલી ફરિયાદને આધારે ઘટનાને મામલે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને લૂંટારાઓને પકડી પાડવા વિશેષ ટુકડીની રચના કરવામાં આવી હતી.

પ્રાથમિક તપાસ મુજબ લૂંટારાઓએ લૂંટ માટે બનાવટી નંબર પ્લેટ ધરાવતા સૂઝૂકી ઈવીએ વાહનનો ઉપયોગ કર્યો હતો.

ઘટનાને અંજામ આપ્યા બાદ લૂંટારાઓ મહારાષ્ટ્રના પંઢરપુર તરફ ગયા હતા.

ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે સાવચેતીનાં તમામ પગલાં લેવાનો મુખ્ય પ્રધાન સિદ્ધરામૈયાએ પોલીસને આદેશ આપ્યો હતો. (એજન્સી)■

### ખેતરમાંનું નીંદામણ

ગણાય અને તેઓએ ઉગાડેલું અનાજ આપણને ખાવા મળે છે, પરંતુ તેનો અર્થ એવો નથી થતો કે જો ખેડૂતો પ્રદૂષણ ફેલાવે તો તે ચલાવી લેવું. જો આવા ખેડૂતોને પકડીને જેલમાં નાખીશું અને દંડ કરીશું, તો જ બીજા ખેડૂતો પ્રદૂષણ ફેલાવતા ડરશે.

દેશના મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે મેં કોઇ અખબારોમાં વાંચ્યું હતું કે નીંદામણનો ઉપયોગ જૈવિક-ઇંધણ (બાયોફ્યૂઅલ) તરીકે થઇ શકે છે અને તેથી તેનો ઉપયોગ ઇંધણ બનાવવા માટે કરવો જોઇએ. પંજાબ સરકાર નીંદામણ સળગાવતા ખેડૂતો સામે કાર્યવાહી નથી કરતી અને અન્ય રાજ્યો જેવાં કે હરિયાણા, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને દિલ્હીના ખેડૂતો પણ આગામી વાવણીની મોસમ માટે ખેતરને સાફ કરવા નીંદામણ સળગાવવા લાગ્યા છે. (એજન્સી)■

# સુરત શહેરમાં માત્ર બે કલાકમાં જ ત્રણ ઈંચ વરસાદ, માર્ગો જળબંબાકાર થતાં ટ્રાફિક જેમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી હતી અને આગાહી મુજબ જ સુરતમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી હતી. માત્ર બે કલાકમાં જ ત્રણ ઇંચથી વધુ વરસાદ પડતા શહેરના નીચાણવાળા વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાયા હતા. ૧૭ ફેબ્રુઆરી બુધવારે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ઓલપાડમાં ૮ મિ.મી., માંગરોળમાં ૪૫ મિ.મી., ઉમરપાડામાં ૨૯ મિ.મી., કામરેજમાં ૫૩ મિ.મી., સુરત શહેરમાં ૩૨ મિ.મી., ચોરાસીમાં ૩૩ મિ.મી., પલસાણા અને બારડોલીમાં ૨ મિ.મી. અને મહુવામાં ૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

શહેરમાં અચાનક શરૂ થયેલા આ ધોધમાર વરસાદને કારણે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. વેસુ, અઠવા, અડાજણ, કતારગામ અને વરાછા જેવા મુખ્ય વિસ્તારોના માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. રોડ પર પાણી ભરાઈ જતા વાહન ચાલકોને પણ હાલાકી ભોગવવી પડી હતી. લોકોના મોપેડ, બાઈક રક્ષિા જેવા વાહનો પાણીમાં બંધ પડી ગયા હતા.

વરસાદની સાથે જ વિઝિબિલિટી એટલે કે દશ્યતા પણ ઘટી ગઈ હતી, જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ઘણા વાહનો પાણી ભરાવાને કારણે બંધ પડી ગયા હતા. જેના પરિણામે લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. કામકાજ માટે બહાર નીકળેલા લોકો પણ રસ્તામાં જ અટવાઈ ગયા હતા. ટ્રાફિકજામના દ્રશ્યો ઠેર-ઠેર જોવા મળ્યા હતા અને ભારે વરસાદને કારણે સામાન્ય જનજીવનને પણ અસર થઈ હતી. સુરત સિવિલ હોસ્પિટલમાં સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફિસની બહાર અને જૂના ટ્રોમા સેન્ટરની બહાર પાણી ભરાવાના કારણે સિવિલ હોસ્પિટલના દર્દીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. યોગ્ય નિકાલ ન હોવાના કારણે આ પાણીનો ભરાવો થઈ ગયો હતો. સામાન્ય વરસાદમાં પણ રસ્તાઓ પર પાણી ભરાઈ જવાથી 'નદીઓ વહેતી હોય' તેવા દ્રશ્યો સર્જાયા હતા. ■

# ગુજરાતમાં ૭૫ સ્થળે મેદસ્વિતા નિવારણ 'યોગ કેમ્પ'નો હર્ષ સંઘવીએ શુભારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મ દિવસ નિમિત્તે રાજ્યભરમાં વિવિધ ૭૫ સ્થળોએ મેદસ્વિતા નિવારણ 'યોગ કેમ્પ'નો ગાંધીનગર ખાતેથી ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ ભવ્ય શુભારંભ કરાવ્યો હતો.

રાજ્યવ્યાપી યોગ કેમ્પનો શુભારંભ કરતાં યુવા સાંસ્કૃતિક, રમત-ગમત અને ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આજે વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસના અવસરે કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી અલગ અલગ સામાજિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ તેમજ નાના નાના ગ્રુપ દ્વારા વડા પ્રધાનના જન્મ દિવસને ખાસ રીતે મનાવવામાં આવી રહ્યો છે. જે કદાચ દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના ઇતિહાસમાં એવો કાર્યક્રમ બનશે, જેમાં કોઈ રાજનેતાના જન્મ દિવસે અનેક સામાજિક કાર્યક્રમો થકી લાખો ચહેરાઓ પર ખુશી આવશે.

ગૃહ રાજ્ય પ્રધાન સંઘવીએ યોગ બોર્ડ દ્વારા વડા પ્રધાનના જન્મ દિવસથી તા. ૧૭ ઓક્ટોબર સુધી આયોજિત પ્રથમ તબક્કાના ૭૫ કેમ્પમાં પ્રત્યેક કેમ્પ દીઠ ૧૦૦થી વધુ એટલે કે ૭,૫૦૦થી વધારે નાગરિકોને ભાગ લેવા અનુરોધ કર્યો હતો. આ કેમ્પમાં માત્ર યોગ જ નહીં પરંતુ નિરોગી શરીર માટે ડાયટ પ્લાન, આયુર્વેદનો ઉપયોગ જેવા વિવિધ વિષયો પર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન પણ આપવામાં આવશે. જેના પરિણામે વડા પ્રધાનશ્રીના મેદસ્વિતા મુક્ત અભિયાનના સંકલ્પને સાકાર કરવામાં આવશે

હર્ષ સંઘવીએ ઉમેર્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિત્તે આજે દેશભરમાં અનેક સેવાભાવી સંસ્થાઓ દ્વારા વિનામૂલ્યે આંખનું ઓપરેશન, હાર્ટનું ઓપરેશન, ગરીબ બાળકો માટે સ્કૂલ ફીની વ્યવસ્થા જેવા અનેક માનવતાનાં કાર્યો કરવામાં આવી રહ્યાં છે. વધુમાં, અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે એક લાખ નાગરિકોએ બ્લડ ડોનેશનનો સંકલ્પ લીધો છે તેમજ તેરાપંથ યુવક પરિષદ દ્વારા પણ મોટી સંખ્યામાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તદુપરાંત ૫૭ હજાર જેટલા કર્મચારીઓએ પણ વડા પ્રધાનના જન્મદિવસના આગળના દિવસે એક દિવસની અંદર મોટા પ્રમાણમાં બ્લડ ડોનેશન કરીને ઇતિહાસ રચ્યો છે. ■

# હર્ષ સંઘવીએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે 'રક્તદાન અમૃત મહોત્સવ ૨.0' થીમ હેઠળ આયોજિત વિશ્વના સૌથી મોટા 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ'નું ઉદ્ઘાટન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫મા જન્મદિવસના અવસર પર તેમજ અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદના પોતાના ૬૧મા સ્થાપના દિવસ નિમિત્તે અમદાવાદ ખાતે આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે 'રક્તદાન અમૃત મહોત્સવ ૨.૦' થીમ અંતર્ગત આયોજિત વિશ્વના સૌથી મોટા 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ' નું ઉદ્ઘાટન કર્યું હતું.

આ અવસરે ગૃહરાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસના અવસર પર અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા 'રક્તદાન અમૃત મહોત્સવ-૨.૦' અંતર્ગત અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે વિશ્વના સૌથી મોટા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. મોદીજીના 'સેવા પરમો ધર્મ'ના વિઝનથી પ્રેરિત આ ઐતિહાસિક પહેલ માનવતા પ્રત્યે કરુણા અને સામૂહિક જવાબદારીની ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રક્તદાન માત્ર જીવન બચાવવા માટે નથી તે સમુદાયોને મજબૂત કરવા અને તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ કરવા માટે પણ છે. આ કાર્યક્રમ થકી કરોડો લોકોને નવી પ્રેરણા પણ મળી રહી છે. આપણે ઘણા મોટા નેતાઓનો જન્મદિવસ મોટી કેક કાપતા કે પછી હાર પહેરાવતાં જ જોયો છે, પરંતુ મોદીજીના શાસનમાં આ બધું જાણે કે બદલાઈ ગયું હોય એમ એમનો જન્મદિવસ લાખો કરોડો લોકો માટે હસવાનું તેમજ ચહેરા ઉપર ખુશીનું કારણ બન્યું છે. વધુમાં ઉમેર્યું કે, દેશના વડા પ્રધાન માટે કોઈ સમાજ તેમજ સંસ્થા દ્વારા આટલા મોટા પાયા પર બ્લડ ડોનેશનનું આયોજન કરવામાં આવ્યું એ ખૂબ સરાહનીય છે.

આ અવસરે ગૃહરાજ્યપ્રધાનએ આ ઉમદા કાર્યને તેમજ ભવ્ય સફળતા અપાવવા માટે એક સાથે આવી રહેલા તમામ આયોજકો અને હજારો રક્તદાતાઓનો આભાર વ્યક્ત પણ કર્યો હતો. તેમજ હર્ષ સંઘવીએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આયોજિત 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ'ની મુલાકાત પણ લીધી હતી. અત્રે ઉલ્લેનીય છે કે આ અભિયાન અંતગર્ત ૭૫ દેશોમાં ૭૫૦૦થી વધુ રક્તદાન કેમ્પ આયોજિત કરવામાં આવ્યા છે, જેમાં ૩ લાખ યુનિટ રક્ત એકત્રિત કરવાનું લક્ષ્ય છે. આ પ્રસંગે અખીલ ભારતીય તેરાપંથ યુવક પરિષદના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ■

# મુખ્ય પ્રધાને અમદાવાદમાં 'નમો અમૃત મહા આરોગ્ય શિબિર'ની મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫મા જન્મદિવસની ઉજવણી નિમિત્તે, ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજિત ''નમો અમૃત મહા આરોગ્ય શિબિર''ની મુલાકાત લઈને દિવ્યાંગોને સાધન સહાય કીટનું વિતરણ કર્યું હતું.

આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોને વિનામૂલ્યે આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનો હતો. શિબિરમાં વિવિધ પ્રકારના મેડિકલ હેલ્થ ચેકઅપ અને સારવારની સુવિધા ઉપલબ્ધ હતી. જેમાં ટી.બી. માટે નિઃશુલ્ક સ્ક્રીનિંગ, ટેસ્ટ અને સંકલિત સારવાર, ટી.બી. પ્રભાવિત પરિવારો માટે પૌષ્ટિક કીટનું વિતરણ, એનિમિયા અને સિકલ સેલ માટે સ્ક્રીનિંગ અને માર્ગદર્શન, સ્તન અને ગર્ભાશયના કેન્સરની તપાસ, સામાન્ય આરોગ્ય ચકાસણી અને આવશ્યક દવાઓનું વિતરણનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આંખની તપાસ અને નિઃશુલ્ક ચશ્માનું વિતરણ જેવી આરોગ્ય સુવિધાઓમાં આપવામાં આવી હતી.

આ અવસરે અમદાવાદ શહેર મેયર પ્રતિભા બહેન જૈન, સાંસદ દિનેશ મકવાણા (અમદાવાદ પશ્ચિમ), ધારાસભ્ય અમુલ ભટ્ટ (મણીનગર), દર્શના બહેન વાઘેલા, હસમુખ પટેલ, અમદાવાદ મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ■

# બહુચરાજીને નગરપાલિકાનો દરજ્જો મળ્યો, ગુજરાત સરકારે બહાર પાડ્યું જાહેરનામું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના સુપ્રસિદ્ધ યાત્રાધામ અને હજારો શ્રદ્ધાળુઓના આસ્થાના કેન્દ્ર બહુચરાજીને હવે ગ્રામ પંચાયતમાંથી નગરપાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો હતો. રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા આ અંગેનું સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું.

મહેસાણા જિલ્લામાં આવેલા બેચર-બહુચરાજી ગ્રામ પંચાયતના સ્થાનિક વિસ્તારને હવેથી નાના શહેરી વિસ્તાર તરીકે ઘોષિત કરવામાં આવ્યો હતો. આ નિર્ણયની સાથે જ બહુચરાજી હવેથી 'બેચર-બહુચરાજી મ્યુનિસિપાલિટી' તરીકે ઓળખાશે અને કાર્યરત થશે.

શહેરી વિકાસ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન અનુસાર, 'ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એક્ટ, (૧૯૬૪નો ગુજરાત ૩૪) ૧૯૬૩'ની કલમ ૫(૨) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને રાજ્ય સરકારે આ મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. આ જાહેરનામું ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫થી અમલમાં આવ્યું છે.

જાહેરનામામાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે બેચર-બહુચરાજી નગરપાલિકાના સ્થાનિક વિસ્તારમાં આવેલી સરકારી જમીનોનો સમાવેશ નગરપાલિકામાં કરવામાં આવશે નહીં, તે રાજ્ય સરકાર હસ્તક જ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, યાત્રાધામના ધાર્મિક અને આર્થિક મહત્ત્વને ધ્યાનમાં રાખીને સુનિયોજિત વિકાસ માટે રાજ્ય સરકારે ઓક્ટોબર ૨૦૨૩માં 'બેચરાજી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (બીએડીએ)'ની રચના કરી હતી. બહુચરાજીને નગરપાલિકાનો દરજ્જો આપવાનો નિર્ણય એ દિશામાં એક મહત્ત્વનું પગલું માનવામાં આવે છે. આ નિર્ણયથી સ્થાનિક સ્તરે વિકાસ કાર્યોને વધુ વેગ મળશે અને નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ થશે. ■

# બાળકો મોબાઈલથી હિંસા શીખે છેઃ હાઈ કોર્ટની ટિપ્પણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યા મુદ્દે હાઇ કોર્ટમાં સુનાવણી થઈ હતી. આ મામલે ડીઈઓએ સ્કૂલને નોટિસ આપી હતી. જેને લઇ સ્કૂલ હાઇ કોર્ટમાં પહોંચી હતી. જોકે હાઇ કોર્ટે સ્કૂલને તપાસમાં ખાતરી આપવા જણાવ્યું હતું. કોર્ટ સુનાવણી દરમિયાન મહત્ત્વની ટિપ્પણી કરતાં કહ્યું કે, બાળકો મોબાઇલથી હિંસા શીખે છે.

કોર્ટે પૂછ્યું હતું કે સેવન્થ ડે સ્કૂલમાં આરટીઈના વિદ્યાર્થી અથવા સ્કોલરશિપ ઉપર ભણતા વિદ્યાર્થીઓ છે? જેના જવાબમાં સરકારી વકીલે જણાવ્યું હતું કે છેલ્લાં બે વર્ષથી આ સ્કૂલમાં આરટીઈ નિયમો પાળવા પ્રયત્ન કરાઈ રહ્યા છે, પણ સફળતા મળી નથી. સ્કૂલે કહ્યું હતું કે મૃતક વિદ્યાર્થીની યાદમાં સ્કૂલે સ્કોલરશિપની જાહેરાત કરી છે. કોર્ટે સૂચન કર્યું હતું કે સ્કૂલમાં ૧૦ ટકા બાળકોને મૃતકની યાદમાં આરટીઈની જેમ એડમિશન આપવામાં આવે. આ મુદ્દે વધુ સુનાવણી ૨૪ સપ્ટેમ્બરે યોજાશે.

આ સુનાવણીમાં મૃતક વિદ્યાર્થીના વાલી વતી વકીલે આ સુનાવણીમાં જોડાવા માગ કરી હતી. જેમાં કોર્ટે કહ્યું હતું કે કોર્ટને તેમનાથી પૂરી હમદર્દી છે. આવું કોઈ પણ વાલી સાથે થવું જોઈએ નહીં. પરંતુ શાળાના૧૦ હજાર બાળકોના ભવિષ્યને અનિશ્ચિતતામાં મૂકી શકાય નહીં. આરોપીને ઝડપી લેવાયા છે, તેમની સામે કાયદા અનુસાર પગલાં લેવાશે.

અમદાવાદમાં ૧૯ ઓગસ્ટે ખોખરાની સેવન્થ ડે સ્કૂલમાં ધક્કામુક્કી જેવી નજીવી બાબતમાં ધો-૧૦ના વિદ્યાર્થીએ ધો-૧૦ના સ્ટુડન્ટને છરી મારી દીધી હતી. જેના કારણે વિદ્યાર્થીએ જીવ ગુમાવ્યો હતો. ■

# કાલુપુર સ્વામિનારાયણ મંદિરના વ્રજેન્દ્ર પ્રસાદે નોંધાવેલી ફરિયાદ હાઈ કોર્ટે રદ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કાલુપુર સ્વામિનારાયણ મંદિરના વ્રજેન્દ્ર પ્રસાદ દ્વારા ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ હાઇ કોર્ટે રદ કરી હતી. આ મામલે બંને પરિવારો વચ્ચે સમાધાન થઇ ગયાની રજૂઆત કરવામાં આવતાં હાઇ કોર્ટે ફરિયાદ રદ કરવાનો નિર્ણય કર્યો હતો.

ગત ઓગસ્ટ મહિનામાં કાલુપુર સ્વામિનારાયણ મંદિરના વ્રજેન્દ્ર પ્રસાદ પાંડે દ્વારા ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં અલ્હાબાદમાં રહેતાં તેમની પત્ની અને સાસરિયાઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેમાં એવો આક્ષેપ કર્યો હતો કે તેમની પત્ની સંપૂર્ણ સ્ત્રી નથી. છતાં ફરિયાદી સાથે લગ્ન કરીને તેમની સાથે વિશ્વાસઘાત કર્યો છે, તે લેસ્બિયન છે. જેને હનીમૂનમાં ફરિયાદીને સફેદ પાઉડર જેવું કેફી દ્રવ્ય ખોરાકમાં પીવડાવીને રૂ.૧૧ લાખ પડાવી લીધા હતા. સાસરિયાઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ફરિયાદ રદ કરવા આરોપીઓએ હાઇ કોર્ટમાં અરજી કરી હતી. જેમાં ફરિયાદીના વકીલે જણાવ્યું હતું કે બંને પરિવાર વચ્ચે સમાધાન થયું છે. તેથી આ ફરિયાદ રદ કરવામાં આવી હતી.

આ સમગ્ર કેસની વિગત એવી છે કે વ્રજેન્દ્ર પ્રસાદે ફરિયાદમાં લખાવ્યું હતું કે તેમના દાદા અમદાવાદના નારણપુરા ખાતે આવેલા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં બેસતા હતા. જ્યાં તેમની મુલાકાત શશિકાંત તિવારી સાથે થઈ હતી. તેઓએ પોતાની ઓળખાણ ઉત્તર પ્રદેશના બ્રહ્મ સમાજના પ્રમુખ તરીકે આપી હતી. તેઓએ ફરિયાદીના લગ્ન ઉત્તર પ્રદેશમાં રહેતા અજયશંકર શુક્લની દીકરી અવંતિકા સાથે કરવા માટેનો પ્રસ્તાવ મુક્યો હતો. જેને બંને પરિવારોએ સ્વીકાર કરીને વર્ષ ૨૦૨૪ માં પ્રયાગરાજ ખાતે સગાઈ કરવામાં આવી હતી. જેના ત્રણ મહિના બાદ લગ્ન કરવામાં આવ્યાં હતાં.

સમય જતાં પતિ-પત્ની વચ્ચે અનેક બાબતે અણબનાવ અને ઝઘડા થવા લાગ્યા હતા. એક તબક્કે વ્રજેન્દ્ર પ્રસાદના પરિવારે સ્ત્રી ધન પાછું આપી દીધું હતું. ■

# મગફળીનું ટેકાના ભાવે ખરીદીનું રજિસ્ટ્રેશન રદ થયાના એસએમએસ ફરતા થયા બાદ સરકારે કરી સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારે મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરી હતી. આ માટે ખેડૂતોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું હતું. પરંતુ કેટલાક ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ તેમનું રજિસ્ટ્રેશન રદ થયાના એસએમએસ આવ્યા હતા. જેને લઈ ખેડૂતોમાં ચિંતા વ્યાપી હતી. આ અંગે સરકાર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી. ખેડૂતોને ખાતરી આપતા કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્માએ કહ્યું કે, નોંધણી દરમિયાન ખેડૂતોએ દર્શાવિલા સર્વે નંબરમાં મગફળીનું વાવેતર કર્યું હોય, તેમ છતાં પણ આવો એસએમએસ મળ્યો હોય, તેવા ખેડૂત મિત્રોએ કોઇપણ ચિંતા કર્યા વગર વહેલામાં વહેલી તકે ગ્રામસેવકને રજૂઆત કરીને પાક અને સર્વે નંબરનું વેરિફિકેશન કરાવી લેવાનું રહેશે. ખેતી નિયામકની કચેરી દ્વારા આવા તમામ સર્વે નંબરની યાદી જિલ્લા કક્ષાએ મોકલી આપવામાં આવી છે.

આ ઉપરાંત ખેડૂત મિત્રો ગામના સર્વેયરનો સંપર્ક કરીને નોંધણીમાં દર્શાવિલ સર્વે નંબરનો ડિજિટલ ક્રોપ સર્વે પણ કરાવી શકશે. ખેડૂતો પાસે પોતાના ફોનના પ્લેસ્ટોરમાંથી ડિજિટલ ક્રોપ સર્વે-ગુજરાત એપ્લિકેશન ડાઉનલોડ કરીને જાતે પણ ડિજિટલ ક્રોપ સર્વે કરવાનો વિકલ્પ ઉપલબ્ધ છે. ખેડૂતો ફોનના માધ્યમથી જાતે જ ડિજિટલ ક્રોપ સર્વે કરી શકે, તે માટે બાઈસેગની વંદે ગુજરાત ચેનલ મારફત કૃષિ વિભાગ દ્વારા તાલીમ પણ આપવામાં આવશે, જેનો મહત્તમ ખેડૂતોને લાભ લેવા તેમણે અનુરોધ કર્યો હતો.

ખેડૂતોએ જે સર્વે નંબરમાં મગફળીનું વાવેતર કર્યું હોય, તેનો એક જીઓ ટેગ્ડ ફોટો લઇને પોતાના પાસે આધાર પૂરાવા તરીકે રાખવાનો અનુરોધ કરતા કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્માએ કહ્યું હતું કે, જે ખેડૂતોએ નોંધણી કરાવેલા સર્વે નંબરમાં મગફળીનું જ વાવેતર કર્યું હોય, તેવા ખેડૂત મિત્રોએ ચિંતા કરવાની જરૂર નથી. આવા ખેડૂતો પાસેથી ખરાઈ કર્યા બાદ જ ટેકાના ભાવે જથ્થાની ખરીદી કરવામાં આવશે.

અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્માએ જણાવ્યું હતું કે, ગત વર્ષની જેમ આ વર્ષે પણ ટેકાના ભાવે વેચાણ માટે ખેડૂતોએ કરાવેલી નોંધણીમાં સર્વે નંબરનું સેટેલાઈટ ઈમેજ અને ડિજિટલ ક્રોપ સર્વે સાથે સરખામણી કરીને મગફળીના વાવેતરની ચકાસણી કરવામાં આવી રહી છે. આ વેરીફીકેશન પ્રક્રિયામાં નોંધણી કરાવેલા ૧૦ ટકાથી પણ ઓછા ખેડૂતોના સર્વે નંબરમાં મગફળીનો પાક જોવા મળ્યો નથી. આવા સર્વે નંબર ધરાવતા ખેડૂતોને એસએમએસના માધ્યમથી જાણ કરવામાં આવી છે, પરંતુ આ મેસેજથી ખેડૂતોએ ચિંતિત થવાની જરૂર નથી. ■

# ભ્રષ્ટાચારના આરોપી મોન્ટુ પટેલની ગુજરાત ફાર્મસી કાઉન્સિલમાંથી હકાલપટ્ટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ફાર્મસી કાઉન્સિલના અધ્યક્ષ મોન્ટુ પટેલને રાજ્ય સરકાર દ્વારા ભ્રષ્ટાચારના આરોપોને કારણે પદ પરથી દૂર કરાયો હતો. તેના પર ૫,૦૦૦ કરોડ રૂપિયાના ભ્રષ્ટાચારનો આરોપ છે. આ મામલે સીબીઆઈ દ્વારા તેના નિવાસસ્થાન અને ઓફિસ પર દરોડા પાડવામાં આવ્યા હતા અને તેની વિરુદ્ધ એફઆઈઆર પણ દાખલ કરાઈ હતી.

સીબીઆઇ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી તપાસમાં ફાર્મસી કાઉન્સિલના ચેરમેન મોન્ટુ પટેલ દ્વારા અનેક ફાર્મસી કોલેજને મંજૂરી આપવામાં નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી હોવા સહિતના અનેક પુરાવાઓ મળ્યા હતા.

સીબીઆઇ દ્વારા કરવામાં આવેલી તપાસના સમગ્ર દેશમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા. મહત્ત્વની વાત એ કે, મોન્ટુ પટેલને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઇન્ડિયામાં જવા માટેનો માર્ગ ગુજરાત ફાર્મસી કાઉન્સિલમાંથી મળ્યો હતો. ફાર્મસી નિયમ અંતર્ગત કેન્દ્રશાસિત પ્રદેશ દમણ-દીવ અને દાદરાનગર હવેલીમાંથી મોન્ટુકુમાર મુકેશકુમાર પટેલની ગુજરાત ફાર્મસી કાઉન્સિલમાં સભ્યપદે નિયુક્તિ કરવામાં આવી હતી. ■

# નવરાત્રિના પગલે અમદાવાદમાં એસ.જી. હાઈવે પર રાતે બે વાગ્યા સુધી ભારે વાહનો પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં નવરાત્રિ વખતે ભારે ટ્રાફિક્ની સમસ્યા જોવા મળે છે. એવામાં આ દરમિયાન વાહનવ્યવહાર ખોરવાય નહીં અને અકસ્માતના બનાવોને ટાળી શકાય તે માટે અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણય પ્રમાણે, નવરાત્રિ દરમિયાન રાતના બે વાગ્યા સુધી શહેરમાં ભારે વાહનો પર પ્રતિબંધ રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, એસ.જી. હાઇવે પર ત્રણ ક્લબ, ૧૦થી વધુ પાર્ટી પ્લોટ અને અનેક ફાર્મહાઉસમાં ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. અહીં દર વર્ષે મોટી સંખ્યામાં ભીડ એકઠી થાય છે. આમ, વાહનચાલકોને ટ્રાફિક્નો સામનો ના કરવો પડે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

અમદાવાદ સંયુક્ત પોલીસ કમિશનર (ટ્રાફિક) એન.એન. ચૌધરીએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે ભારે વાહનોને એસ.જી. હાઇવે પર રાત્રે ૧૧ વાગ્યા સુધી પ્રવેશવા પર પ્રતિબંધ હોય છે, પરંતુ નવરાત્રિ દરમિયાન આ પ્રતિબંધ રાતના બે વાગ્યા સુધી લંબાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કર્ણાવતી ક્લબ ચાર રસ્તા અને ઝાયડસ હોસ્પિટલના ચાર રસ્તાની વચ્ચે ૫.૫ કિલોમીટરના વિસ્તારમાં નવરાત્રિ વખતે ભારે ટ્રાફિક સર્જાય છે. કર્ણાવતી ક્લબથી સરખેજ જતા રસ્તા પર ફ્લાય ઓવર નિર્માણ ચાલી રહ્યું છે. જેના કારણે રસ્તાનો એક ભાગ બંધ છે. આ સાથે જ બીજી બાજુ ખોદાકામ ચાલુ છે, જેથી ટ્રાફિક જામ થવાની સંભાવના વધી ગઈ છે. આ સ્થિતિ પર કાબૂ મેળવવા માટે બે ડીસીપી, બે એસપી, સાત પીએસઆઇ અને ૫૦૦ પોલીસકર્મીને ટ્રાફિક નિયંત્રણ માટે આ રસ્તા પર તહેનાત કરવામાં આવશે. ■

# રાજકોટ-મોરબીના દિગ્ગજ સિરામિક ગ્રૂપ પર દરોડામાં કરોડોની રોકડ મળી

અમદાવાદઃ ટેક્સ ચોરીની આશંકાને પગલે રાજકોટ ઇન્કમટેક્સ વિભાગ દ્વારા રાજકોટમાં અને મોરબીમાં મળીને કુલ ૪૦થી વધુ સ્થળોએ મંગળવારે મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ૨૫૦થી વધુ અધિકારીની ટીમે મોરબીમાં દિગ્ગજ લેવિસ ગ્રેનીટો સિમામીક ગ્રૂપ ઉપરાંત રાજકોટમાં તેમના ભાગીદારોના નિવાસે પણ રેડ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કોટન (રૂ)ના ધંધા સાથે સંકળાયેલા અને મોરબીમાં ગ્રૂપ સાથે કનેકશન ધરાવતા રાજકોટના ઉદ્યોગપતિઓ પાછા ઝપટે ચડ્યા હતા. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સર્ચ ઓપરેશનના પ્રથમ દિવસે ૩ કરોડની બિનહિસાબી રોકડ મળી હતી. લેવિસ ગ્રૂપ દ્વારા ઓછો નફો બતાવીને કરચોરી કરવામાં આવતી હતી. ઇન્કમટેક્સ વિભાગે છેલ્લા પાંચ મહિનાના હિસાબો ચેક કર્યા હતા અને તેમાં મોટા પાયે કરચોરી ખૂલી હતી. આ સર્ચ ઓપરેશન એક સપ્તાહ ચાલી શકે છે. ■

# ગોધરામાં ૧૩ કલાકના વીજકાપથી ત્રાહિમામ લોકોએ વીજ કચેરી પર હલ્લાબોલ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરામાં ૧૩ કલાકના વીજકાપથી લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા મેન્ટેનન્સના નામે મૂકવામાં આવેલા કાપથી લોકો અકળાયા હતા. ભાદરવાની ગરમી અને બફારાથી ત્રસ્ત લોકોએ વીજ કચેરીએ પહોંચી હલ્લાબોલ કર્યો હતો, જ્યારે વિરોધ પ્રદર્શનને શાંત કરવા માટે પોલીસને બોલાવવાની ફરજ પડી હતી.

મળતી વિગત પ્રમાણે, ગોધરા શહેરના સિવિલ લાઈન્સ, ભૂરાવાવ, સ્ટેશન રોડ સહિતના અનેક વિસ્તારોમાં મંગળવારની રાતથી વીજ પુરવઠો ખોરવાયો હતો. જે બુધવારે બપોર સુધી પુનઃસ્થાપિત ન થતા સ્થાનિક રહીશોની ધીરજ ખૂટી હતી. સતત ૧૩ કલાકથી વીજળી ગૂલ રહેતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ગરમીથી અકળાયેલા લોકો, ખાસ કરીને બાળકો અને વૃદ્ધોની હાલત કફોડી બની હતી. પાણીની મોટરો બંધ રહેતા ઘરોમાં પાણીનો કકળાટ પણ શરૂ થયો હતો.

એમજીવીસીએલ તરફથી વીજ પુરવઠો ક્યારે રાબેતા મુજબ થશે તે અંગે સંતોષકારક જવાબ નહીં મળતા લોકો એકત્ર થઈને એમજીવીસીએલની કચેરીએ ધસી આવ્યા હતા. તેમજ સૂત્રોચ્ચાર કર્યો હતો. પરિસ્થિતિને પારખી ગયેલા અધિકારીઓએ પોલીસને જાણ કરી હતી. પોલીસે આવીને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. સ્થાનિકોના કહેવા મુજબ, વીજ કચેરીના અધિકારીઓ દ્વારા સબ સ્ટેશનમાં કામગીરી ચાલતી હોવાનું કારણ આગળ આપવામાં આવે છે પરંતુ સબ સ્ટેશનમાં કોઈ ફોન ઉપાડતું નથી કે કોઈ સ્પષ્ટ જવાબ આપતું નથી. બસ થોડી વારમાં લાઇટ આવી જશે તેવા વાયદા કરે છે. ગ્રાહકોના ઉગ્ર રોષ અને હોબાળા બાદ એમજીવીસીએલના અધિકારીઓએ તાત્કાલિક સમારકામની કામગીરી પૂર્ણ કરાવી વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની ખાતરી આપી હતી. ■

# બાન્દ્રા સ્ટેશનથી મ્હાડા સુધી સ્કાયવોક

બાન્દ્રા રેલવે સ્ટેશનથી મ્હાડા ઓફિસ સુધી પાલિકા સ્કાયવોક બાંધી રહી છે. હાઈ કોર્ટના નિર્દેશ મુજબ સ્કાયવોકનું કામ જલદી પૂરું કરવાનું હોવાથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં તેને ખુલ્લુ મૂકવાનું આયોજન છે. અત્યાર સુધી સ્કાયવોકનું ૮૦ ટકા કામ પૂરું થયું છે અને બાકીનું કામ આગામી ત્રણ મહિનામાં પૂરું કરવામાં આવશે એવો પાલિકાએ દાવો કર્યો છે.

# ગઢચિરોલીના જંગલમાં કમાન્ડો સાથેના એન્કાઉન્ટરમાં બે મહિલા નક્સલવાદીનાં મોત

ગઢચિરોલીઃ ગઢચિરોલીના જંગલમાં પોલીસના સી-૬૦ કમાન્ડો સાથેના એન્કાઉન્ટરમાં બે નક્સલવાદી મહિલાનાં મોત થયા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ એતાપલ્લી તાલુકાના મોડસ્કે ગામને લાગીને આવેલા જંગલમાં ગટ્ટા એલઓએસ (લોકલ ઑર્ગેનાઈઝેશન સ્ક્વોડ)ના અમુક સભ્યો આવવાના હોવાની આધારભૂત માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે પોલીસે ઑપરેશન હાથ ધર્યું હતું.

પોલીસે નક્સલવાદ વિરોધી સ્પેશિયલ કમાન્ડો સ્ક્વોડન સી-૬૦ની પાંચ ટુકડી સાથે અહેરીથી ઑપરેશન શરૂ કર્યું હતું. ઑપરેશનમાં સીઆરપીએફના જવાનોએ પણ સાથ આપ્યો હતો. સીઆરપીએફના જવાનોએ જંગલના બહારના પરિસરને ઘેરી લીધો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે સી-૬૦ના કમાન્ડો જંગલમાં સર્ચ કરી રહ્યા હતા ત્યારે નક્સલવાદીઓ દ્વારા અચાનક હુમલો કરવામાં આવ્યો હતો. નક્સલવાદીઓ દ્વારા અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવતાં કમાન્ડોએ પણ ગોળીબાર કરવો પડ્યો હતો.

ગોળીબાર બંધ થયા પછી જંગલમાં તપાસ કરતાં બે મહિલા નક્સલવાદીનાં શબ મળી આવ્યાં હતાં.

જંગલમાંથી એક એકે-૪૭ રાઈફલ, એક સોફિસ્ટિકેટેડ પિસ્તોલ, વિસ્ફોટકો, નક્સલવાદને લગતાં સાહિત્યો જપ્ત કરવામાં આવ્યાં હતાં. સંબંધિત પરિસરમાં નક્સલવાદ વિરોધી ઑપરેશન હજુ ચાલુ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

# મેટ્રો-ટૂએ અને મેટ્રો-૭ના દૈનિક મુસાફરોની સંખ્યા 3.૪૦ લાખને પાર

મુંબઈઃ છેલ્લા કેટલાક મહિનાઓથી 'દહિસર - અંધેરી વેસ્ટ મેટ્રો-ટૂ એ' અને 'દહિસર - ગુંદાવલી મેટ્રો-૭' લાઇન પર મુસાફરોની સંખ્યા સતત વધી રહી છે. થોડા દિવસો પહેલા દૈનિક મુસાફરોની સંખ્યામાં ત્રણ લાખનો આંકડો પાર કર્યા પછી ૧૬ સપ્ટેમ્બરના રોજ આ બે લાઇન પર ૩,૪૦,૫૭૧ મુસાફરોએ મુસાફરી કરી. આ લાઇન પર અત્યાર સુધીનો આ સૌથી વધુ દૈનિક મુસાફરોનો આંકડો છે. 'મેટ્રો ટુ' અને 'મેટ્રો-૭' લાઇન બે તબક્કામાં સેવામાં મૂકવામાં આવી છે.

આ લાઇન ૨૦૨૨ માં સેવામાં મૂકવામાં આવ્યા ત્યારથી ૨૦૨૪ સુધી આ લાઇનોને મુસાફરો તરફથી ઇચ્છિત પ્રતિસાદ મળી રહ્યો ન હતો. તેથી, એમએમઆરડીએ એ મુસાફરોની સંખ્યા વધારવા માટે કેટલાક પ્રયાસો કર્યા અને તેના કારણે, વર્ષથી મુસાફરોની સંખ્યા સતત વધી રહી છે. લાઇન સેવામાં મૂકવામાં આવ્યાના થોડા મહિનાઓ પછી આ લાઇન પર દરરોજ ફક્ત ૩૦ હજાર મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા, પરંતુ તે પછી મુસાફરોની સંખ્યામાં વધારો થયો. એટલા માટે આજે 'મેટ્રો ટુએ' અને 'મેટ્રો ૭' લાઇન પર દરરોજ લગભગ ત્રણ લાખ મુસાફરો મુસાફરી કરી રહ્યા છે. દૈનિક મુસાફરોની સંખ્યા એક કે બે વાર ત્રણ લાખનો આંકડો પાર કરી ગઈ હતી. ૮ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ, દૈનિક ૨ લાખ ૬૯ હજાર ૨૩૦ ની મુસાફરોની રેકોર્ડ સંખ્યા નોંધાઈ હતી.

# વરલી નાકા, મહાલક્ષ્મી અને લોઅર પરેલના ટ્રાફિકને ઘટાડવા નવો પુલઃ ડિસેમ્બર, ૨૦૨૬માં ખુલ્લો મુકાશે

## બાન્દ્રા-ધારાવી વચ્ચેનો ફ્લાયઓવર ડિસેમ્બરમાં ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મીઠી નદીને પહોળી કરવાના પ્રોજેક્ટના ભાગરૂપે બાન્દ્રા અને ધારાવી વચ્ચે ધારાવી ફ્લાયઓવરના પુનઃનિર્માણનું કામ બે તબક્કામાં ચાલી રહ્યું છે. પહેલા તબક્કામાં લગભગ ૯૦ ટકા કામ પૂરું થયું છે જ્યારે બાકીનું કામ ૩૦ નવેમ્બર,૨૦૨૫ સુધીમાં પૂરું કરવાનો પાલિકાએ નિર્ધાર રાખ્યો છે. આ દરમ્યાન ટ્રાફિકને ઘટાડવામાં માટે વરલીમાં ઈ. મોઝેસ રોડ અને ડૉ. એની બેસન્ટ રોડ વચ્ચેના નાળા પર બાંધવામાં આવી રહેલો પુલ આવતા વર્ષે ડિસેમ્બર સુધી ખુલ્લો મૂકવાની પાલિકાએ યોજના બનાવી છે.

વરલીમાં ઈ. મોઝેસ રોડ અને ડૉ.એની બેસ્ટ રોડ વચ્ચેના નાળા પર બાંધવમાં આવનારો પુલ બે મુખ્ય રસ્તાઓને સીધો જોડશે, જેનાથી એક નવી ટ્રાફિક લિંક બનશે. એક વાર કામ પૂરું થયા પછી વરલી નાકા, મહાલક્ષ્મી અને લોઅર પરેલમાં ટ્રાફિકમાં રાહત મળવાની શક્યતા છે. હાલમાં તેનું બાંધકામ ૩૦ ટકા પૂરું થયું છે અને ડિસેમ્બર ૨૦૨૬ સુધી તેનું કામ પૂરું કરવાનું છે. પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે અધિકારીઓને ટ્રાફિક વિભાગનું નો ઓબ્જેકશન સર્ટિફિકેટ અને અન્ય તમામ જરૂરી પરવાનગીઓ અગાઉથી મેળવવાની સૂચના આપવામાં આવી છે.

મીઠી નદીના પટને પહોળો કરવાના પ્રોજેક્ના ભાગરૂપે પાણીના પ્રવાહમાં અડચણ આવે નહીં તે માટે ધારાવીમાં બે તબક્કામાં પુલ બાંધવામાં આવી રહ્યા છે. મીઠી નદીનો પ્રવાહ ઝડપથી સમુદ્રમાં વહી જાય તે માટે નદી જયાં દરિયાને મળે છે તે સંગમ સ્થળે નદીના આઉટલેટ પણ પહોળો કરવામાં આવી રહ્યો છે. ધારાવીમાં ફ્લાયઓવરનું કામ ૯૦ ટકા પૂરું થયું છે અને ૩૦ નવેમ્બર, ૨૦૨૫ સુધી કામ પુરું કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. બાન્દ્રાથી ધારાવી પુલના પહેલા તબક્કામાં કામ પૂરું થયા પછી દક્ષિણ બાજુની બે લેન ટ્રાફિક માટે ખુલ્લી મુકવામાં આવશે. આ નવી લેનને કારણે માહિમ કોઝ વે તરફ જતા ફ્લાયઓવર સુધી સીધો પ્રવેશ કરી શકાશે અને તેનાથી ટ્રાફિકમાં રાહત મળશે. બીજા તબક્કાના પુલના કામ માટે વર્ક ઓર્ડર બહુ જલદી બહાર પાડવામાં આવવાના છે અને તેની મુદત ૧૮ મહિનાની રાખવામાં આવી છે.

# ત્રિભાષા નીતિ નક્કી કરવા માટે જનતાના અભિપ્રાયને ધ્યાનમાં લેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર દેશમાં એક અગ્રણી રાજ્ય છે. અન્ય રાજ્યો મહારાષ્ટ્રને અનુસરે છે. તેથી ત્રિભાષા નીતિના અમલીકરણ અંગે અમે રાજ્યની એક લાખ આઠ હજાર શાળાઓમાં બે કરોડ ૧૨ લાખ વિદ્યાર્થીઓના હિતમાં શ્રેષ્ઠ અહેવાલ તૈયાર કરવાનો પ્રયાસ કરીશું, એમ ત્રિભાષા નીતિ નક્કી કરવા માટે રચાયેલી સમિતિના અધ્યક્ષ ડો. નરેન્દ્ર જાધવે બુધવારે જણાવ્યું હતું.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર ત્રિભાષા નીતિ નક્કી કરવા માટે ડો. નરેન્દ્ર જાધવની અધ્યક્ષતામાં રચાયેલી સમિતિની પ્રથમ બેઠક યોજાઈ હતી. આ બેઠક પછી ડો. નરેન્દ્ર જાધવે મંત્રાલય ખાતે મીડિયા પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી. મહારાષ્ટ્ર પ્રાથમિક શિક્ષણ પરિષદના રાજ્ય પ્રોજેક્ટ ડિરેક્ટર સંજય યાદવ, શાળા શિક્ષણ વિભાગના નાયબ સચિવ તુષાર મહાજન, મહારાષ્ટ્ર પ્રાથમિક શિક્ષણ પરિષદના રાજ્ય પ્રોજેક્ટ સંયોજક ગોવિંદ કાંબલે અને અન્ય લોકો આ પ્રસંગે હાજર રહ્યા હતા.

ડો. નરેન્દ્ર જાધવે જણાવ્યું હતું કે આગામી ૧૫ દિવસમાં ત્રિભાષા સૂત્ર માટે એક વેબસાઇટ બનાવવામાં આવશે અને તેમાં એક લિંક બનાવવામાં આવશે જેના પર બધા સામાન્ય નાગરિકો, વાલીઓ, વિદ્યાર્થીઓ વગેરે પોતાના મંતવ્યો વ્યક્ત કરી શકશે. અધ્યક્ષ તરીકે ચૂંટાયા બાદ, આ વિષય સંબંધિત માહિતી એકત્રિત કરવામાં આવી હતી. આજની બેઠકમાં તે સભ્યોને ઉપલબ્ધ કરાવવામાં આવી હતી અને આગામી બેઠકમાં તેની ચર્ચા કરવામાં આવશે.

આગામી થોડા દિવસોમાં બે પ્રકારના પ્રશ્નાવલિ તૈયાર કરવામાં આવશે, એક પ્રશ્નાવલિ દરેક માટે હશે અને બીજી પ્રશ્નાવલિ મરાઠી ભાષા સંબંધિત વિવિધ સંસ્થાઓ માટે હશે. આ પ્રશ્નાવલિની લિંક પર જઈને કોઈપણ વ્યક્તિ તેનો જવાબ આપી શકે છે. આ પ્રશ્નાવલિ બધી શાળાઓ, કોલેજો, જનપ્રતિનિધિઓ, વાલીઓ વગેરેને મોકલવામાં આવશે. ડો. જાધવે જણાવ્યું હતું કે તેઓ આગામી ૧૫ દિવસમાં આ વિષય પર પોતાના મંતવ્યો વ્યક્ત કરનારા વિવિધ રાજકીય નેતાઓને રૂબરૂ મળશે અને તેમની ભૂમિકા સમજશે.

ડો. જાધવે જણાવ્યું હતું કે તેઓ નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં સંભાજીનગર (આઠમી ઓક્ટોબર), નાગપુર (દસમી ઓક્ટોબર), કોલ્હાપુર (ત્રીસમી ઓક્ટોબર), રત્નાગિરી (૩૧ ઓક્ટોબર), નાસિક (૧૧ નવેમ્બર), પુણે (૧૩ નવેમ્બર), સોલાપુર (૨૧ નવેમ્બર) અને મુંબઈમાં સમિતિના તમામ સભ્યો સાથે જનમત એકત્રિત કરવા માટે રાજ્યના વિવિધ સ્થળોની મુલાકાત લેશે. આ સમય દરમિયાન, સમિતિ આ મુદ્દા પર પોતાના મંતવ્યો વ્યક્ત કરવા માંગતા તમામ લોકોની લાગણીઓને સમજશે.

સમિતિ અન્ય રાજ્યોમાં ત્રિભાષા સૂત્રનો અમલ કેવી રીતે ચાલી રહ્યો છે તેની પણ માહિતી લેશે. જોકે, તેમણે કહ્યું કે સમિતિ રાજ્યના દરેક સાથે ચર્ચા કરીને પાંચમી ડિસેમ્બર સુધીમાં સરકારને પોતાનો અહેવાલ સુપરત કરવાનો પ્રયાસ કરશે.

## સંસ્થા સમાચાર

### હિન્દી દિવસની ઉજવણી



શ્રી નાગરદાસ ડી. ભુતા હાઈસ્કૂલમાં ૧૨ સપ્ટેમ્બરે હિન્દી દિવસની ઉજવણી હર્ષોલ્લાસથી કરવામાં આવી હતી. એ દરમિયાન રાષ્ટ્રભાષાનું મહત્ત્વ અને તેની સમૃદ્ધ પરંપરા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. સાથે જ વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ હિન્દીમાં ભાષણ આપવા ઉપરાંત કવિતા પઠન પણ કર્યું હતું. આવી રીતે વિદ્યાર્થીઓને હિન્દી ભાષાના સંરક્ષણ તથા પ્રચાર-પ્રસારનું મહત્ત્વ સમજાયું.

### સમૂહલગ્નનું આયોજન

જૈન જાગૃતિ સેંટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટે ૬ ડિસેમ્બરે સમૂહલગ્નનું આયોજન કર્યું છે. ભૂરાભાઈ આરોગ્ય ભુવન ગ્રાઉન્ડ, કાંદિવલી (વે)માં આ લગ્ન યોજવામાં આવ્યા છે. આ સમૂહલગ્નમાં વધુમાં વધુ ૧૧ જૈન પરિવારના લગ્નઈચ્છુકોનો સમાવેશ કરવામાં આવશે.

### યંગ વીમેન્સ ક્રિશ્ચન અસોસિયેશન ઑફ બોમ્બેની ૧૫૦ વર્ષની ઉજવણી

યંગ વીમેન્સ ક્રિશ્ચન અસોસિએશન ઑફ બોમ્બે છેલ્લાં ૧૫૦ વર્ષથી મહિલાઓની પ્રગતિ અને સમાજના કલ્યાણ માટે કાર્યરત છે. સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવો એ આ સંસ્થાનો ઉદ્દેશ છે અને એના માટે જ એ કટિબદ્ધ છે. હવે આ અસોસિએશન પોતાની સ્થાપનાના ૧૫૦ વર્ષ ઉજવી રહ્યો છે. એ નિમિત્તે ૧૮ સપ્ટેમ્બરે બાન્દરાના સેન્ટ એન્ડ્રુઝ ઑડિટોરિયમમાં ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

### ઈન્ટરએક્ટિવ સ્માર્ટ બોર્ડ

દામનગરમાં આવેલી જે.એમ. અજમેરા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં અજમેરા પરિવારે બે ઈન્ટરએક્ટિવ સ્માર્ટ બોર્ડ વસાવવા દાન આપ્યું છે. એનાથી વિદ્યાર્થીઓ વર્તમાન-આધુનિક શિક્ષણ પ્રણાલી મુજબ ડગલા માંડી શકશે. આ દિશામાં વધુ અનુદાન આપવાની તત્પરતા આ પરિવારના અન્ય સદસ્યોએ પણ દેખાડી છે.

### પ્રાચીન ને અર્વાચીન રાસ-ગરબાની સ્પર્ધા

શ્રી મુલુંડ બ્રાહ્મણ સમાજ મહિલા મંડળે 'મેઘધનુષ' નામની રાસ-ગરબા સ્પર્ધા આયોજિત કરી છે. જેમાં પ્રાચીન પરંપરા અને અર્વાચીન રાસ-ગરબાની ઝલક જોવા મળશે. આ સ્પર્ધામાં પાંચથી માંડીને ૭૫ વર્ષના ખેલૈયાઓ ભાગ લઈ શકશે. ૧૯ સપ્ટેમ્બરે મુલુંડના કાલિદાસ ઓડિટોરિયમમાં યોજાવાની છે. સૌને એમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

# મહારાષ્ટ્રમાં લીલા દુષ્કાળની ઘોષણા કરી ખેડૂતોને હેક્ટર દીઠ ₹ ૫૦ હજાર આપોઃ કૉંગ્રેસ

મુંબઈઃ કૉંગ્રેસ વિધાન સભ્ય દળના નેતા વિજય વડેટ્ટીવારે બુધવારે મહારાષ્ટ્ર સરકારને તાત્કાલિક રાજ્યમાં લીલો દુષ્કાળ જાહેર કરવા અને અસરગ્રસ્ત ખેડૂતોને હેક્ટર દીઠ ૫૦ હજાર રૂપિયાની આર્થિક સહાય આપવાની વિનંતી કરી હતી.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને વડેટ્ટીવારે જણાવ્યું હતું કે ઓગસ્ટ - સપ્ટેમ્બરમાં ભારે વરસાદને કારણે ૩૦ જિલ્લામાં પાકને નુકસાન થતા આશરે ૧૭.૮૫ લાખ હેક્ટર ખેતીની જમીનને અસર થઈ છે. ખેડૂતોને લોન માફી નથી મળી છે અને તેમના ઉભા પાક પણ અકબંધ નથી રહ્યા. તેઓ ખૂબ જ સંકટમાં છે અને તેમને તાત્કાલિક રાહતની જરૂર છે.

મરાઠવાડા અને વિદર્ભ પ્રદેશ સૌથી વધુ અસરગ્રસ્ત થયા છે અને સોયાબીન, મકાઈ અને કપાસના પાકને ભારે નુકસાન થયું છે એવો ઉલ્લેખ કરી તેમણે દાવો કર્યો હતો કે આગામી રવિ સીઝન પણ જોખમમાં છે.

રાજ્ય સરકાર ખેડૂતો પાસેથી બેંક લોનની વસુલાત બંધ કરી વીમા કંપનીઓને વળતર ઝડપથી આપવા અને વિલંબ કર્યા વિના રાહતના પગલાંની જાહેરાત કરે એવી માગણી કરી વડેટ્ટીવારે ઉમેર્યું હતું કે તાજેતરની કેબિનેટ બેઠક નિર્ણય લેવામાં નિષ્ફળ રહેતા ખેડૂતો નિરાશ થયા હતા. સરકારે પાકના નુકસાનનું આકલન ઝડપથી પૂર્ણ કરી લીલા દુષ્કાળની ઘોષણા કરવી જોઈએ. અને તાત્કાલિક સહાયની જાહેરાત કરવી જોઈએ.

મરાઠવાડા પ્રદેશમાં સામાન્ય રીતે અપૂરતો વરસાદ થાય છે. જોકે આ વખતે ત્યાં જૂનથી ૧૭ સપ્ટેમ્બર વચ્ચે ૭૧૭.૪ મીમી વરસાદ થયો છે જે અપેક્ષિત વરસાદ કરતા લગભગ ૧૧૮ ટકા વધુ છે. (પીટીઆઈ)

# પારસી મરણ

કાવસ જાહાંગીર દમનીયા તે મરહૂમ રોશનના ધની. તે મરહૂમો શીરીન જાહાંગીર દમનીયાના દીકરા. તે પરવેઝ તથા મરહૂમ વીસપીના પપ્પા. તે રોશની ને નીલુફરના સસરા. તે મરહૂમો સાવક, રુસી, હોમી, ખોરશેદ, મેહરુ, કેકીના ભાઈ. તે સરોશ, અદીલ, ઝુબીન, અવીવા ને આરીશના બપાવાજી. (ઉ.વ. ૯૫) રે.ઠેઃ ફ્લેટ નં. ૧૧૦૫/૦૬, ઈંદીરા દરશન બિલ્ડિંગ નં. ૧૪, ન્યુ લીંક રોડ, ઓશીવારા, અંધેરી (ઈ). મુંબઈ-૪૦૦૦૫૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૮-૯-૨૦૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે. બેહરામ બાગ અગ્યારીમાં છેજી.

એરવદ નોશીર દોરાબજી કતેલી તે ઓસ્તી ફ્રેનીના ધની. તે મરહૂમો ઓસ્તી ગુલબઈ ને ઓસ્તા દોરાબજી કતેલીના દીકરા. તે એરવદ જેસપરને ઓસતી દાઈનાના પપ્પા. તે ઓસતી જેસીકા ને ઓસ્તા મહેરનોશના સસરા. તે એરવદ જીમી તથા મરહૂમો બચલ કાતરક, પીલુ વજીફદાર, દોલી દોતીવાલા, એરચ કતેલીના ભાઈ. તે ઝીન્યાના બપાવા. (ઉ.વ. ૯૫) રે.ઠેઃ મોદી બિલ્ડિંગ, ફ્લેટ નં. ૧૨, પરેલ તેંક રોડ, ગોલાનજી હિલ રોડ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૮-૯-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે લાલબાગ અગ્યારીમાં છેજી.

જીમી ફિરોઝ જાઉરાવાલા તે પરવીનના ધની. તે મરહૂમો પેરીન ફિરોઝ જાઉરાવાલાના દીકરા. તે સાઈરસ ને મેહરંગીઝના પાપા. તે મેહરનાઝ ને ઝરીરના સસરા. તે નરગીશ વી. દમનયાના ભાઈ. તે મરહૂમો નરગીશ જાહાંગીર એલાવીયાના જમઈ. (ઉ.વ. ૬૭) રે.ઠેઃ સી-૧૩, પહેલે માળે, રુસ્તમ બાગ, સંત સાવતા મારગ, માસીના હોસ્પિટલની બાજુમાં, ભાયખાલા, મુંબઈ-૪૦૦૦૨૭.

દિલશાદ પર્સી શ્રોફ (ઉં. વ. ૩૭) તા. ૧૩-૯-૨૫ના ગુજરી ગયા છે. તે પર્સી એરચ શ્રોફના પત્ની. તે હોમ્યાર અને અનાહિતા ચોથીયાના દીકરી. તે એરચ અને જસ્મિન શ્રોફના પુત્રવધૂ. તે રુઝાન ચોથિયાના બહેન. ઠે.: ૫૦૧, ડનહિલ હાઈટ, મોટા પારસીવાડા, વલસાડ.

આદિલ દારાબશા અંકલેશ્વરીયા (ઉં. વ. ૬૭) ૧૬-૯-૨૫ના નવસારી મુકામે ગુજરી ગયા છે. તે ઝેનોબિયાના પતિ. તે શાહરુખના પિતા. તે મરહુમ જાલૂ અને મરહુમ દારાબશાના દીકરા. તે મરહુમ એમી અને મરહુમ દાદી સંજણાના જમાઈ. તે અર્મિટી સરોશ હાંસોટિયા અને મરહુમ પરવિઝ હોમી કાવરાનાના ભાઈ. ઉઠમણું તા. ૧૮-૯-૨૫ના વલસાડ મોટા શાહપુર દરેમહેર ખાતે બપોરે ૩.૪૫એ. ઠેઃ બી-૩૨, રૂસ્તમજી માસ્ટર એપાર્ટમેન્ટ, મોટા પારસીવાડા, વલસાડ.

# ચાર વર્ષ બાદ નેશનલ પાર્કમાં 'વન રાણી' દોડશે

મુંબઈઃ મુંબઈ શહેરની વચ્ચોવચ આવેલું સંજય ગાંધી નેશનલ પાર્ક મુંબઈગરા તેમજ બહારથી આવતા પર્યટકો માટે લોકપ્રિય પર્યટન સ્થળ છે. તેની લોકપ્રિય મીની ટોય ટ્રેન 'વન રાણી' ચાર વર્ષથી વધુ સમય સુધી બંધ રહ્યા બાદ સપ્ટેમ્બરના અંત સુધીમાં ફરીથી દોડવા માટે તૈયાર છે. ૧૯૭૦ માં શરૂ થયેલી આ ટોય ટ્રેન પાર્કના સૌથી લોકપ્રિય આકર્ષણોમાંની એક હતી. મે ૨૦૨૧ માં ચક્રવાત તૌકતે વખતે તેના કોચ અને ટ્રેકને ભારે નુકસાન થવાથી તેને સ્થગિત કરવામાં આવી હતી.

વન વિભાગ એક આધુનિક રિપ્લેસમેન્ટ, ચાર વિસ્ટાડોમ બોગીઓ સાથે બેટરી સંચાલિત ટ્રેન લાવી રહ્યું છે જેથી પ્રવાસીઓ નેશનલ પાર્કના મનોહર દૃશ્યોનો આનંદ માણી શકે. અગાઉના ડીઝલ લોકોમોટિવમાં ત્રણ કોચ હતા અને તેમાં ૭૦ થી ૮૦ મુસાફરો બેસી શકતા હતા. અપગ્રેડ સાથે ક્ષમતામાં વધારો થવાની અપેક્ષા છે, જેનાથી પાર્કની આવકમાં વધારો થશે.

૨.૭ કિમીનો નેરો-ગેજ રૂટ ૫.૫ ચોરસ કિમી વિસ્તારમાં ફેલાયેલા કૃષ્ણગિરિ ઉપવનમાંથી પસાર થાય છે, જેને જાહેર મનોરંજન ક્ષેત્ર તરીકે વિકસાવવામાં આવ્યો છે. આ ટ્રેક પાર્કની જૈવ વિવિધતાની ઝલક આપે છે અને એક મીની-પ્રાણી સંગ્રહાલય પાસેથી પસાર થાય છે જ્યાં મુલાકાતીઓ પ્રાણીઓને નજીકથી જોઈ શકે છે.

# જૈન મરણ

**દશા શ્રીમાળી ઝાલાવાડી જૈન**

વિંછીયા નિવાસી હાલ બોરીવલી મહેન્દ્રભાઈ રમણીકભાઈ અજમેરાના ધર્મપત્ની ગીતા (ઉ.વ. ૬૯) તા. ૧૬-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે તે હર્ષલના માતા. મિરલના સાસુ. સુરેન્દ્રનગર નિવાસી સ્વ. જયાબેન ચંદુલાલ વોરાના દીકરી. કલ્પનાબેન રાજેન્દ્રકુમાર શાહ, ચેતનાબેન દિલીપકુમાર શાહ, વિજયના ભાભી. અવિરના દાદી. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૮-૯-૨૫ના ૧૦થી૧૨. ઠેઃ પાવનધામ, મહાવીરનગર, પાવનધામ માર્ગ, ઓપ. બી.સી.સી.આઈ. ગ્રાઉન્ડ, કાંદિવલી (વેસ્ટ).

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ સામખિયારીના અમિત દેવરાજ નારણ છાડવાના (ઉ.વ. ૬૩) તા. ૧૬-૯-૨૫, મંગળવારના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. રત્નાબેન/સ્વ. મોંઘીબેન દેવરાજના સુપુત્ર. લતાના પતિ. દિવ્યા, હર્ષના પિતાશ્રી. જામનગરના સન્ની કરણિયાના સસરા. સ્વ. નેણશી, સ્વ. નેમચંદ, સ્વ. હંસરાજ, સ્વ. મોંઘીબેન, ગં.સ્વ. ખીમઈબેન, ગં.સ્વ. ગુણવંતી, પ્રફુલાના ભાઈ. આધોઈના સ્વ. દિવાળીબેન શ્રી ભીમશી ખાખણ ડાઘાના જમાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૯-૯-૨૫ના ૧૦.૦૦થી ૧૧.૩૦. ઠેઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ સંચાલિત શ્રી કરશન લધુભાઈ નિસર હોલ, દાદર-વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

અગીયાળી નિવાસી હાલ કાંદિવલી, સ્વ. વસંતબેન કુમુદરાય નેમચંદભાઈ પારેખના સુપુત્ર જયેશભાઇ (ઉ.વ. ૫૯) તા. ૧૬/૯/૨૫ના મંગળવાર અરિહંતશરણ પામેલ છે. સ્વ. કિરણબેનના પતિ. કરણ તથા લબ્ધીના પિતાશ્રી. સ્તુતિના સસરા. તે કલ્પેશભાઈ, રાજેશભાઈ, મીનાબેન ગીરીશકુમાર શાહ તથા દક્ષાબેન પ્રકાશકુમાર દોશીના ભાઈ. પારેખ હર્ષદરાય નેમચંદભાઈ પાલીતાણાવાળા હાલ મુલુંડના જમાઈ. પિતૃવંદના શુક્રવાર, તા. ૧૯/૯/૨૫ના ૧૦ થી ૧૨. પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડ શ્વે.મૂ. જૈન**

ટુવા નિવાસી હાલ અંધેરી, રશ્મિકાંત કુવાડિયા (ઉં.વ. ૬૯) તે રંજનબેન તથા સ્વ. ચંદુલાલ કાનજીભાઈ કુવાડીઆના સુપુત્ર. સ્વ. બીનાબેનના પતિ. સ્વ. હાર્દિક તથા ચિ. રોનકના પિતાશ્રી. ઉર્વિતાબેનના સસરા. કિરીટ ચંદુલાલ કુવાડીઆ, ઇન્દિરા કિર્તિકુમાર કોઠારી, હર્ષા રાજેશકુમાર શાહના ભાઈ. સ્વ. કમળાબેન ચીમનલાલ દીપચંદભાઈ શાહ સુરેન્દ્રનગરના જમાઈ. તા. ૧૫-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા તા. ૧૮-૯-૨૫ના ૩થી ૫. ગેટ નો ૩, શ્રી મમાનીયા નંદુ કેવ્સ રોડ, અચલગચ્છ જૈન ભવન, હરદેવી સોસાયટી, ગાંધીનગર સોસાયટી, નટવરનગર, જોગેશ્વરી ઇસ્ટ.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

મોટી પાનેલી નિવાસી, કોકીલાબેન મહેતા (ઉં.વ. ૭૪) તા. ૧૬/૯/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. સ્વ. લલીતભાઈ દેવજીના પત્ની. નિમિષા, અમિતા, જલ્પાના મમ્મી. વિપુલ સંઘવી, કમલેશ ગોહિલના સાસુ. સ્વ. બાલુભાઈ માણેકચંદ મોદીના દીકરી. સ્વ. અશોકભાઈ મોદીના બહેન. રાજ પ્રત્યુષના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાની ખાખરના ધીરજલાલ કેશવજી દેઢીયા (ઉં.વ. ૭૩) તા. ૧૫-૯-૨૫ના અવસાન પામેલ છે. કેસરબેન કેશવજીના પુત્ર. સ્વ. લતાના પતિ. મેહુલના પિતા. હેમલતા, સ્વ. તલકશી, તારા, સ્વ. પ્રભા, હરખચંદ, સ્વ. પ્રવિણના ભાઇ. નવીનાળના સોનબાઇ પ્રેમજી ગોસરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. મેહુલ દેઢીયા, સેક્ટર-૨૮, પ્લોટ નં. ૨૧૯, રૂમ નંબર-૩, માતૃ પ્રેરણા કો. સોસાયટી, વાશી-૪૦૨૧૦૭.

મોખાના અ.સૌ. સુશીલાબેન (ઉં.વ. ૮૪) તા. ૧૬-૯-૨૫ના અવસાન પામેલ છે. દામજી ઉમરશી સતરાના ધર્મપત્ની. માતુશ્રી કુંવરબાઇ ઉમરશી લાધાના પુત્રવધૂ. બારોઇના લક્ષ્મીબેન શીવજી દામજી કેનીયાના સુપુત્રી. હેમંત, નીલા (નેહા)ના માતુશ્રી. ધનજી, વસંત, પ્રવિણ, મો. ખાખર ચંચળબેન પ્રાણજીવન, પત્રી ભાનુ/દમયંતી રાઘવજી, બારોઇ ડો. કસ્તુર ડો. કલ્યાણજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. દામજી સતરા, રૂમ નં. ૧૨, હેમંત સોસાયટી, એમ.જી.રોડ, ઘાટકોપર (વે.).

બિદડા વીરા ફુરીયાના પુષ્પાબેન રવિલાલ (ઉં.વ. ૭૮) અવસાન પામ્યા છે. રવિલાલના ધર્મપત્ની. દેમીબાઈ/પાનબાઈ મુરજી દેવજીના પુત્રવધૂ. હરીશ, હર્ષાના મમ્મી. મેરાઉ ગાંગબાઈ મગનલાલ ખેરાજની પુત્રી. જયંતિ, કિશોર, નવાવાસ જયા પોપટલાલ, તુંબડી દમયંતી રવિલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હરીશ વીરા. ૫૦૧, ગણેશ ભુવન, ગવનપાડા, મુલુંડ (ઈ).

# હિન્દુ મરણ

ગં. સ્વ. મંજુલાબેન જેન્તીલાલ મદાણી (ઉં.વ. ૮૩) તા. ૧૫/૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે, જેવો ગૌ. વા. મગનલાલ જગજીવન અખેણીયાના દીકરી. લલિતભાઈ, સ્વ. કિશોરભાઈ, રાજુભાઇ (ઇન્દોર)ના બહેન. પિયરપક્ષની સાદડી રાજકોટ ખાતે તા. ૧૮/૯/૨૫ને ગુરૂવાર ૪ થી ૬. શ્યામ કુંવરબાઈ વાડી, દરબાર ગઢ, રાજકોટ.

મૂળ ગામ કપડવંજ હાલ મુંબઈ, રેખાબેન ત્રિવેદી (ઉં.વ. ૭૭) તા. ૧૬-૯-૨૫ના દેવલોક પામેલ છે. તે સ્વ. કુંજલતાબેન પ્રફુલભાઈ ત્રિવેદીના સુપુત્રી. સ્વ. શશીકાંત કાંતિલાલ ત્રિવેદીના પત્ની. ધવલ તથા શ્રુતિના માતા. કિંજલબેન તથા સુરેશકુમારના સાસુ. પિયર પક્ષ સ્વ. ઉદયભાઈ તથા મિલનભાઈના મોટા બહેન. સાસરુ પક્ષ સ્વ. કાંતિલાલ ત્રિવેદીના વહુ. બન્ને પક્ષની સાદડી તા. ૧૯-૯-૨૫, શુક્રવારે ૫.૦૦થી ૭.૦૦. ઠેઃ પહેલે માળે, વિશ્વેશ્વર ભવન, સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લા (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ મુરૂ હાલે મુલુંડ અ.સો. પ્રફુલ્લાબેન ભરત કારિયાના સુપુત્ર કૌશિકભાઈ (ઉં.વ. ૩૬) તા. ૧૬-૯-૨૫ના રામશરણ પામેલ છે. તે કિંજલના પતિ. ધ્રીશિવના પિતા. ગં.સ્વ. જયાલક્ષ્મી જીવરામ કારિયાના પૌત્ર. મૃણાલીના જેઠ. રુષિક, અક્ષય અવંતિકાબેન પ્રશાંતકુમાર ઠક્કરના મોટાભાઈ. ગં.સ્વ. નીતાબેન અશ્વિનભાઈ ભગદે (મથલવાળા)નાં જમાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮-૯-૨૫ના ૫.૦૦થી ૭.૦૦. ઠેઃ કાલીદાસ ઓડિટોરીયમ હોલ, પરસોત્તમ ખેરાજ રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**બ્રહ્મક્ષત્રિય**

ગં.સ્વ. હંસાબેન શનિશ્વરા (ઉં.વ.૭૮) તા. ૧૩-૯-૨૫ના શ્રીજીચરણ થયેલ છે. તેઓ સ્વ. કુંજબિહારી ઠાકોરલાલ શનિશ્વરાના પત્ની. પલ્લવી અને ઈન્દ્રેશના માતુશ્રી. સ્વ. વિનુભાઈ-સ્વ. ગંભીરદાસ-સ્વ. જમનાદાસ-સ્વ. ગજેન્દ્ર-સ્વ. મધુબેન મચ્છર-સ્વ. ઈન્દિરાબેન મામતોરા - સ્વ. અશોકભાઈના ભાભી. સ્વ. કોકિબેન-રશ્મિકાંત તથા ધીરેનના કાકી. ગં.સ્વ. માણેકબેન દલપતરાય બોસમિયાના મોટી દીકરી. નટુભાઈ - સ્વ. કિશોરભાઈ- અરવિંદભાઈ -પ્રફુલભાઈ - જયશ્રીબેન-ભરતભાઈના બેન. પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૧૮-૯-૨૫ના ઠેઃ બી/૨૦૬, શ્રીદત્ત એપાર્ટમેન્ટ, શ્રી દત્ત મંદિરની બાજુમાં, ટાંકી રોડ, નાલાસોપારા (ઈસ્ટ).

**ઝાલાવાડ સત્તર તાલુકા ઔદિચ્ય બ્રાહ્મણ**

ગામ હળવદ હાલ મુલુંડ અ.સૌ. માહેશ્વરીબેન જાની (કોકિલાબેન) (ઉં.વ. ૬૮) તે કૈલાસભાઈ જાનીના પત્ની. વરુણના મમ્મી. ઉર્મિના સાસુ. રૂદ્ર અને રેયાંશના દાદી. સ્વ. દિનેશભાઈ જિતેન્દ્રભાઈ, દેવયાનીબેનના ભાભી. સ્વ. જયંતીલાલ જયશંકર રાવલના દીકરી. તા. ૧૬-૯-૨૫ને મંગળવારના સ્વર્ગવાસ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**જંબુસર વિશા લાડ વણિક**

હર્ષદ જયંતીલાલ શેઠ (ઉં.વ. ૬૯) એ પ્રિતેશના પિતા. ભૂમિકાના સસરા. જન્મેશના દાદા. દિપકભાઈ, સ્મિતાબેન જરીવાલાના ભાઈ, તારીખ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૫ના ૫ થી ૭. સિદ્ધાર્થ બેન્ક્વેટ, લોખંડવાળા, અંધેરી આર. ટી.ઓ.ની પાસે, અંધેરી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળગામ ખંભાળિયા હાલ મુંબઈ, સૌરભભાઈ ઠક્કર (ઉં.વ. ૬૦) તે સ્વ. જયાબેન વસંતજી ઠક્કર (બાળદિયા)ના પૌત્ર. ગં. સ્વ. ક્રિષ્ણાબેન ત્રિભોવનભાઇ ઠક્કરના પુત્ર. સુપ્રિતાબેનના પતિ. નયનભાઈના પિતા. સ્વ. નીલમબેન ચત્રભુજભાઈ કોટેચા, સ્વ. કિશોરભાઈ, સ્વ. ભુપેન્દ્રભાઈના ભત્રીજા. તા. ૧૩/૯/૨૫ના શનિવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિત સહસ્ત્ર બ્રાહ્મણ**

મૂળ ગામ દેવરાસણ મહેસાણા હાલ કલ્યાણ, મુકેશ મહાશંકર પંડ્યા (ઉં.વ. ૬૪) મંગળવાર, ૧૬/૯/૨૫ના સ્વર્ગલોક પામ્યા છે. સ્વ. મહાશંકર પંડ્યા, ગં. સ્વ. અનસૂયા પંડ્યાના પુત્ર. સ્વ. નરેન્દ્ર પંડ્યા, પ્રકાશ પંડ્યાના ભાઈ. શ્રીમતી પૂજા પંડ્યાના પતિ. કામના દેસાઈ, નમ્રતા સીસોદીયાના પિતાશ્રી. જય દેસાઈ, નિશાંત સીસોદીયાના સસરા. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૮/૯/૨૫ને ૫થી ૭. જલારામ હૉલ, શ્રી કલ્યાણ લોહાણા મહાજન વાડી પાછળ, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ પશ્ચિમ. સસરા પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

સરલા મુલરાજ ટોપરાણી (ઉં.વ. ૮૮) સ્વ. મુલરાજ ધરમશી ટોપરાણના ધર્મપત્ની. સ્વ. મનાબાઈ સ્વ. ધરમશી નેણશી ટોપરાણીના પુત્રવધૂ. સ્વ. લીલાવંતી, સ્વ. લીલાધર સરૈયાના પુત્રી. અ. સૌ. વર્ષા જીતેન્દ્ર આશર, સ્વ. હેમીના, સ્વ. હેમંત કાપડિયા, અ. સૌ. પારિન્દ્રા કેતન ભાટિયા, અ. સૌ. જાગૃતિ રાજીવ દુતિયા, અ. સૌ. અલ્પા વિશ્વાસ મુલ્કીના માતુશ્રી. તા. ૧૭-૯-૨૫ બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૧૯-૯-૨૫ શુક્રવારના ૫ થી ૬.૩૦. નિકો હોલ, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા ઉદ્યોગ ભવનની બાજુમાં. લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

# ગ્રીન ફ્યૂલને પ્રોત્સાહનઃ બેકરીવાળા માટે વર્કશોપનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ હાઈ કોર્ટના નિર્દેશ મુજબ મુંબઈની તમામ બેકરીઓને પર્યાવરણને નુકસાન કરનારા લાકડા તથા કોલસા જેવા ઈંધણને બદલે ગ્રીન ફ્યુલ (પર્યાવરણને નુકસાન ના કરે તેવું ઈંધણ)નો ઉપયોગ કરવાનો છે. બેકરીવાળાઓને પર્યાવરણને અનુરૂપ સ્વચ્છ ઈંધણ બાબતે માર્ગદર્શન આપવા માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા આજે ભાયખલામાં એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

બોમ્બે હાઈ કોર્ટના નિર્દેશનું પાલન કરતા પાલિકા મુંબઈની તમામ બેકરીઓને સ્વચ્છ ઈંધણનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહન આપી રહી છે. એ સાથે જ તેમને પર્યાયી ઈંધણ બાબતે મદદ પણ કરી રહી છે. પાલિકાના ડેટા મુજબ મુંબઈમાં હાલ ૨૦૯ બેકરીઓ કોલસા તથા લાકડાને બદલે સ્વચ્છ ઈંધણ તરફ આગળ વધવાની પ્રક્રિયામાં છે, જ્યારે ૨૯૦ બેકરીઓએ હજી સુધી તેમની ભઠ્ઠીનું રૂપાંતર ગ્રીન ફ્યૂલમાં શરૂ કર્યું નથી. પાલિકા દ્વારા તાજેતરમાં હાથ ધરાયેલા એક સર્વેમાં ૧૬૦ બેકરીઓને ઓળખી કાઢવામાં આવી હતી, જે તાત્કાલિક સ્વરૂપે લાકડાને બદલે ગ્રીન ફ્યૂલમાં સ્વિચ કરી શકે છે. આમાંથી લગભગ ૩૬ બેકરીઓએ રૂપાંતર માટે અરજી પણ કરી દીધી છે. બાકીની ૧૩૦ બેકરીઓ ઈલેક્ટ્રિક ઓવન અથવા એલપીજીમાં રૂપાંતર માટે પાત્ર છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ બેકરીવાળા માટે ગુરુવાર, ૧૮ સપ્ટેમ્બરના ભાયખલાના પ્રાણીબાગમાં આવેલા પૅંગ્વિનકક્ષમાં એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. સંબંધિત બેકરીના માલિકોને જરૂરી દસ્તાવેજો સાથે વર્કશોપમાં હાજર રહેવાની સૂચના આપવામાં આવી છે. વર્કશોપમાં મહાનગર ગેસના પ્રતિનિધિઓ પણ હાજર રહેશે, બેકરીઓના માલિકો ત્યાં તાત્કાલિક એલપીજી માટે અરજી કરી શકશે.

ઓક્ટોબર, ૨૦૨૪માં પાલિકાએ કોલસા અથવા લાકડાથી ચાલનારી બેકરીઓને નોટિસ ફટાકરીને તેમને ગ્રીન ફ્યૂલ તરફ વળવાની સૂચના આપી હતી. તે માટે બેકરી માલિકોને માર્ચ ૨૦૨૫ સુધીની મુદત આપવામાં આવી હતી. જોકે ફકત ૩૨ બેકરીઓએ પાલિકાની સૂચનાને અમલમાં મૂકી હતી. નવ જાન્યુઆરીના રોજ હાઈ કોર્ટે તમામ બેકરીઓને ગ્રીન ફ્યૂલમાં રૂપાંતર કરવા માટે આઠ જુલાઈની અંતિમ સમયમર્યાદા નક્કી કરી આપી હતી. ૧૯ ફેબ્રુઆરીના રોજ પાલિકાએ સુધારેલી નોટિસ બાદ વધુ ૧૪ બેકરીઓએ ગ્રીન ફ્યૂલમાં સ્વિચ કર્યું હતું.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




**નિરીક્ષણ...:** એમસીએચઆઈ - ક્રેડાઈ થાણે દ્વારા વર્ષોથી 'થાણે રાસ રંગ' નવરાત્રોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવે છે ત્યારે તાજેતરમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ગરબા મોડેલા ગ્રાઉન્ડનું નિરીક્ષણ કર્યું હતું. એ નિમિત્તે એમસીએચઆઈ - ક્રેડાઈના સિનિયર વાઈસ પ્રેસિડન્ટ જિતેન્દ્રભાઈ મહેતા હાજર રહ્યા હતા.

### મીનાતાઈ ઠાકરેની પ્રતિમાનું અપમાન

# શિવસૈનિકો ગુસ્સે ભરાયા, તપાસ માટે ત્રણ ખાસ પોલીસ ટીમો તૈયાર

## ઉદ્ધવ ઠાકરેએ શિવસૈનિકોને શાંત રહેવાની અપીલ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દાદરના શિવાજી પાર્ક મેદાનમાં બુધવારે સવારે કોઈ અજાણ્યા વ્યક્તિએ માંસાહેબ મીનાતાઈ ઠાકરેની પ્રતિમા પર લાલ રંગ ફેંક્યા બાદ શહેરમાં તણાવ સર્જાયો છે. ગૃહ વિભાગે આ મામલાની નોંધ લીધી છે. આ મામલાની તપાસ માટે ત્રણ ખાસ પોલીસ ટીમોની રચના કરવામાં આવી છે. ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન યોગેશ કદમે એવી માહિતી આપી હતી કે ગુનેગારોને શોધી કાઢવામાં આવશે અને શક્ય તેટલી વહેલી તકે કાર્યવાહી કરવામાં આવશે.

દાદરના શિવાજી પાર્ક મેદાનના પ્રવેશદ્વાર પર શિવસેનાના વડા બાળાસાહેબ ઠાકરેના પત્ની મીનાતાઈ ઠાકરેની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. શિવસૈનિકોમાં તેમના માટે ખૂબ જ આદર છે.

શિવાજી પાર્કમાં આવતા શિવસૈનિકો માંસાહેબની પ્રતિમા સામે નમન કરે છે.

**સખત પોલીસ બંદોબસ્ત:** બુધવારે સવારે કોઈએ આ પ્રતિમા પર લાલ રંગ ફેંક્યો હોવાનું જાણવા મળ્યું. આ સમાચાર વાયુવેગે ફેલાઈ ગયા હતા. ગુસ્સે ભરાયેલા શિવસૈનિકોએ શિવાજી પાર્ક ભેગા થવાનું શરૂ કરી દીધું હતું. આનાથી ભારે તણાવ સર્જાયો હતો. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, આ વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

**પોલીસની ત્રણ ખાસ ટીમો બનાવવામાં આવી:** આ મુદ્દો અમારા માટે ખૂબ જ ભાવનાત્મક છે. માંસાહેબ બધા શિવસૈનિકોના માતા હતા. પોલીસને ગુનેગારોને શોધવા અને તેમની સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. આ માટે ત્રણ ખાસ પોલીસ ટીમો બનાવવામાં આવી છે. ■

### ઉદ્ધવ ઠાકરેએ શું કહ્યું?

'આજે જે બન્યું તે અત્યંત નિંદનીય છે. આની પાછળ કોઈ એવી વ્યક્તિ હોઈ શકે છે જે પોતાના માતા-પિતાનું નામ લેવામાં શરમ અનુભવતી હોય. કોઈ બેઈમાન વ્યક્તિએ આ કૃત્ય કર્યું હશે. જેમ બિહારમાં મોદીની માતાનું અપમાન થયું હોવાથી બિહાર બંધ કરાવવાનો નિષ્ફળ પ્રયાસ થયો હતો, તેથી મહારાષ્ટ્રને આગ લગાડવાનો આ કોઈનો પ્રયાસ હોઈ શકે છે. હાલમાં, પોલીસ આ કેસની તપાસ કરી રહી છે. આગળ શું થાય છે તે જોઈશું.' એવું ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું.

પોલીસે કહ્યું છે કે અમે શોધી કાઢીશું કે આની પાછળ કોણ છે, પરંતુ હું પુનરાવર્તન કરું છું, એવું લાગે છે કે એક ભિખારી છે જે પોતાના માતા-પિતાનું નામ લેવામાં શરમ અનુભવે છે અથવા તેણે મહારાષ્ટ્રને આગ લગાડવાનો કોઈ પ્રયાસ કર્યો છે. ૧૮ વર્ષ પહેલાં પણ આવું જ બન્યું હતું. લાગણીઓ ત્યારે પણ મજબૂત હતી અને આજે પણ મજબૂત છે. પરંતુ અમે શિવસૈનિકોને શાંત રહેવાની અપીલ કરી છે, એમ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું. ■

# ફ્રોડના કેસમાં લોઢા ડેવલપર્સના ભૂતપૂર્વ ડિરેક્ટરની ધરપકડ

મુંબઈ: જાણીતી રિયલ એસ્ટેટ કંપની લોઢા ડેવલપર્સના ભૂતપૂર્વ ડિરેક્ટરની ફ્રોડમાં કથિત સંડોવણી પ્રકરણે ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આરોપી રાજેન્દ્ર લોઢાને બુધવારે વરલી સ્થિત તેના નિવાસસ્થાનેથી તાબામાં લેવાયો હતો. પ્રાથમિક પૂછપરછ પછી ક્રાઈમ બ્રાન્ચની પ્રોપર્ટી સેલે તેની ધરપકડ કરી હતી.

તપાસ દરમિયાન ફ્રોડમાં રાજેન્દ્ર લોઢાની સંડોવણી સામે આવી હતી, જેને પગલે તેની ધરપકડ કરવામાં આવી હતી. બુધવારે લોઢાને કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને ૨૩ સપ્ટેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

કંપનીની નૈતિકતા સમિતિએ રાજેન્દ્ર લોઢાના વ્યવહારની સમીક્ષા કરી એ પછી ગયા મહિને જ તેમણે લોઢા ડેવલપર્સના ડિરેક્ટર પદેથી રાજીનામું આપ્યું હતું. આ કેસની વધુ તપાસ પ્રોપર્ટી સેલ કરી રહી છે.

લોઢા ડેવલપર દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે ગેરરીતિ કદાપી સાંખી નહીં લેવાની કડક નીતિનું કંપની પાલન કરે છે. પછી એ ગેરરીતિ કરનાર વ્યક્તિ કેટલી પણ વરિષ્ઠ હોય કે કોઈ પણ ઊંચો હોદ્દો ધરાવતી હોય. કંપનીની વિનંતી મુજબ રાજેન્દ્ર લોઢાએ ૧૭ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ કંપનીના તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું. પારદર્શિતા ખાતર અમે એ ખાસ નોંધ કરવા માગીએ છીએ કે તેઓ કંપનીના મૅનેજિંગ ડિરેક્ટર અને સીઈઓના દૂરના સગા છે. (પીટીઆઈ)■

# મેટ્રો-થ્રીનું ઉદ્ઘાટન મોદીના હસ્તે 30મી સપ્ટેમ્બરે

મુંબઈ: વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ સપ્ટેમ્બરના રોજ મુંબઈવાસીઓને એક મોટી ભેટ આપવા જઈ રહ્યા છે. મોદી આ દિવસે કફ પરેડથી શરૂ થતી મુંબઈની ભૂગર્ભ મેટ્રો સેવાનું ઉદ્ઘાટન કરશે.

મેટ્રો અધિકારીઓના જણાવ્યા મુજબ આ લાઇન ૩૩.૫ કિમી લાંબી છે. તેમાં કુલ ૨૭ સ્ટેશન છે, જેમાંથી ૨૬ ભૂગર્ભ છે. આરેથી વરલી સુધીનો આશરે ૨૨.૫ કિમીનો ભાગ પહેલાથી જ કાર્યરત થઈ ગયો છે. હવે કફ પરેડથી વરલી સુધીનો ૧૧ કિમીનો બીજો તબક્કો દશેરા પહેલા સામાન્ય લોકો માટે ખુલ્લા મૂકવામાં આવશે.

ભૂગર્ભ મેટ્રોના આ તબક્કાના ઉદ્ઘાટન પછી, કોલાબાથી આરે કોલોની સુધીની મુસાફરી એક કલાકથી ઓછા સમયમાં પૂર્ણ થશે. રોડ માર્ગે આ મુસાફરી કરતા ૨ થી ૩ કલાકનો સમય લાગે છે જેમાં નોંધપાત્ર ઘટાડો થશે. ■

### નવી મુંબઈ એરપોર્ટ પર પ્રથમ વખત ઊતરશે મોદીનું વિમાન

નવી મુંબઈ: રાજ્ય સરકાર ૩૦ સપ્ટેમ્બરે નવી મુંબઈ એરપોર્ટના ઉદ્ઘાટન સમારોહની તૈયારી કરી રહી છે. સિડકો કોર્પોરેશનમાં આ સંદર્ભે બેઠકો યોજવામાં આવી છે અને આ પ્રોજેક્ટના ઉદ્ઘાટન સમારોહની તૈયારીઓને અંતિમ રૂપરેખા આપવામાં આવી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય પ્રધાન મંડળનું વિશેષ વિમાન નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના રનવે પર સૌથી પહેલું ઉતરે એવું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ જ વિમાનમાં પીએમ અને પ્રધાન મંડળના સભ્યો પાછા ફરવાના છે. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર ૩૦ સપ્ટેમ્બરે એરપોર્ટનું ભવ્ય ઉદ્ઘાટન થશે. ઉદઘાટન માટે માત્ર ૧૪ દિવસ બાકી છે ત્યારે સિડકો બોર્ડ અને એરપોર્ટ પ્રોજેક્ટ સાથે સંબંધિત વિવિધ સ્તરે બેઠકો અને તૈયારીઓ ચાલી રહી છે.

ઉદ્ઘાટન પછી એરપોર્ટથી નિયમિત ફ્લાઈટ શરૂ કરવા માટે બીજા એકથી દોઢ મહિનાનો સમય લાગશે. એરપોર્ટની સુરક્ષા કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ એટલે કે કસ્ટમ્સ, પાસપોર્ટ વિભાગ અને સીઆઈએસએફને હસ્તાંતરિત કરવાની પ્રક્રિયા પર પાડવામાં આવશે. મુલાકાત દરમિયાન એરપોર્ટની સફાઈ અને અંતિમ તબક્કાના કામો પણ પૂર્ણ કરવામાં આવશે. ■

# આંગડિયાના ડ્રાઈવરે જ ૨.૭૦ કરોડ રૂપિયા ચાંઉ કરવા રચ્યું લૂંટનું નાટકઃ બેની ધરપકડ

## બેભાન કર્યા બાદ હાથ-પગ બાંધી પાંચ લૂંટારાએ રોકડ લૂંટ્યાનું જુઠ્ઠાણું તપાસમાં ઉઘાડું પડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈના સી. પી. ટૅન્ક પરિસરમાં આંગડિયાના ડ્રાઈવરે ૨.૭૦ કરોડની રોકડ ચાંઉ કરવા લૂંટનું નાટક રચ્યું હોવાનું તપાસમાં સામે આવતાં પોલીસે ડ્રાઈવર સહિત બેની ધરપકડ કરી હતી.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૨ના અધિકારીઓએ ધરપકડ કરેલા બન્ને આરોપીની ઓળખ બૈજનાથ રામલખન ગુપ્તા ઉર્ફે પિંટુ અને ઈબ્રાહિમ અબ્દુલ રહીમ શેખ તરીકે થઈ હતી. કોર્ટે બન્ને આરોપીને બાવીસ સપ્ટેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેમની વધુ પૂછપરછ કરી રહી છે.

અધિકારીના જણાવ્યા મુજબ મસ્જિદ બંદરમાં આવેલી આંગડિયાની ઑફિસમાં ૧૦ વર્ષથી ડ્રાઈવર તરીકે કામ કરતો ગુપ્તા રોકડના વ્યવહારથી તે સારી પેઠે જાણકાર હતો. ઘટના ૧૦ સપ્ટેમ્બરની રાતે આઠ વાગ્યાની આસપાસ સી. પી. ટૅન્ક વિસ્તારમાં બની હતી. કંપનીની કાર લઈને ગુપ્તા વેપારીઓ પાસેથી રોકડ એકઠી કરવા ગયો હતો. અમુક વેપારીઓની રોકડ લઈને તે રાતે પાછો ઑફિસે આવવાનો હતો.

જોકે રાત થયા છતાં ગુપ્તા ઑફિસે પાછો ન ફરતાં ફરિયાદી તેને શોધવા સી. પી. ટૅન્ક ગયો હતો. ફરિયાદીને કંપનીની કાર એક સ્થળે પાર્ક કરાયેલી નજરે પડી હતી. કારમાં ગુપ્તા બેભાન હતો અને તેના હાથ-પગ રસ્સીથી બાંધેલા હતા.

હૉસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ ભાનમાં આવેલા ગુપ્તાએ જણાવ્યું હતું કે ચારથી પાંચ લૂંટારા બેભાન કરીને હાથ-પગ બાંધ્યા બાદ રોકડ ભરેલી બૅગ લૂંટી ફરાર થઈ ગયા હતા. બૅગમાં ૨.૭૦ કરોડ રૂપિયા હતા. આ પ્રકરણે વી. પી. રોડ પોલીસે ગુનો નોંધ્યો હતો, જેની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચ કરી રહી હતી.

# લૂંટને ઈરાદે વૃદ્ધાની હત્યા

પાલઘર: પાલઘર જિલ્લાના વાડા તાલુકામાંથી ગુમ ૬૩ વર્ષની વૃદ્ધાનો મૃતદેહ ગામમાંથી મળી આવતાં લૂંટને ઇરાદે તેની હત્યા કરાઈ હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

વાડા પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ સંગીતા ભાગોજી પાટીલ તરીકે થઈ હતી. તેનો મૃતદેહ કોન ગામની હદમાંથી મંગળવારની સાંજે મળી આવ્યો હતો.

કોન ગામમાં જ રહેતી પાટીલ અમુક દિવસથી ગુમ હતી અને પોલીસ તેની શોધ ચલાવી રહી હતી. દરમિયાન મંગળવારની સાંજે તે મૃત અવસ્થામાં મળી હતી. તેણે પહેરેલો સોનાનો નેકલેસ અને ઈયરિંગ્સ ગુમ હોવાથી લૂંટને ઇરાદે વૃદ્ધાની હત્યા કરાઈ હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

આ પ્રકરણે વાડા પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ)■

# થાણેમાં સિલિંગ પ્લાસ્ટ તૂટી પડતા બાળક સહિત બે જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે પશ્ચિમમાં વાગલે એસ્ટેટમાં રહેતા ગુજરાતી પરિવારના ઘરમાં વહેલી સવારે સિલિંગનું પ્લાસ્ટર તૂટી પડતા ૧૧ વર્ષના બાળક સહિત બે લોકો જખમી થયા હોવાની દુર્ઘટના બની હતી. શિવાજી નગરમાં ડિસોઝા વાડીમાં ગ્રાઉન્ડ પ્લસ ચાર માળ સહિત એક ટેરેસ ફ્લેટ સાથેની સાઈ મમતા નામની બિલ્ડિંગ આવેલી છે. રૂમ નંબર ૨૦૨માં રહેતા અનિશ વાલજી દેવલિયાના બંને દીકરા ૧૧ વર્ષનો વંશ અનિશ દેવલિયા અને ૨૨ વર્ષના વિવેક અનિશ દેવલિયા જખમી થયા હતા. થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ આ બિલ્ડિંગ લગભગ ૩૦ વર્ષ જૂની છે.

# મોદી સરકારે મરાઠવાડામાં રેલવે લાઇન માટે ૨૧,000 કરોડ રૂપિયા આપ્યા, યુપીએના સમયમાં ૪૫૦ કરોડ આવ્યા હતાઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રના મરાઠવાડામાં રેલવે પ્રોજેક્ટ્સ માટે છેલ્લા ૧૦ વર્ષમાં ૨૧,૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા હતા, જ્યારે યુપીએના સમયમાં ફક્ત ૪૫૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા.

પરલી-બીડ-અહિલ્યાનગર રેલવે પ્રોજેક્ટના બીડ-અહિલ્યાનગર સેક્શનનું ઉદ્ઘાટન કર્યા પછી એક સભાને સંબોધતા, ફડણવીસે અગાઉની મહા વિકાસ આઘાડી (એમવીએ) સરકાર પર ભંડોળ ન આપીને પ્રદેશમાં રેલવે પ્રોજેક્ટ્સ અટકાવવાનો આરોપ લગાવ્યો હતો. નાયબ મુખ્ય પ્રધાન અને બીડના પાલક પ્રધાન અજિત પવાર, મિનિસ્ટર પંકજા મુંડે અને બીડના સાંસદ બજરંગ સોનાવણે પણ આ કાર્યક્રમમાં હાજર હતા.'વડા પ્રધાન મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે છેલ્લા દસ વર્ષમાં મરાઠવાડામાં રેલવે પ્રોજેક્ટ્સ માટે રૂ. ૨૧,૦૦૦ કરોડ ફાળવ્યા હતા, જ્યારે તત્કાલીન યુપીએ (યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ) સરકારે દસ વર્ષમાં રૂ. ૪૫૦ કરોડ ફાળવ્યા હતા,' એમ ફડણવીસે જણાવ્યું હતું. ■

### છત્રપતિ સંભાજીનગર દેશની ઈલેક્ટ્રિક વાહન રાજધાની બનશે

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું કે છત્રપતિ સંભાજીનગર દેશનું ઇલેક્ટ્રિક વાહન (ઈવી)ની રાજધાની બનશે કારણ કે તે એક પ્રિય રોકાણ સ્થળ બની રહ્યું છે.

મરાઠવાડામાં આવેલા છત્રપતિ સંભાજીનગરના સિદ્ધાર્થ ગાર્ડન ખાતે તેઓ મરાઠવાડા મુક્તિ સંગ્રામ સ્મારકમાં આયોજિત એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા.

૧૭ સપ્ટેમ્બરે મરાઠવાડાના ભારત સાથે એકીકરણ અને નિઝામ શાસન હેઠળના હૈદરાબાદ રાજ્યના ભારતીય સંઘમાં જોડાણની તારીખ હોવાથી આ દિવસને મરાઠવાડા મુક્તિ સંગ્રામ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ■

# 'સાયબર ગુલામી' કેસનો સૂત્રધાર મીરા રોડમાં પકડાયો

## ઊંચા પગારની નોકરીને બહાને આરોપી સાયબર ફ્રોડના કૉલ સેન્ટરમાં બળજબરીથી કામ કરાવવા યુવાનોને વિદેશ લઈ જતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઊંચા પગારની નોકરીને બહાને વિદેશ લઈ ગયા પછી યુવાનોને સાયબર ફ્રોડ કરનારા કૉલ સેન્ટરમાં બળજબરીથી કામ કરાવવાના 'સાયબર ગુલામી' કેસમાં મુખ્ય આરોપીની પોલીસે ધરપકડ કરી હતી.

મુંબઈના સાઉથ રિજન સાયબર પોલીસે બુધવારે ધરપકડ કરેલા આરોપીની ઓળખ સલમાન મુનીર શેખ તરીકે થઈ હતી. નોકરી ઇચ્છુકોને વિદેશ લઈ જવા માટે શેખ એજન્ટ તરીકે કામ કરતો હતો. પોલીસ કસ્ટડીમાં રહેલા શેખની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે.

એન્ટોપ હિલ વિસ્તારમાં રહેતા યુવાને ઑગસ્ટ, ૨૦૨૪માં નોંધાવેલી ફરિયાદને આધારે સાયબર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. નોકરીની શોધમાં રહેલા ફરિયાદીની ઓળખાણ સોશ્યલ મીડિયા મારફત શેખ સાથે થઈ હતી. શેખે વિદેશમાં નોકરી સંદર્ભેની જાહેરાત આપી હતી.

થાઈલૅન્ડમાં મહિને ૭૦ હજાર રૂપિયાની ડેટા એન્ટ્રીની નોકરી હોવાનું શેખે ફરિયાદીને કહ્યું હતું. લાલચમાં આવી ફરિયાદી અને તેનો મિત્ર થાઈલૅન્ડ જવા તૈયાર થઈ ગયા હતા. આ માટે વિઝા અને ટિકિટના બન્ને જણે ૩૦-૩૦ હજાર રૂપિયા શેખને ચૂકવ્યા હતા.

ફરિયાદમાં જણાવાયું હતું કે ફેબ્રુઆરી, ૨૦૨૪માં ફરિયાદી અને તેના મિત્ર સહિત પાંચ જણને શેખ થાઈલૅન્ડ લઈ ગયો હતો. ઍરપોર્ટથી કારમાં લાઓસ લઈ ગયા પછી પાંચેયને ત્યાંના કૉલ સેન્ટરમાં ચાઈનીઝ નાગરિકને સોંપાયા હતા. પછી શેખ ત્યાંથી ભારત પાછો ફર્યો હતો.

કૉલ સેન્ટરમાં ભારતથી ગયેલા પાંચેયના પાસપોર્ટ જમા કરાવી દેવાયા હતા અને અનિચ્છાએ તેમની પાસે લોકોને ઠગવાનાં કામ કરાવાતાં હતાં. આરોપીઓ વિવિધ દેશના નાગરિકોને વૉટ્સઍપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવાં સોશ્યલ મીડિયાનાં માધ્યમથી સંપર્ક કરવાનું કહીને છેતરપિંડી અને ખંડણી જેવાં કામ કરવા દબાણ કરતા હતા. કામના સ્થળેથી બહાર નીકળવાની પણ તેમને મનાઈ ફરમાવાઈ હતી.

આવું કામ કરવાનો ઇનકાર કરી ભારત પાછા મોકલાવી દેવાની વાત ફરિયાદીએ કરતાં બદલામાં ૨૦ હજાર ચાઈનીઝ કરન્સી ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું. એ સિવાય તેમની બદલીમાં બે યુવાનને નોકરીએ લગાડવાની શરત મૂકવામાં આવી હતી. શેખ દ્વારા બે યુવાન મોકલવામાં આવ્યા પછી ફરિયાદીનો છુટકારો થયો હતો. ■

# 'ડોમ્બિવલી લોકલ રિટર્ન પ્રવાસીઓથી ભરાઈ જાય છે તો અમને શું ફાયદો'

## તેથી કારશેડમાંથી લોકલ છોડવાની ડોમ્બિવલીવાસીઓની માગણી

ડોમ્બિવલી: સવારના સમયે ૭.૪૦ વાગ્યે અને તેના પછીની ૮.૪૦ વાગ્યે આવતી ડોમ્બિવલી લોકલ ટ્રેન મુમ્બ્રા, દિવા અને કોપર વિસ્તારના પ્રવાસીઓથી ભરાઈને આવે છે. આ કારણે ડોમ્બિવલી લોકલ ટ્રેન ડોમ્બિવલી રેલવે સ્ટેશન પહોંચે તે પહેલાં જ ભરેલી હોય છે. સ્થાનિક મુસાફરો માટે બનાવાયેલી ડોમ્બિવલી લોકલ ટ્રેનમાં ડોમ્બિવલીના મુસાફરોને બેસવાની જગ્યા મળતી નથી. તેથી, ડોમ્બિવલી રેલવે સ્ટેશનથી દરરોજ મુસાફરી કરતી ૩૦૦ થી વધુ કામ કરતી મહિલાઓના સબર્બન રેલવે પેસેન્જર્સ ફેડરેશનના પ્રમુખ લતા અરગડેને રજૂઆત કરીને આ મુદ્દાનો અસરકારક ઉકેલ શોધવા માટે પહેલ કરવાની માગ કરી છે.

ડોમ્બિવલી સીએસએમટી લોકલ ટ્રેન જે ડોમ્બિવલી રેલ્વે સ્ટેશનથી સવારે ૮.૧૪ વાગ્યે ઉપડે છે. છેલ્લા કેટલાક મહિનાઓથી, છત્રપતિ શિવાજી ટર્મિનસથી ડોમ્બિવલી જતી સવારની લોકલ ટ્રેનો મુમ્બ્રા, દિવા અને કોપર વિસ્તારોના વિરુદ્ધ દિશામાંથી આવતા મુસાફરોથી ભરેલી હોય છે. આ મુસાફરો પહેલેથી જ સીટો પર બેઠા હોવાથી ડોમ્બિવલી રેલવે સ્ટેશન પરથી ચઢતા મુસાફરોને સીટ મળતી નથી. લોકલ કોચમાં ત્રણ કોચ મહિલાઓ માટે અનામત રાખવામાં આવ્યા છે. આ ત્રણેય કોચ મુમ્બ્રાથી કોપર રેલ્વે સ્ટેશન તરફ વિરુદ્ધ દિશામાંથી આવતી મહિલા મુસાફરોથી ભરેલા હોવાની ફરિયાદ કામ કરતી મહિલા મુસાફરો દ્વારા કરવામાં આવી છે. અગાઉ, કલ્યાણ રેલવે સ્ટેશનથી ઉપડતી સવારે ૭.૫૬ વાગ્યેની લોકલ વિરુદ્ધ દિશામાંથી આવતા મુસાફરોથી ભરેલી રહેતી હતી. આ સંદર્ભમાં, કલ્યાણ રેલ્વે સ્ટેશન પર મુસાફરોએ વરિષ્ઠ રેલ્વે અધિકારીઓ અને રેલ્વે એસોસિએશનને ફરિયાદ કરી હતી. ત્યારબાદ, સવારની કલ્યાણ લોકલ કાર શેડમાંથી ઉપડવા લાગી. અને આ લોકલમાં વિરુદ્ધ લેનમાંથી આવતા મુસાફરોની મુશ્કેલી ઓછી થઈ. તેવી જ રીતે આ મહિલા મુસાફરોએ સૂચન કર્યું છે કે ડોમ્બિવલી લોકલને કાર શેડમાંથી શરૂ કરવી જોઈએ. ■

# મહાબળેશ્વરમાં જોય મીની ટ્રેનઃ પ્રવાસનને ગતિ આપવાનો પ્રયાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્ય સરકાર મહત્વપૂર્ણ પ્રવાસન સ્થળોએ પ્રવાસન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરી રહી છે, એમ જણાવતાં રાજ્યના પ્રવાસન ખાતાના પ્રધાન શંભુરાજ દેસાઈએ બે 'જોય મીની ટ્રેન' - મહાબળેશ્વર-તાપોલા, કોયનાનગર-નેહરુનગર વચ્ચે ચાલુ કરવા માટેના પ્રોજેક્ટ તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો હતો.

શંભુરાજ દેસાઈ 'જોય મીની ટ્રેન'ના લોન્ચ અંગે મેઘદૂત સરકારી નિવાસસ્થાને આયોજિત બેઠકમાં બોલી રહ્યા હતા. શંભુરાજ દેસાઈએ જણાવ્યું હતું કે 'જોય મીની ટ્રેન', જે પ્રવાસીઓને દેશના મહત્વપૂર્ણ સ્થળોએ આકર્ષે છે અને તેમને ટૂંકા સમયમાં પ્રવાસન સ્થળોની મુલાકાત લેવાની મંજૂરી આપે છે, તે ખૂબ જ લોકપ્રિય પહેલ છે. આ પહેલ રાજ્યના મહત્વપૂર્ણ પ્રવાસન સ્થળોએ શરૂ થવી જોઈએ.

માથેરાનની જેમ રાજ્યમાં આ પહેલ શરૂ કરવા માટે, તમામ સ્થાનિક વિવિધ લાઇસન્સ મેળવ્યા પછી, તમામ ટેકનિકલ પાસાઓ તેમજ આ પહેલથી થતા નાણાકીય નફાની તપાસ કર્યા પછી આ પહેલ માટે દરખાસ્ત તૈયાર કરવી જોઈએ. વિભાગે ખાતરી કરવી જોઈએ કે આ પહેલ ઓછા ખર્ચે ખૂબ જ આકર્ષક રીતે કેવી રીતે શરૂ કરી શકાય, એમ પ્રધાને અધિકારીઓને જણાવ્યું હતું. ■

# આ વર્ષે ભારતની નિકાસ ૬ ટકા વધવાની શક્યતાઃ પીયૂષ ગોયલ

મુંબઈ: કેન્દ્રીય વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલે બુધવારે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ૨૦૨૪ના સમાન સમયગાળાની તુલનામાં આ વર્ષે ભારતની નિકાસ લગભગ ૬ ટકા વધશે. પડકારો છતાં વૈશ્વિક વેપારમાં દેશના મજબૂત પ્રદર્શન પર ભાર મૂકતા, તેમણે કહ્યું હતું કે મુક્ત વેપાર કરારો (એફટીએ) પર ચર્ચા ઘણા દેશો સાથે આગળ વધી રહી છે. 'ભારતની નિકાસ ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં આ વર્ષે લગભગ ૬ ટકા વધશે. મારું માનવું છે કે આપણે વર્ષનો અંત સકારાત્મક રીતે કરીશું,' એમ જણાવતાં ગોયલે ઉમેર્યું હતું કે મુક્ત વેપાર કરારો (એફટીએ) પર ચર્ચા ઘણા દેશો સાથે આગળ વધી રહી છે.

'ભારતની વધતી જતી તાકાત અને આપણે અમૃતકાળમાં ૪ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રથી ૩૦ ટ્રિલિયન ડોલરથી વધુના અર્થતંત્ર તરફ આગળ વધી રહ્યા છીએ તે સ્પષ્ટપણે દર્શાવે છે કે ભારત વ્યવસાય કરવા માટે યોગ્ય સ્થળ છે. વિશ્વ ભારત સાથે કામ કરવા માગે છે,' એમ તેમણે જણાવ્યું હતું. ■

# નગર પરિષદો-પંચાયતોના વહીવટી મકાનો માટે હવે ફક્ત એક જ મૉડેલ નકશો

મુંબઈ: રાજ્યમાં નગર પરિષદો અને નગર પંચાયતોના વહીવટી મકાનો સરકાર દ્વારા તૈયાર કરાયેલા મૉડેલ નકશા (ટાઈપ પ્લાન) મુજબ બાંધવા ફરજિયાત બનાવવામાં આવ્યા છે, એમ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ બુધવારે મુંબઈમાં જણાવ્યું હતું.

નગર પરિષદો અને નગર પંચાયતો, પદાધિકારીઓ તેમજ અધિકારીઓ અને કર્મચારીઓની સંખ્યા અને શહેરોની વસ્તીને ધ્યાનમાં રાખીને, જાહેર બાંધકામ વિભાગના મુખ્ય આર્કિટેક્ટ દ્વારા નવા વહીવટી મકાનોના નિર્માણ માટે મૉડેલ નકશા (ટાઈપ પ્લાન)ને મંજૂરી આપવામાં આવી છે. તે મુજબ, રાજ્યની તમામ નગર પરિષદો અને નગર પંચાયતો માટે આ મૉડેલ નકશા મુજબ નવી વહીવટી ઇમારતો બાંધવાનું ફરજિયાત રહેશે.

જે સ્થળોએ અગાઉ વહીવટી મકાનો બનાવવાની મંજૂરી આપવામાં આવી છે, પરંતુ કામ શરૂ થયું નથી, ત્યાં હવે નવા મૉડેલ નકશા મુજબ બાંધકામ કરવું પડશે. ■

# મુંબઈના રેલવે સ્ટેશન પર ગંદકીવાળી જગ્યામાં શિવાજી મહારાજનાં પોસ્ટર

## કૉંગ્રેસે મુખ્ય પ્રધાનની ઝાટકણી કાઢી

મુંબઈ: મુંબઈના એક રેલવે સ્ટેશન પર કથિત રીતે ગંદકીવાળી જગ્યામાં શિવાજી મહારાજના પોસ્ટર લગાવવા બદલ કોંગ્રેસે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની ઝાટકણી કાઢી હતી. આ પ્રયાસ છત્રપતિ શિવાજી મહારાજનું અપમાન હોવાનો આરોપ કોંગ્રેસે કર્યો હતો. કોંગ્રેસ પક્ષના પ્રદેશ એકમના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે જણાવ્યું હતું કે શિવાજી મહારાજના પોસ્ટર પ્રભાદેવી સ્ટેશન નજીક ચોંટાડવામાં આવ્યા હતા.તેમણે શાસક ભાજપ પર મહારાષ્ટ્રના દેવતા શિવાજી મહારાજનું અપમાન કરવાનો આરોપ મૂક્યો હતો.

સપકાળે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે લોકો આ પોસ્ટરોની આસપાસ થૂંકી રહ્યા હતી. મહારાષ્ટ્રમાં આ કેવા પ્રકારનું વર્તન છે? આવી જગ્યાઓ પર પોસ્ટર લગાવીને શિવાજી મહારાજની છબીને ભ્રષ્ટ કરવાનો ફડણવીસને અધિકાર કોણે આપ્યો? આ પ્રસિદ્ધિ માટેની લાલસા છે.તેમણે એવો પણ આરોપ કર્યો કે ભૂતકાળમાં આરએસએસ-ભાજપના નેતાઓ દ્વારા છત્રપતિ શિવાજી મહારાજનું સતત અને ઈરાદાપૂર્વક અપમાન કરવામાં આવ્યું હતું. એટલે આ વખતે જાણી જોઈને આવું કરવાની શક્યતાને નકારી શકાય નહીં.શિવાજી મહારાજની છબીને કચરાના ઢગલા પાસે મૂકવી એ સમગ્ર રાજ્યનું અપમાન છે. મહારાષ્ટ્ર આ ક્યારેય સહન કરશે નહીં.■

# પાકિસ્તાનને ફોડવો હતો બૉમ્બ, પણ થઈ ગયું સુરસુરિયું

## દુબઈમાં આબરૂના ધજાગરાં થયા, માગણીઓ ફગાવી દેવાતાં નાક કપાઈ ગયું અને આઇસીસી સામે ઘૂંટણિયા ટેકવવા પડ્યા

*અજય મોતીવાલા*

મુંબઈઃ પાકિસ્તાનના ખેલાડીઓ ટી-૨૦ એશિયા કપમાં ક્રિકેટ રમવાના હેતુસર જ યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ)માં આવ્યા, પરંતુ તેમને અહીં મોકલનાર ડ્રામેબાજ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ને દુબઈમાં નાટકના ખેલ ખેલવાનું મન થયું અને ચાર દિવસમાં તેમણે અનેક-અંકી નાટક ભજવ્યાં અને છેવટે તેમણે શરમજનક સ્થિતિમાં જ મુકાઈ જવું પડ્યું. ચાર દિવસ દરમ્યાન તેમણે આક્ષેપ કરીને, મનઘડંત માગણીઓ કરીને તેમ જ ધમકીઓ આપીને એક પછી એક ‘ બૉમ્બ ફોડવાનો’ મનસૂબો ઘડ્યો હતો, પરંતુ છેવટે છડેચોક તેમનું સુરસુરિયું થઈ ગયું.

પાકિસ્તાની ટીમ યુએઇ આવી એ અગાઉ સૌથી પહેલાં તો પીસીબીએ દાટ વાળ્યો હતો. એણે એના બે દિગ્ગજો બાબર આઝમ અને મોહમ્મદ રિઝવાનને ડ્રૉપ કર્યા અને સલમાન અલી આગાના સુકાનમાં એવી મામૂલી ટીમને યુએઇ મોકલી જેણે ઓમાન સામેની પહેલી જ મૅચમાં સાત વિકેટ ગુમાવી દીધી હતી અને પછી વિજય મેળવ્યો હતો.

સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં યુએઇ આવેલી ટીમ ઇન્ડિયાને રવિવાર, ૧૪મી સપ્ટેમ્બરે દુબઈના લીગ મુકાબલામાં હરાવવાનો પણ બદઇરાદો પાકિસ્તાની ટીમનો હતો, પરંતુ એમાં પણ તેઓ નિષ્ફળ ગયા. ટી-૨૦ના વર્લ્ડ ચૅમ્પિયન અને વર્લ્ડ નંબર-વન ભારતને હરાવીને તેઓ ક્રિકેટજગતને ચોંકાવી નાખનારો બૉમ્બ ફોડવા માગતા હતા જે ન થઈ શક્યું. ભારતીય ટીમે સાત વિકેટે જીતીને પાકિસ્તાનનું સુરસુરિયું કરી નાખ્યું.

એ મૅચ પહેલાં ટૉસ વખતે સૂર્યકુમારે પાકિસ્તાની સુકાની સાથે હાથ તો નહોતા મિલાવ્યા, તેની સામે જોયું પણ નહોતું. ભારતના વિજય બાદ સમગ્ર ભારતીય ટીમે પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ ન મિલાવ્યા એટલે પાકિસ્તાનીઓને ફરી પોતાનું અપમાન થયું હોવાની ઘૂરી ઉપડી. ભારતીય ખેલાડીઓએ એ યાદગાર વિજય પહલગામમાં શહીદ થયેલા હિન્દુ સહેલાણીઓને સમર્પિત કર્યો હતો.

પાકિસ્તાની ટીમને ભારત સામેની હાર હજમ નહોતી થઈ. પીસીબીએ વિવાદ શરૂ કરી દીધો અને આક્ષેપ કર્યો કે ટૉસ વખતે મૅચ-રેફરી ઍન્ડી પાઇક્રૉફ્ટે બન્ને ટીમના સુકાનીઓને હાથ ન



મૅચ-રેફરી ઍન્ડી પાઇક્રૉફ્ટ

મિલાવવાની સૂચના આપીને પ્રૉટોકૉલનો ભંગ કર્યો હતો. એવું કહીને પીસીબીએ માગણી કરી કે પાઇક્રૉફ્ટ હવે પછી પાકિસ્તાનની મૅચમાં રેફરી તરીકે ન જોઈએ. જોકે આઇસીસીએ એની ઉપરાઉપરી બે વિનંતી ફગાવી દીધી એટલે એણે (પાકિસ્તાને) બુધવારે યુએઇ સામેની મૅચ પહેલાં સમગ્ર એશિયા કપના બહિષ્કારનું નાટક શરૂ કરી દીધું હતું, પીસીબીએ પોતાના ખેલાડીઓને હોટેલમાંથી બહાર ન નીકળવાની સલાહ આપી હતી. જોકે આઇસીસી સાથેની લાંબી ચર્ચા બાદ પીસીબીની લીલી ઝંડી મળતાં પાકિસ્તાનની ટીમ દુબઈના સ્ટેડિયમ પર પહોંચી હતી.

જે કંઈ હોય, ઍન્ડી પાઇક્રૉફ્ટને એશિયા કપમાં પોતાની મૅચોના મૅચ-રેફરીના હોદ્દેથી હટાવવાની માગણી ફગાવી દેવાઈ અને યુએઇ સામેની મૅચમાં પાઇક્રૉફ્ટને જ હોદ્દા પર જાળવી રાખવામાં આવ્યા એટલે પાકિસ્તાનની આબરૂના ધજાગરાં થઈ ગયા.

પાકિસ્તાની ટીમે રવિવારે ભારત સામેની મૅચ પછી પત્રકાર પરિષદ રદ કરીને વધુ એક ડ્રામા કર્યો હતો અને પાઇક્રૉફ્ટ સામે પગલાં નહીં લેવાય તો અમે એશિયા કપમાં વધુ નહીં રમીએ એવી લૂલી ધમકી આપી હતી જેમાં છેવટે બુધવારે પાકિસ્તાને જ ઊંધા માથે પટકાવું પડ્યું છે.

રવિવારે પાકિસ્તાની સુકાની સલમાન આગા સાથે હાથ ન મિલાવવા બદલ સૂર્યકુમાર યાદવ પાકિસ્તાની ટીમની માફી માગે એવી માગણી પણ કરનાર પાકિસ્તાન બોર્ડનું યુએઇમાં નાક કપાઈ ગયું છે. ભારતીય ક્રિકેટમાં એવી પણ ચર્ચા હતી કે પાકિસ્તાને ૨૧મી સપ્ટેમ્બરે સુપર-ફોરમાં ફરી ભારત સામે રમવાનું હતું એટલે એમાં પણ પરાજય થતાં આબરૂના ફરી કાંકરા થાય એવું ધારીને એશિયા કપનો બહિષ્કાર કરવાનું નાટક કર્યું હતું. ■

# મોદીને મેસીની જન્મદિનની ભેટ



નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને બુધવાર, ૧૭મી સપ્ટેમ્બરે ૭૫મા જન્મદિન નિમિત્તે ફૂટબૉલના સુપરસ્ટાર લિયોનેલ મેસીએ ૨૦૨૨ના ફિફા વર્લ્ડ કપની પોતાની વર્લ્ડ ચૅમ્પિયન-જર્સી પોતાના ઑટોગ્રાફ સાથે મોકલી છે.

આર્જેન્ટિનાનો ફૂટબૉલ-સ્ટાર મેસી ડિસેમ્બરમાં ભારત આવવાનો છે અને એ પ્રવાસ દરમ્યાન તે મુંબઈ સહિત કેટલાક શહેરોમાં ફૂટબૉલ રમશે. મેસીના ભારત-પ્રવાસની વ્યવસ્થા કરી રહેલા પ્રમોટર સતાદ્રુ દત્તાએ પીટીઆઇને જણાવ્યું હતું કે ‘ ફૂટબૉલ-આઇકન મેસીએ મોકલેલી વર્લ્ડ કપ જર્સી બે-ત્રણ દિવસમાં પીએમને પહોંચાડવામાં આવશે.’

દત્તાએ પીટીઆઇને જણાવ્યું હતું કે ‘ હું ભારત-પ્રવાસ વિશે ફેબ્રુઆરીમાં મેસીને મળ્યો હતો ત્યારે મેં તેને એવું પણ કહ્યું હતું કે ૧૭મી સપ્ટેમ્બરે પીએમ મોદીનો ૭૫મો જન્મદિન ઉજવશે. ત્યારે મેસીએ મને કહેલું કે તે વડા પ્રધાનને પોતાના ઑટોગ્રાફવાળું જર્સી ભેટ તરીકે મોકલશે.’

દત્તાએ પીટીઆઇને એવું પણ કહ્યું હતું કે ‘ ડિસેમ્બરની મધ્યમાં મેસી ભારત આવશે ત્યારે પીએમ મોદી અને મેસી વચ્ચે મીટિંગ યોજાય એ માટે પણ હું પ્રયત્નશીલ છું.’

મેસીની ભારત-ટૂરમાં સૌથી પહેલાં તે ફૂટબૉલ-ક્રેઝી કોલકાતા શહેરમાં જશે. એવું મનાય છે કે ૧૫મી ડિસેમ્બરે મેસી દિલ્હીમાં પીએમ મોદીના નિવાસસ્થાને જશે અને તેમને મળ્યા બાદ સ્વદેશ જવા રવાના થશે. ■

# પાઇક્રૉફ્ટ સાથેનો પાકિસ્તાનનો પંગો વર્ષો જૂનો છે

કરાચીઃ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ ‘ હૅન્ડશેક વિવાદ’માં આઇસીસીના મૅચ-રેફરી ઍન્ડી પાઇક્રૉફ્ટ વિરુદ્ધ આક્ષેપ કરીને જે ફરિયાદ નોંધાવી એટલે કોઈ એવું ન માની લે કે પાઇક્રૉફ્ટ સાથે પાકિસ્તાનની આ પહેલી જ ચકમક છે. પાકિસ્તાન ક્રિકેટ અને પાઇક્રૉફ્ટ વચ્ચે વર્ષોથી ગજગ્રાહ છે. પાકિસ્તાનીઓ પાઇક્રૉફ્ટને એક નંબરના દુશ્મન ગણે છે. તો ચાલો આપણે ઇતિહાસમાં ડોકિયું કરતા પહેલાં વર્તમાન કિસ્સા પર એક નજર કરી લઈએ.



હાફીઝ અને અજમલ

રવિવારે દુબઈમાં ભારતના કૅપ્ટન સૂર્યકુમાર યાદવે પાકિસ્તાનના સુકાની સલમાન આગા સાથે ટૉસ વખતે હાથ મિલાવવાનું ટાળ્યું હતું તેમ જ ભારતે વિજય મેળવી લીધો ત્યાર પછી બન્ને ટીમના ખેલાડીઓ હાથ મિલાવે એ પરંપરાનો પણ ભારતીય ટીમે દુશ્મન-દેશ પાકિસ્તાનના ખેલાડીઓ સાથે અમલ નહોતો કર્યો અને સૂર્યકુમાર તથા તેના તમામ સાથી ખેલાડીઓએ પાકિસ્તાની પ્લેયર્સ સાથે હાથ નહોતા મિલાવ્યા. પાકિસ્તાનથી આ અપમાન સહન થયું અને પીસીબીએ આક્ષેપ કર્યો હતો કે મૅચ-રેફરી પાઇક્રૉફ્ટે જ તેમના કૅપ્ટન સલમાન આગાને સૂચના આપી હતી કે ટૉસ વખતે સૂર્યકુમાર સાથે હાથ મિલાવવા નહીં. પીસીબીના મતે આગાને અપાયેલી આ સૂચના પાકિસ્તાનના અપમાન સમાન કહેવાય.

પાકિસ્તાની ટીમના મૅનેજમેન્ટે બુધવારની યુએઇ સામેની મૅચ પહેલાં દુબઈમાં પત્રકાર પરિષદ રદ કરી હતી તેમ જ પાયક્રૉફ્ટને એશિયા કપના મૅચ-રેફરીના પદ પરથી હટાવવામાં આવે એવી માગણી કરી હતી. અમુક અહેવાલોમાં પાકિસ્તાન-યુએઇ મૅચ માટે પાઇક્રૉફ્ટના સ્થાને રિચી રિચર્ડસનની નિયુક્તિ કરવામાં આવી હોવાનું જણાવાયું હતું. જોકે કલાકો સુધી ગૂંચવણ રહી હતી. પાકિસ્તાને મૅચ રેફરીપદેથી પાઇક્રૉફ્ટની હકાલપટ્ટી કરવાની માગણી સાથેનો બીજો પત્ર આઇસીસીને મોકલ્યો હતો.

### ઝિમ્બાબ્વેની પ્રથમ ટેસ્ટમાં પાઇક્રૉફ્ટ રમ્યા હતા

(૧) ઍન્ડી પાઇક્રૉફ્ટ ૬૯ વર્ષના છે. તેઓ ૧૯૮૩થી ૧૯૯૨ સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમ્યા હતા.

(૨) ૧૯૯૨માં હરારેમાં ઝિમ્બાબ્વે પોતાની સૌપ્રથમ ટેસ્ટ રમ્યું એ મૅચની ટીમમાં પાઇક્રૉફ્ટ સામેલ હતા. એ ટેસ્ટ ભારત સામે રમાઈ હતી અને પાઇક્રૉફ્ટે પ્રથમ દાવમાં ૩૯ રન કર્યા હતા, મનોજ પ્રભાકરના બૉલમાં અઝહરુદ્દીનના હાથમાં કૅચઆઉટ થયા હતા. બીજા દાવમાં પાઇક્રૉફ્ટે ૪૬ રન કર્યા હતા અને રવિ શાસ્ત્રીના બૉલમાં એલબીડબ્લ્યૂ થયા હતા. એ ટેસ્ટ ડ્રૉમાં પરિણમી હતી. એ મૅચમાં અઝહરુદ્દીન અને ડેવ હાઉટન કૅપ્ટન હતા.

(૩) રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન પાઇક્રૉફ્ટ ફક્ત ત્રણ ટેસ્ટ અને ૨૦ વન-ડે રમ્યા હતા. તેમણે ત્રણ ટેસ્ટમાં ૧૫૨ રન અને ૨૦ વન-ડેમાં ૨૯૫ રન કર્યા હતા. તેમણે ડોમેસ્ટિક ક્રિકેટમાં કુલ ૬,૯૦૦ જેટલા રન કર્યા હતા.

(૪) પાઇક્રૉફ્ટ ઝિમ્બાબ્વે ક્રિકેટમાં સિલેક્ટર અને કોચ તરીકેનો હોદ્દે પણ રહી ચૂક્યા છે. પછીથી તેઓ આઇસીસીના મૅચ-રેફરીઓની પૅનલમાં નિયુક્ત થયા હતા.

(૫) ૧૯૯૧માં પાઇક્રૉફ્ટે ઑસ્ટ્રેલિયા ‘એ’ ટીમ વિરુદ્ધ ફક્ત ૧૦૯ બૉલમાં ૧૦૪ રન ખડકી દીધા હતા. એ સમયની ઑસ્ટ્રેલિયા ‘એ’ ટીમમાં શેન વૉર્ન, સ્ટીવ વૉ અને પૉલ રાઇફલ જેવા દિગ્ગજો હતા.

### પાઇક્રૉફ્ટ-પાકિસ્તાન વચ્ચેનો ખટરાગ કેમ જૂનો છે?

ઝિમ્બાબ્વેના ભૂતપૂર્વ ક્રિકેટર ઍન્ડી પાઇક્રૉફ્ટ સાથે પાકિસ્તાનની બહુ જૂની દુશ્મની છે. થોડાં વર્ષો પહેલાં ઍન્ડી પાઇક્રૉફ્ટ મૅચ-રેફરી હતા ત્યારે તેમણે મોહમ્મદ હાફીઝ અને સઈદ અજમલની બોલિંગ ઍક્શનને ગેરકાયદેસર જાહેર કરી હતી. ત્યારે આ બન્ને પાકિસ્તાની બોલરનું ચકિંગનું પ્રકરણ ખૂબ ચગ્યું હતું. પાઇક્રૉફ્ટ ૫૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય મૅચોમાં અમ્પાયર તેમ જ મૅચ-રેફરી રહી ચૂક્યા છે.

### પાઇક્રૉફ્ટના બીજા વિવાદો

(૧) ૨૦૧૮માં કેપ ટાઉનમાં રમાયેલી ટેસ્ટમાં પાઇક્રૉફ્ટ મૅચ-રેફરી હતા. એ ટેસ્ટમાં સ્ટીવ સ્મિથ, ડેવિડ વૉર્નર અને કૅમેરન બૅન્ક્રૉફ્ટે બૉલ સાથે ચેડાં કર્યાં હતાં અને તેમના રમવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યા હતા.

(૨) ગયા વર્ષે ઑસ્ટ્રેલિયા અને ભારત વચ્ચેની બૉક્સિંગ-ડે ટેસ્ટમાં પાઇક્રૉફ્ટ મૅચ-રેફરી હતા. એ મૅચમાં વિરાટ કોહલીએ સૅમ કૉન્સ્ટૅસ સાથે ખભો ટકરાવ્યો હતો અને પાઇક્રૉફ્ટે વિરાટને દંડ કર્યો હતો. ■

# પાકિસ્તાન જીત્યું, રવિવારે ફરી ભારત સાથે ટકરાવું પડશે

દુબઈઃ અહીં એશિયા કપની બહુચર્ચિત મૅચમાં પાકિસ્તાને યજમાન યુએઇને હરાવીને સુપર-ફોરમાં પ્રવેશ કર્યો હતો. એ સાથે, આગામી રવિવારે ભારત-પાકિસ્તાન વચ્ચે ફરી ટક્કર થશે અને કોણ જાણે કેવા નવા વિવાદો સર્જાશે. યુએઇની ટીમ ૧૪૭ રનના નાના છતાં પડકારરૂપ લક્ષ્યાંક સામે ૧૭.૪ ઓવરમાં ૧૦૫ રનમાં આઉટ થઈ ગઈ હતી. યુએઇની ૮૫ રનમાં ચાર વિકેટ હતી, પણ પછીથી પત્તાનાં મહેલની જેમ બૅટિંગ લાઇન-અપ તૂટી પડી હતી. એ પહેલાં, પાકિસ્તાને બૅટિંગ મળ્યા બાદ પાંચમા જ બૉલમાં ઓપનર સઇમ અયુબની વિકેટ ગુમાવી દીધી હતી. ડુ ઑર ડાય જેવા આ મુકાબલામાં પાકિસ્તાને ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૪૬ રન કર્યા હતા.

પાકિસ્તાને ખરાબ શરૂઆત કર્યા બાદ એક તબક્કે ૯૩ રનની અંદર છ વિકેટ ગુમાવી દીધી હતી, પણ પછી પૂંછડિયાઓની ફટકાબાજીને લીધે યુએઇને ૧૪૭ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપી શકાયો હતો.

આજે (ગુરુવારે) અફઘાનિસ્તાન અને શ્રીલંકા વચ્ચે મૅચ રમાશે. ■

# પુણે ઍરપોર્ટ પર સિક્યૉરિટી ચેકમાં વિલંબઃ છ શૂટર ફ્લાઇટ ચૂકી ગયા

પુણેઃ રાઇફલ અને પિસ્તોલ શૂટિંગની હરીફાઈના છ સ્પર્ધકોએ મંગળવારે પુણેથી ફ્લાઇટ પકડીને એક સ્પર્ધામાં ભાગ લેવા ગોવા પહોંચવાનું હતું, પરંતુ તેમના સાધન-સામગ્રીના ક્લિયરન્સમાં કથિત વિલંબ થતાં તેઓ નિર્ધારીત ફ્લાઇટ ચૂકી ગયા હતા.

આ વિલંબ પુણેના વિમાનીમથકે સિક્યૉરિટી ચેક દરમ્યાન થયો હતો. આ તમામ શૂટર ૧૮ વર્ષથી નીચેના હતા. તેઓ મંગળવારે અકાસા ઍરની ફ્લાઇટમાં ગોવા જવાના હતા. ત્યાં તેમણે ૧૨મી વેસ્ટ ઝોન શૂટિંગ ચૅમ્પિયનશિપમાં ભાગ લેવાનો હતો. એ સ્પર્ધા બુધવારે સવારે યોજાવાની હતી, પરંતુ ત્યાં સમયસર નહોતી પહોંચી શક્યા.

અકાસા ઍરલાઇનના સત્તાધીશોનું એવું કહેવું હતું કે શૂટર સ્પર્ધકોના બૅગેજમાં ખાસ પ્રકારના શૂટિંગના સાધનો હતા જે તપાસવા સંબંધમાં સિક્યૉરિટી પ્રક્રિયા લાંબી ચાલી હોવાથી વિલંબ થયો હતો.’

આ શૂટર્સ ભૂતપૂર્વ ભારતીય શૂટિંગ ચૅમ્પિયન ગગન નારંગની ‘ ગન ફૉર ગ્લૉરી’ નામની શૂટિંગ ઍકેડેમીના હતા. ■

# વાહ રે પાકિસ્તાનઃ ફૂટબૉલની બનાવટી ટીમનો જાપાનમાં પર્દાફાશ, બાવીસ જણ પકડાયા

## મલિક વકાસે ગયા વર્ષે જાપાન મોકલેલા ૧૭ લોકો હજી પાકિસ્તાન પાછા નથી ફર્યા

ટોક્યોઃ પાકિસ્તાનના કેટલાક લોકોની અજીબોગરીબ કરતૂતો ફરી ચર્ચામાં આવી છે, જેણે જાપાન જવા માટે એક આખી નકલી ફૂટબૉલ ટીમ બનાવી દીધી! આ લોકો ખેલાડીઓના રૂપમાં વિઝા મેળવીને જાપાન પહોંચી ગયા, પણ ત્યાંના અધિકારીઓને શંકા થતા આખો ભેદ ખૂલી ગયો. આ ઘટના એક ફિલ્મી દૃશ્ય જેવી લાગે છે, જ્યાં પાકિસ્તાનીઓની ચતુરાઈથી બનાવેલી યોજના અધૂરી રહી ગઈ હતી.

### નકલી ટીમનો પ્રવાસ!

પાકિસ્તાનની ફેડરલ ઇન્વેસ્ટિગેશન એજન્સીએ એક માનવ તસ્કરીના ગેરકાયદે ગૅંગનો પર્દાફાશ કર્યો છે. આ ગૅંગે પોતાને પ્રૉફેશનલ ફૂટબૉલ ખેલાડીઓ તરીકે રજૂ કરીને જાપાનમાં ગેરકાયદે પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમ્યાન બાવીસ શંકાસ્પદ લોકોની



ધરપકડ કરવામાં આવી છે. જેઓ ખેલાડી હોવાનો ડોળ કરી રહ્યા હતા. જાપાનના ઇમિગ્રેશન અધિકારીઓએ તેમને પકડીને પાછા પાકિસ્તાન જતા રહેવા કહી દીધું હતું. આ લોકો પાકિસ્તાન ફૂટબૉલ ફેડરેશન (પીએફએફ) સાથે જોડાયેલા હોવાનો દાવો કરતા હતા અને તેમણે નકલી દસ્તાવેજો બતાવ્યા હતા.

આ લોકો પાસે પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના નકલી અનાપત્તિ પ્રમાણપત્રો હતા, જેની મદદથી તેઓ જાપાન પહોંચ્યા હતા. જાપાનના અધિકારીઓએ પૂછપરછ દરમ્યાન આ નકલી દસ્તાવેજોનો ભેદ ખોલ્યો હતો. તેઓએ ફૂટબૉલ ખેલાડીઓ જેવા જ કપડાં પહેરીને આ યોજના બનાવી હતી. આ લોકો પાકિસ્તાનના ઍરપોર્ટ પરથી કઈ રીતે ચેકિંગ વગર નીકળી ગયા એની તપાસ ચાલુ છે, પરંતુ આ ઘટનાએ સુરક્ષા વ્યવસ્થા પર સવાલો ઊભા કર્યા છે.

### માસ્ટરમાઇન્ડ અને નકલી ક્લબ

આ યોજનાનો મુખ્ય આરોપી સિયાલકોટના પસરૂરનો રહેવાસી મલિક વકાસ છે, જેણે ગોલ્ડન ફૂટબૉલ ટ્રાયલ નામની નકલી ફૂટબૉલ ક્લબ બનાવી હતી. તેણે દરેક વ્યક્તિ પાસેથી ૪૦થી ૪૫ લાખ રૂપિયા લઈને આ યોજના બનાવી હતી. ૧૫ સપ્ટેમ્બરે તેની ધરપકડ કરવામાં આવી હતી અને તેની સામે કેટલાય કેસ નોંધાયા છે. તપાસમાં ખુલાસો થયો કે આ પહેલી વાર નથી; જાન્યુઆરી ૨૦૨૪માં પણ વકાસે ૧૭ લોકોને જાપાની ક્લબ બોવિસ્ટા એફસીના નકલી આમંત્રણ દ્વારા ૧૫ દિવસના વિઝા પર જાપાન મોકલ્યા હતા, જેમાંથી કોઈ પાછું નથી ફર્યું. ■

# આજે ભાલાફેંકની વિશ્વસ્પર્ધામાં ભારત વિરુદ્ધ પાકિસ્તાન

## નીરજ ચોપડા પહેલા જ થ્રોમાં ફાઇનલ માટે થયો ક્વૉલિફાય, પાકિસ્તાનનો નદીમ પણ મુકાબલામાંઃ ભારતનો સચિન યાદવ પણ રેસમાં

ટોક્યોઃ વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં ભાલાફેંકની હરીફાઈમાં ગુરુવારે નીરજ ચોપડા અને પાકિસ્તાનના અર્શદ નદીમ વચ્ચે મુકાબલો થઈ શકે. ફાઇનલમાં નીરજ ઉપરાંત નદીમ પણ ક્વૉલિફાય થઈ ગયો છે. ભારત વતી નીરજ ઉપરાંત સચિન યાદવ પણ ક્વૉલિફાય થયો હોવાથી ભારતને બે મેડલ મળી શકે. નીરજ બુધવારે પહેલા જ થ્રોમાં ૮૪.૫૦ મીટરની મર્યાદા ઓળંગીને ૮૪.૮૫ મીટરના અંતર સાથે ફાઇનલ માટે ક્વૉલિફાય થઈ ગયો હતો, જ્યારે નદીમ ત્રીજા થ્રોમાં ક્વૉલિફાય થયો હતો. ક્વૉલિફિકેશનમાં નીરજનો બેસ્ટ થ્રો ૮૪.૮૫ મીટરનો હતો જ્યારે નદીમે પહેલા બે થ્રોમાં ભાલો ૭૬.૯૯ મીટર અને ૭૪.૧૭ મીટર દૂર ફેંક્યા બાદ છેલ્લે ૮૫.૨૮ મીટર દૂર ફેંકીને ક્વૉલિફિકેશન મેળવી લીધું હતું.

નીરજે ક્વૉલિફિકેશન રાઉન્ડમાં પહેલા જ પ્રયાસમાં ભાલો આવશ્યક મર્યાદા કરતાં દૂર ફેંકીને અંતિમ રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો હતો.

ફાઇનલ માટે ક્વૉલિફાય થવા નીરજે જો ભાલો ૮૪.૫૦ મીટર દૂર ફેંક્યો હોત તો પણ ક્વૉલિફાય થઈ ગયો હોત, પરંતુ તેણે ભાલો ૮૪.૮૫ મીટર દૂર ફેંકીને ફાઇનલમાં પોતાનું સ્થાન મજબૂત બનાવી લીધું હતું.

નવાઈની વાત એ છે કે નીરજ સિવાય બીજો કોઈ પણ ઍથ્લીટ પ્રથમ પ્રયત્નમાં ક્વૉલિફાય નહોતો થઈ શક્યો. બીજી રીતે કહીએ તો નીરજ સિવાય બીજો કોઈ પણ પ્રતિસ્પર્ધી શરૂઆતમાં જ ક્વૉલિફિકેશન રાઉન્ડ પાર નહોતો કરી શક્યો.

નીરજવાળા ગ્રૂપમાં કુલ છ ઍથ્લીટ છે અને હવે ગુરુવારની ફાઇનલમાં વિશ્વ વિજેતા તરીકેનું સિંહાસન બચાવવા તેણે પોતાના ગ્રૂપમાંના પડકારરૂપ પ્રતિસ્પર્ધીઓનો સામનો કરવો પડશે. ખાસ કરીને પાકિસ્તાનના અર્શદ નદીમ સામે તેનો મુકાબલો થશે. ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સ બાદ પહેલી વાર નીરજ અને નદીમ એક જ સ્પર્ધામાં સામસામે આવશે. પૅરિસ ઑલિમ્પિક ગેમ્સમાં નદીમે ભાલો ૯૨.૯૭ મીટર દૂર ફેંકીને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. ત્યારે નીરજ ૮૯.૪૫ મીટર સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. ■

# ભારતીય મહિલાઓના હાથે ઑસ્ટ્રેલિયાનો સૌથી ખરાબ પરાજય

## વિમેન ઇન બ્લુનો ૧૦૨ રનથી વિજય, ૧૮ વર્ષે ઘરઆંગણે ઑસ્ટ્રેલિયા સામે મળી જીત





સ્મૃતિ મંધાનાએ ૧૨મી સેન્ચુરી ફટકારીને ભારતને શાનદાર વિજય અપાવ્યો.

ન્યૂ ચંડીગઢઃ હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતની મહિલા ટીમે અહીં બુધવારે ઑસ્ટ્રેલિયાને સિરીઝની બીજી વન-ડેમાં ૧૦૨ રનથી હરાવીને શ્રેણી ૧-૧ની બરાબરીમાં લાવી દીધી હતી. વન-ડે ક્રિકેટમાં રનના માર્જિનની ગણતરીએ ઑસ્ટ્રેલિયાની આ સૌથી કારમી હાર છે. બીજી તરફ, ભારતીય મહિલા ટીમ ઘરઆંગણે ઑસ્ટ્રેલિયા સામે વન-ડે જીત્યું હોય એવું ૧૮ વર્ષ અને ૨૦૬ દિવસ બાદ પહેલી વખત બન્યું છે.

સ્મૃતિ મંધાના (૧૧૭ રન, ૯૧ બૉલ, ચાર સિક્સર, ૧૪ ફોર) પ્લેયર ઑફ ધ મૅચ જાહેર કરાઈ હતી. ભારતે ૨૯૨ રન બનાવ્યા બાદ ઑસ્ટ્રેલિયાની ટીમ એક પણ હાફ સેન્ચુરી વિના માત્ર ૧૯૦ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. પેસ બોલર ક્રાંતિ ગૌડે ત્રણ અને દીપ્તિ શર્માએ બે વિકેટ લીધી હતી. બીજી ચાર બોલર (રેણુકા, સ્નેહ, અરુંધતી, રાધા યાદવ)ને એક-એક વિકેટ મળી હતી.

ભારતીય ટીમ આ પહેલાં છેક ૨૦૦૭માં ઘરઆંગણે ઑસ્ટ્રેલિયા સામે વન-ડે જીતી હતી. ત્યાર પછી હોમ-ગ્રાઉન્ડ પર ભારતનો ક્યારેય ઑસ્ટ્રેલિયા સામે વન-ડેમાં વિજય નહોતો થયો.

ઓપનર સ્મૃતિ મંધાનાએ માત્ર ૭૭ બૉલમાં સેન્ચુરી ફટકારી હતી. તેની આ ૧૨મી વન-ડે સદી હતી. દીપ્તિ શર્માએ ૪૦ રન અને રિચા ઘોષે ૨૯ રન કર્યા હતા.

ત્યાર બાદ બૅટિંગ કરનાર ઑસ્ટ્રેલિયાની ટીમ ભારતની છ બોલર સામે ઝૂકી ગઈ હતી. ટીમમાં એક પણ હાફ સેન્ચુરી નહોતી. ઍનાબેલ સધરલૅન્ડના ૪૫ રન ટીમમાં હાઈએસ્ટ હતા. ■

# ભારતનો ‘ મિસ્ટ્રી સ્પિનર’ વરુણ ચક્રવર્તી પહેલી વાર રૅન્કિંગમાં નંબર-વન

## ટી-૨૦ ફૉર્મેટમાં અપ્રતિમ સિદ્ધિ મેળવનારો ત્રીજો ભારતીય બોલર બન્યો

દુબઈઃ ભારતનો લેગબ્રેક ગૂગલી સ્પેશ્યાલિસ્ટ વરુણ ચક્રવર્તી ટી-૨૦ એશિયા કપની બે મૅચમાં માત્ર બે વિકેટ લઈ શક્યો છે, પરંતુ તે સર્વોચ્ચ રેટિંગ-પૉઇન્ટ બદલ પહેલી જ વખત આઇસીસી ટી-૨૦ રેન્કિંગમાં નંબર-વન થઈ ગયો છે.

આ સિદ્ધિ મેળવનાર ભારતનો તે ત્રીજો બોલર છે. આ પહેલાં ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ અને લેગ-સ્પિનર રવિ બિશ્નોઈએ ટી-૨૦માં નંબર-વન બોલરની રૅન્ક મેળવી હતી.

૩૪ વર્ષીય વરુણની ગણના ‘ મિસ્ટ્રી સ્પિનર’ તરીકે થાય છે. ભલભલા બૅટ્સમૅનને પોતાના રહસ્યમય સ્પિનથી ચક્કર ખવડાવી દેતા વરુણે ત્રણ ક્રમની જોરદાર છલાંગ લગાવીને ટી-૨૦ની દુનિયાનો નંબર-વન બોલર બની ગયો છે.

વરુણ આ પહેલાં (ફેબ્રુઆરી, ૨૦૨૫માં) વધુમાં વધુ બીજી રૅન્ક સુધી પહોંચ્યો હતો.

આ વખતે તેણે માર્ચ મહિનાથી નંબર-વનના સિંહાસન પર બેઠેલા ન્યૂ ઝીલૅન્ડના જૅકબ ડફીને હટાવીને નંબર-વનની રૅન્ક મેળવી લીધી છે. કુલદીપ યાદવે એશિયા કપમાં યુએઇ તથા પાકિસ્તાન સામે અનુક્રમે ચાર અને ત્રણ વિકેટ લઈને ભારતને સુપર-ફોર રાઉન્ડમાં પહોંચાડી દીધું. આ સુપર પર્ફોર્મન્સને કારણે રૅન્કિંગમાં કુલદીપે ૧૬ ક્રમની છલાંગ લગાવી છે અને ૨૩મા સ્થાને આવી ગયો છે. સ્પિન-ઑલરાઉન્ડર અક્ષર પટેલ એક સ્થાન આગળ આવ્યો છે અને હાલમાં ૧૨મા નંબરે છે.

આઇસીસીના નિવેદનમાં જણાવાયું હતું કે ‘ ભારતીય સ્પિનર વરુણ ચક્રવર્તીનું ફૉર્મ ૨૦૨૫માં સતત સારું રહ્યું છે જેને પગલે તે હવે નંબર-વન થઈ ગયો છે.’ ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@
bombaysamachar.com

# મારું નામ લીસા મેરી પ્રેસ્લી, મારા પિતાનું નામ એલ્વિસ પ્રેસ્લી!

(ભાગ-૧)

નામઃ લીસા મેરી પ્રેસ્લી


સમયઃ ૨૦૨૩, ૧૨ જાન્યુઆરી

સ્થળઃ યુસીએલએ વેસ્ટ વેલી મેડિકલ સેન્ટર, લોસ એન્જલસ, કેલિફોર્નિયા, યુનાઇટેડ સ્ટેટ્સ

ઉંમરઃ ૫૪ વર્ષ

**મારી** આંખો બંધ છે. મારી પાસે ઊભેલો મારો પહેલો પતિ ડેની કીઓ અને મારી બે ટ્વિન્સ દીકરીઓ હાર્પર અને ફિનલે મારી સાથે છે... ધીરે ધીરે એક પછી એક લોકો આવવા લાગ્યા છે. મારી દીકરી રાઈલી લોસ એન્જલસથી નીકળી ગઈ છે. હવે, મારી પાસે બહુ સમય નથી એ વાત કદાચ સૌ સમજી ગયા છે. આમ તો હૃદયરોગનો હુમલો આવ્યો છે (કાર્ડિયાક અરેસ્ટ) પરંતુ મુખ્ય સમસ્યા મારા આંતરડામાં થઈ રહેલો અવરોધ છે. વજન ઉતારવા માટે બેરિયાટ્રિક સર્જરી કરાવી, પરંતુ એ સર્જરીને કારણે ઊભા થયેલા કોમ્પ્લિકેશન્સ ધીરે ધીરે મારા પાચનતંત્રને નબળું પાડતા રહ્યા. બેરિયાટ્રિક સર્જરીમાં હોજરી નાની કરવામાં આવે, પરંતુ સમસ્યા એ છે કે હોજરી નાની થવા લાગી એની સાથે સાથે મારા આંતરડા પણ સંકોચાવા લાગ્યા. હું જે ખોરાક ખાઉ એ મારા આંતરડામાં જ અટકી જવા લાગ્યા. સંકોચાઈ ગયેલા આંતરડામાં ખોરાક આગળ વધતો જ નહીં જેથી ધીમે ધીમે પાચનતંત્રની સમસ્યા વધવા લાગી... એ પછી આજે સવારે મને હાર્ટ એટેક આવ્યો, હવે હું અહીં, હોસ્પિટલમાં છું! ડેની ચૂપચાપ અદબવાળીને દૂર ઊભો છે... આમ તો અમારા છૂટાછેડા થયાને વર્ષો થયા છે, ડેની પછી મેં ત્રણ લગ્નો કર્યાં, તેમ છતાં આજે પણ ડેની મારી કાળજી રાખે છે અને મારો દોસ્ત બનીને સારા-ખરાબ સમયમાં ઊભો રહે છે.

હજી બે દિવસ પહેલાં જ અમે સાથે ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્ઝના કાર્યક્રમમાં હાજરી આપી. ગયે વર્ષે બનેલી ફિલ્મ 'એલ્વિસ' (૨૦૨૨) ને સપોર્ટ કરવા માટે અમે સૌ ત્યાં પહોંચ્યાં હતાં. મારી સાથે મારી મા પ્રિસીલા પ્રેસ્લી પણ આવી હતી. એ ફિલ્મમાં એલ્વિસ પ્રેસ્લીનો રોલ હીરો ઑસ્ટિન બટલરે કર્યો છે. અમે સૌ એ ફિલ્મ અને ઑસ્ટિનને સપોર્ટ કરવા માટે ત્યાં પહોંચ્યા હતા. ફિલ્મ જોઈને મને લાગ્યું કે, જાણે એલ્વિસ ફરીથી જીવંત થઈને પોતાનો જ રોલ કરી રહ્યા હોય. 95th એકેડેમી એવોર્ડમાં એ ફિલ્મને બેસ્ટ પિક્ચર, બેસ્ટ એક્ટર, બેસ્ટ સાઉન્ડ, બેસ્ટ પ્રોડક્શન ડિઝાઈન, બેસ્ટ સિનેમેટોગ્રાફી, બેસ્ટ મેકઅપ એન્ડ હેરસ્ટાઈલિંગ, બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈન અને બેસ્ટ ફિલ્મ એડિટિંગ માટે નોમિનેટ કરવામાં આવી. ગોલ્ડન ગ્લોબ એવોર્ડમાં પણ ઑસ્ટિન બટલરને ઉત્તમ અભિનેતા તરીકે નોમિનેટ કરવામાં આવ્યો હતો. આ ફિલ્મને અનેક એવોર્ડ્ઝ મળ્યા. પ્રેક્ષકોએ પણ વધાવી લીધી ત્યારે એવું સમજાયું કે, એલ્વિસ પ્રેસ્લી હજી ભૂલાયા નથી!



ત્યાં મને મળેલા પ્રેસ અને મીડિયાને ઈન્ટરવ્યૂ આપતી વખતે મેં કહ્યું, 'મને આ ફિલ્મ માટે ગૌરવ છે. ઑસ્ટિનના અભિનય અને ફિલ્મના સ્ક્રીનપ્લે માટે અને દિગ્દર્શન માટે બાઝ લર્હમેનને પણ નોમિનેટ કરવામાં આવ્યા અને એવોર્ડ મળ્યા, જે ખરેખર ડિઝર્વ કરે છે. એમણે મારા પિતાને રૂપેરી પડદે ફરી એકવાર જીવંત કરી દીધા...'

મારા કેલિફોર્નિયાના ઘરે આજે સવારે હું કોફી પીતી હતી ત્યારે મને છાતીમાં દુઃખાવો થવા લાગ્યો... બેવરલી હિલ્સની હસ્તીઓનો આ ફેવરિટ વિસ્તાર છે. મારું ઘર આધુનિક શૈલીમાં બાંધેલું, પહાડોની વચ્ચે આવેલું એક સુંદર ઘર છે. મારા દીકરા બેન્જામિનના મૃત્યુ પછી મને ક્યાંય જવું ગમતું નથી, હું છેલ્લાા કેટલાય સમયથી 'ગ્રેસલેન્ડ' પણ ગઈ નથી. ગ્રેસલેન્ડ સાથે મારું બાળપણ, મારા જીવનનો ઉત્તમ સમય જોડાયેલો છે, પરંતુ બેન્જામિનના મૃત્યુ પછી મારે માટે 'ગ્રેસલેન્ડ' એક એવું સ્થળ બની ગયું જ્યાં મને મારી સ્મૃતિઓ પજવવા લાગી. આમ જોવા જઈએ તો અમેરિકાના સૌથી વધારે વિઝિટ થયેલા અંગત ઘરોમાંનું આ એક છે. 'વ્હાઈટ હાઉસ' પછી સૌથી વધારે પ્રવાસીઓ આ ઘર-ગ્રેસલેન્ડની મુલાકાતે આવે છે. ૧૯૯૧માં આ સ્થળને નેશનલ હિસ્ટોરિક લેન્ડમાર્કનો આદર આપવામાં આવ્યો. મને લાગે છે કે, મારા પિતાનો આત્મા હજી સુધી આ ઘરમાં વસે છે. એમનું સંગીત મને હજી સંભળાય છે. અમે આ ઘરને જરાય બદલ્યું નથી. મારા પિતાએ કરાવેલું ઈન્ટિરિયર, એમનો બેડરૂમ, જંગલરૂમ, એમના સંગીત માટેનો રૂમ બધું એવું ને એવું સાચવવાનો અમે પ્રયાસ કર્યો છે. મેમ્ફિસ (ટેનિસી)માં આવેલું આ ઘર જ્યારે મારા પિતાએ ખરીદ્યું (૧૯૫૭) ત્યારે મારા પિતાની ઉંમર ફક્ત ૨૨ વર્ષ હતી. એ એમના સમયના સ્ટાર હતા અને 'કિંગ ઓફ રોક એન્ડ રોલ' બની ચૂક્યા હતા...

તમને કદાચ સવાલ થતો હશે કે હું કોણ છું? મારા પિતા કોણ? તો એનો જવાબ છે, મારું નામ લીસા મેરી પ્રેસ્લી છે. મારા પિતાનું નામ એલ્વિસ પ્રેસ્લી છે. એ જ એલ્વિસ પ્રેસ્લી જેણે અમેરિકાને પોતાના સંગીત, દેખાવ અને ફિલ્મોથી ગાંડું કર્યું હતું... એ જ એલ્વિસ પ્રેસ્લી, જેનાં વસ્ત્રો, ફેશન અને નૃત્યની આજે પણ કોપી થાય છે. એમણે ૩૧ ફિલ્મોમાં અભિનય કર્યો જેમાંની ૨૭ સુપરહિટ હતી. એમની કોન્સર્ટમાં લાખો લોકો આવતા. સ્ત્રીઓ એમને જોઈને રડવા લાગતી. એમને કલ્ચરલ આઈકોન કહેવામાં આવતા. ૧૯૭૩માં એમણે આ દુનિયાનો પહેલો લાઈવ ગ્લોબલ ટેલિવિઝન કોન્સર્ટ કરવાની પહેલ કરી, જેને ઘરમાં બેસીને કરોડો લોકોએ જોયો!

હું એ એલ્વિસ પ્રેસ્લીની દીકરી છું. એમના ગ્રેસલેન્ડના ઘરમાં મારો જન્મ થયો, પહેલી ફેબ્રુઆરી, ૧૯૬૮. મારી મા પ્રિસીલા સાથે એલ્વિસ પ્રેસ્લીને પ્રેમ થઈ ગયો હતો. ૧૯૫૯માં એલ્વિસ યુએસ આર્મીમાં બે વર્ષની સેવા આપવા માટે જોડાયા હતા. એના મેનેજર કર્નલ ટોમ પાર્કરે મારા પિતાની ઈમેજ સુધારવા માટે આ નિર્ણય કર્યો હતો. એ સમયે અમેરિકામાં દરેક યુવકને પોતાના જીવનના બે વર્ષ યુએસ આર્મીને આપવા પડતા. મારા પિતા સુપરસ્ટાર હતા. એમણે મેમ્ફિસનું આ ઘર 'ગ્રેસલેન્ડ' ખરીદી લીધું હતું. એમની જીવનશૈલીની કોપી અમેરિકાના યુવકો કરતા જેને લીધે સરકાર અને મીડિયા પર દબાણ ઊભું થયું કે, એલ્વિસને પણ અમેરિકન સામાન્ય યુવકની જેમ સેનામાં સેવા આપવાની ફરજ પાડવી જોઈએ. કર્નલ ટોમ પાર્કરે આ તકનો પ્રમોશન માટે ઉપયોગ કરવાનું નક્કી કર્યું. એમણે મારા પિતાને સમજાવ્યા કે, એમણે બે વર્ષ સેનાને આપવા જોઈએ... શરૂઆતની આનાકાની પછી એલ્વિસ માની ગયો. અહીં, એને ડ્રાફ્ટ સિસ્ટમના અંતર્ગત સેનામાં મોકલવામાં આવ્યો. ટોમ પાર્કરે મીડિયા અને પ્રેસને આમંત્રિત કર્યા, એલ્વિસ સેનાની બસમાં ચડે એ પહેલાં એને પોતાની વાન પર ઊભો રાખીને પ્રેસ અને મીડિયાને સંબોધન કરવાની છુટ મળી...

આ પ્રસંગ અને એ વખતનું એલ્વિસનું સંબોધન એની રિબેલિયસ (વિદ્રોહી) ઈમેજને તો સાફ કરવામાં મદદરૂપ થયા જ સાથે સાથે એક દેશભક્તની છબી ઊભી થઈ શકી, જે પાછા ફર્યા પછી એલ્વિસને ખૂબ મદદરૂપ થઈ. ૫૮થી ૬૦ દરમ્યાન જર્મનીમાં થયેલા પોસ્ટિંગ દરમ્યાન એલ્વિસ (મારા પિતા)ની મુલાકાત પ્રિસીલા બોલીયૂ (મારી મા) સાથે થઈ. એ એક મોહિત કિશોરી અને એક સુપરસ્ટારની અનોખી મુલાકાત હતી. એલ્વિસ ૨૩ વર્ષનો હતો અને મારી મા ૧૪ વર્ષની. પ્રિસીલાના પિતા (સાવકા) ત્યાં અમેરિકી વાયુસેનામાં કમાન્ડર હતા. મારા પિતા અને મારી માની પહેલી મુલાકાત સૈનિકોની એક પાર્ટી દરમ્યાન થઈ. એલ્વિસ એ વખતે માત્ર અમેરિકા જ નહીં, બલ્કે બ્રિટન અને યુરોપના અનેક દેશોમાં લોકપ્રિય ગાયક અને રોકસ્ટાર હતા. મારી મા એની ફેન હતી. ૨૦મી સદીની આ સૌથી ચર્ચિત અને સૌથી રોમેન્ટિક લવસ્ટોરી છે... પ્રિસીલા એક સિન્ડ્રેલા હતી, અને એલ્વિસ જાણે કોઈ રાજકુમાર...

એ પછી બંને જણાં ચોરીછુપી મળવા લાગ્યા. પ્રિસીલાના પિતાને જ્યારે આ જાણ થઈ ત્યારે એમણે પ્રિસીલાને સ્પષ્ટ મનાઈ ફરમાવી, કે એ એલ્વિસને નહીં મળી શકે. મુખ્ય કારણ તો એ હતું કે, એલ્વિસ અમેરિકન હતો અને બે વર્ષ પછી એ અમેરિકા પાછો જતો રહેવાનો હતો! એલ્વિસ સુપરસ્ટાર હતો, પ્રિસીલાના પિતાને લાગતું હતું કે, એલ્વિસ એના જર્મનીના નિવાસ દરમ્યાન પ્રિસીલા સાથે ફક્ત ફ્લર્ટ કરે છે, ટાઈમપાસ કરે છે... સિરિયસ નથી.

પ્રિસીલા મારા પિતાને મળી શકતી નહોતી, પરંતુ એ લોકો એકબીજાને પત્રો લખતા. આ પત્ર વ્યવહાર એલ્વિસ સેનામાંથી નિવૃત્ત થઈને બે વર્ષ પછી અમેરિકા ગયો ત્યારે પણ ચાલુ રહ્યો. અંતે, ૧૭ વર્ષની ઉંમરે પ્રિસીલા પોતાના માતા-પિતાને સમજાવીને ગ્રેસલેન્ડના ઘરમાં એલ્વિસ સાથે રહેવા આવી ગઈ. એલ્વિસે પ્રિસીલાના પિતાને વચન આપ્યું કે, એ પ્રિસીલાનું ધ્યાન રાખશે અને એનો અભ્યાસ બંધ નહીં થાય...

અહીંથી શરૂ થાય છે, મારા જન્મનું કારણ બનેલી એક અવિસ્મરણીય લવસ્ટોરી! (ક્રમશઃ)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@
bombaysamachar.com

## સાંભળો છો કે?




**સાંભળો છો કે? અરે! તમને જ કહું છું.**

બે વારના સંબોધન પછી બસમાં બેઠેલાં લગભગ તમામે અહલ્યાબહેન સામે જોયું. દરેકની આંખમાં પ્રશ્ન દેખાયો કે બહેન, તમે મને બોલાવો છો? ત્રીજી વારના બરાડા બાદ રામભાઈ અહલ્યાબહેન સામે જોઈને બરાડાનો જવાબ બરાડામાં જ અર્પણ કરતાં ગુસ્સામાં બોલ્યા.

મારા કાન હજી સાબૂત છે. આમ જાહેરમાં બરાડા પાડવાનું સારું લાગે છે? સાવ મેનરલેસ છે. ગામડિયણ તે ગામડિયણ જ રહેવાની! હવે પાછી જલદી ભસતી પણ નથી કે બરાડા શા માટે પાડ્યા... કોઈ કામ હોય તો જરા હળવેથી કે પાસે આવીને ના બોલાય?

આટલું સાંભળતાંવેંત અહલ્યાબહેન એમના પથ્થરપણાના શાપમાંથી જાતે જ એક ઝાટકે મુક્ત થઈને ચાલુ બસમાં બે રો આગળ બેઠેલા રામભાઈના કાનમાંથી ભૂંગળા કાઢીને તાડૂક્યાં.

'મારા ખોળામાં તમારા બંને તોફાની ટપુડા મૂકીને કાનમાં ભૂંગળા નાખીને 'મેરે સપનોં કી રાની કબ આયેગી તૂ...' ગીત લલકારો છો. પછી તમને તમારાં છોકરાં રડે, પડે કે માથા ફોડે એ ક્યાંથી દેખાય કે સંભળાય? '

તે ક્યાંથી સંભળાય બહેન. તમારે એમનું નામ દઈને બરાડા પાડવા હતા. તમે આમ સાંભળો છો? એમ કહીને બરાડા પાડો તો એ બિચારા ક્યાંથી સાંભળે?

રામભાઈનું ઉપરાણું

લઈને જતીનભાઈ હજી બચાવ કરવા ગયા ત્યાં અહલ્યાબહેન ફરી તાડૂક્યાં.

આમ તમારા મિત્રનું ઉપરાણું લેવાનું બંધ કરો અને એમને પૂછો કે એમનું નામ એમની પત્નીથી બોલાય એમ છે? એમની ખાનદાની પરંપરા મુજબ દરેક પરણીને આવેલી વહુઓએ પતિનું નામ ન બોલતાં ફક્ત એ સાંભળો છો? એમ કહીને જ વાતચીત ચાલુ કરવાની. રામ જાણે! કયા જમાનામાં જન્મેલા છે એ જ સમજાતું નથી.

બાજુમાં બેઠેલાં જતીનભાઈનાં પત્નીને પણ સરસ તક મળી ગઈ. એટલે એમણે પણ ભાથામાંથી તીર કાઢ્યું :

જોયા મોટા સલાહ આપનારા! પોતાના ઘરમાં પણ બધી જ વહુઓ બિચારી એ સાંભળો છો... કહીને થાકી ગઈ છે. અરે! અમારાં ઘરમાં હમણાં જ નવા જમાનાની ભણેલી ગણેલી વહુ પ્રેમા આવી. એને તો ખબર જ નથી કે અહીંયા 'એ... 'વાળું સંબોધન જ ચાલુ છે. એટલે એણે તો પતિને પ્રેમલ નામથી શું બોલાવ્યો, કે સાસુમાની સાથે સાથે ઘરનાં બધા વડીલો તૂટી પડ્યાં કે આપણે ત્યાં તો 'એ સાંભળો છો... 'વાળું સંબોધન જ દરેક વહુએ પરંપરા મુજબ ચાલુ રાખવું.

પહેલાં જાતે સુધરો. પછી રામભાઈનાં ઘરનાંને સલાહ આપો. એમાં ને એમાં પ્રેમા કંટાળીને પિયર ચાલી ગઈ છે અને વકીલ મારફતે નોટિસ મોકલી છે કે ' મને એ સાંભળો છો જેવી પરંપરા સામે સખત વાંધો છે. એટલે મારી પ્રેમની બાંધેલી ગાંઠ સત્વરે છોડીને મને મુક્ત ગગનમાં વિહરતી કરી દેવી.'

એંસી વરસનાં કમુદાદી જીવનભરનો દબાવી રાખેલો વસવસો બહાર કાઢતાં બોલ્યાં.

તમારે તો હારું છે કે એ હાંભળો છો... વાળું જ ચાલુ રાખવાનું આવ્યું. પણ અમારા જમાનામાં ગામડાના રિવાજ મુજબ ઘૂમટા તાણવાના હોત તો તમે બધીઓ શું કરતે?

'કમુદાદી, તો તમારે એવા રિવાજ કઢાવી નાખવા માટે લડત આપવી હતી ને? જો તમે લડત આપી હોત તો અમે પણ સુખી થઈ ગયાં હોત.'

'તે તમે એમ માનો છો કે મેં લડત નહોતી આપી? અરે! મેં તો તમારા દાદાને ખાનગીમાં (ઘરના એક ખૂણામાં) ઘણું સમજાવેલું કે તમને બધા વીરચંદ કહે છે તો હું તમને વીરુ કહીને બોલાવું. આથી આપણો પ્રેમ પણ વધે અને એક નવી પ્રથા શરૂ થાય. મેં તો એમને ફિલ્મોમાં હીરો- હીરોઈન કેવાં એકબીજાને નામથી બોલાવે છે! તેમ આપણે પણ નામથી એકબીજાને બોલાવીએ તો કેવું? પણ એમના આંખના ડોળા જોઈને અમે ત્યાંથી પલાયન થઈ ગયાં. મારું વીરુ બોલવાનું સ્વપ્ન હવા થઈ ગયેલું. પણ મારી સાસુ મારી વાત સાંભળી ગયેલાં અને મને બોલાવીને કહે કમુ, તારી જેમ મારે હો તારા સસરાને સૂરજચંદમાંથી ચંદ બાદ કરીને સૂરજ કહીને બોલાવવા હતા. પણ બાપ- દીકરા બેઉ કમભાગી!'

'બા, હમણાંની ફિલ્મોમાં જોઈને પણ શીખી શકાય એમ છે. પણ ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે! બા, આપણે તો સપનામાં જ પ્રેમથી નામ બોલી લેવાનાં.'

'એ સાંભળો છો? આ કમુદાદી અને એમની સાસુ પણ સુધારામાં માને છે. તો તમારે શું કહેવું છે? તમને કહું છું. કાનના ભૂંગળા કાઢો અને આ ટાબરિયાંને તો સંભાળો.'

કાનમાંથી ભૂંગળા કાઢતા રામભાઈ બોલ્યા. આ કમુદાદીએ કરેલ પહેલને એળે નથી જવા દેવી. એમનું અધૂરું સપનું પૂરું કરી દે. અહલ્યા, મને સૌની સામે રામ કહીને બોલાવ જોઉં. '

અને અહલ્યા બોલી, 'રામના નામે તો પથ્થર તરી ગયા હતા મારા રામ! હવે તો આ બાળકોના અને મારા ઉદ્ધાર માટે પણ અહીં આવો અને તમારા કાનના ભૂંગળા મને આપો. જેથી હું રિલેક્સ થાઉં.'

'હું પણ આજથી તમને જતીન કહીને બોલાવવાનું ચાલુ જ કરી દઉં છું. ખરું ને જતીન? '

જતીન બિચારો શું બોલે? ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@
bombaysamachar.com

# કુદરતી ચહેરા પર કૃત્રિમ સૌંદર્યની છલના

**દસમું** ધોરણ પાસ કર્યું ત્યાં સુધી અનાયા એકદમ 'રો' હતી. એનું ધ્યાન ભણવા સિવાય ક્યાંય નહીં. દેખાવને લઈને તદ્દન નિષ્ફિકર. આમ આત્મવિશ્વાસથી એવી છલોછલ કે પોતાની શામળી ત્વચા કે સાધારણ દેખાવ નડતરરૂપ ના લાગતા. માનો પડ્યો બોલ

ઝીલનારી, પપ્પાની સખ્ત લાડકી. ભણવા ઉપરાંત ઈત્તર પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ. અનાયા સ્કૂલનું ઘરેણું હતી, મા-બાપનું અભિમાન,અને અન્યો ઈર્ષ્યાથી બળી મરે એવી એકાગ્રતાભર્યા અસ્તિત્વની માલકિન. ફોન તેમજ ઓનલાઈનને લગતી વાત વિગતો સાથે એને જાણે જન્મ-જન્માંતરનો નાતો નહીં. એવામાં એન્ટ્રી પડે છે ફિલ્ટર્ડ ફોટો એપની,જે અનાયાના આ 'સોર્ટેડ' વર્ઝનનો કચ્ચરઘાણ વળે છે.

વાત જાણે એમ હતી કે, દસમા બોર્ડમાં પોતે સેન્ટર ફર્સ્ટ આવતા એકાદ માર્ક્સ માટે રહી ગઈ, પણ હવે એનો વટક વાળવા કટીબદ્ધ બનેલી અનાયાએ ઓફલાઈન ભણતરની સાથોસાથ ઓનલાઈન ક્લાસ પણ શરૂ કરેલા. બસ, આવાજ એક ક્લાસ દરમિયાન અનાયાની નજર અનાયાસે એક એપ પર પડી. 'બ્યુટી ફોટો ફિલ્ટર્ડ.' એ હજુ પણ સ્કૂલ યુનિફોર્મમાં હતી. ચિપકેલા વાળ, થાકેલી આંખો, શુષ્ક ત્વચા. ક્યારેય નહીંને આજે એણે કુતૂહલવશ એપ ખોલી. બેસ્ટ ફ્રેન્ડ દિયાના શબ્દો એના કાનમાં પડઘાયા.

' અની, ક્યારેક એપ યુઝ કરી જોજે યાર. યુ કાન્ટ બિલિવ કે એ તું છે. એટલી સરસ લાગીશ કે તને જાત સાથે પ્રેમ થઈ જશે.' અને થયો, અનાયાને પ્રેમ થયો. એ ઉજળી ત્વચા, ચમકદાર ચહેરો, તીખું નાક, દાડમની કળી જેવા દાંત સાથે પ્રેમ થયો. બ્યુટી ફિલ્ટરે બનાવેલા એના વર્ઝન સાથે અનાયાને લવ એટ ફર્સ્ટ સાઈટ જેવો અનુભવ થયો. એમાં ઉમેરાયેલા એક નવા ફીચર 'AI વર્ઝન' એ તો અનાયાની દુનિયા જ જાણે પલટી નાખી . ફોટો અનાયાનો પણ, પરિણામ અલગ.

એક નવીસવી ટીનએજરનું પરફેક્ટ, શાનદાર વર્ઝન. ગુલાબી હોઠ, મોટી પાંપણ, ઘટાદાર વાળ, આહા!. હિંમત કરી એણે આ ફોટો 'ઈન્સ્ટાગ્રામ' પર પોસ્ટ કરી દીધો. લાઈક્સનું પૂર રેલાયુ. કમેન્ટ્સનો ભૂચાલ આવ્યો. ' ઓહ, માય ગોડ આ સાચે તું છો? ' યુ લુક લાઈક અ પ્રિન્સેસ. વાઉ વ્હોટ અ બ્યુટી!' ના વહેણમાં અનાયા તણાવા લાગી. એને ક્યાં ખબર કે એ તણાયને સીધી ખાબકવાની હતી તણાવના ખોળામાં. ત્યારે દૂર ઊભેલા એના અસલી ચહેરાએ ફીકાશથી એની સામે જોયું હતું. નજર લાચાર અને બઘવાયેલી.



પછીના દિવસોમાં અનાયાએ ફિલ્ટર વગર સેલ્ફી લેવાનું બંધ કરી દીધું. ગ્રુપ ફોટોઝને પણ એડિટ કર્યા વગર એ કોઈને મોકલતી નહીં. ત્યાં સુધી કે બહાર નીકળતા હવે એ માસ્ક, હૂડી કે દુપટ્ટાથી ચહેરો ઢાંકવા લાગી. અરીસામાં જોવાનું તો તદ્દન વર્જ્ય હતું એના માટે, પણ ભૂલેચૂકે જો નજર પડે તો ઝટ્ટ મોં ફેરવી લેવામાં એને છોછ નહોતો. રાત્રે ઈન્સ્ટા ફીડમાં એ જાતને જોતી. AI એ તૈયાર કરેલો કૃત્રિમ ચહેરો એને વ્હાલો લાગતો. સવારે બ્રશ કરતાં બાથરૂમનો આયનો એને અજાણ્યો ભાસતો, પણ છાબડે ઢાંક્યો સૂરજ થોડો ઢંકાય...?

એક દિવસ 'ઈન્સ્ટા' પર અનાયાના ચહેરાને ચાહનારા દિપાંશુ એને જોતાવેંત બોલી ઉઠ્યો, 'યાર, તું ફોટો કરતાં અલગ લાગે છે. ક્યારેક ફિલ્ટર વગર ફોટો મૂક બ્રો... ખાલી ખોટી અમે આશા ના બાંધીએ.' અનાયાની હાલત કાપો તો લોહીના ના નીકળે એવી થઈ ગઈ.

એ માંડ બોલી શકી કે, 'હા યાર ફિલ્ટર જ તો છે...' અને ધસી આવેલા આંસુને ખાળવા એ જોરથી હસી પડી. ત્યારે દિયા હળવેથી દબાયેલા સ્વરે બોલી, 'અની, તું હવે અસલી ફોટો એકપણ નથી મુકતી. જો અમે લોકો AI જનરેટેડ ફોટો મૂકીએ, પણ સાથોસાથ એમ થોડા અનફિલ્ટર્ડ પીક્સ મૂકી દઈએ. આપણે કૃત્રિમ દુનિયામાં પણ નેચરલ લાગવા જોઈએ યુ નો. પણ સાચું કે તને હવે નેચરલ દેખાવાનો ડર લાગે છે કે શું?'

અનાયાને કહેવું હતું કે હા, ડર લાગે છે. AI એ બનાવેલો ચહેરો પ્રેમ પામવા યોગ્ય છે ને કુદરતે આપેલો ચહેરો ભયાવહ. ખીલના ડાઘ, વાંકાચૂંકા દાંત, ઉજાગરાની ચાડી ખાતાં ડાર્ક સર્કલ્સ. આ બધું કેમનું ગમે?

ઘેર આવી એણે પોતાની જૂની-નવી તસ્વીરો જોઈ.

ઓનલાઈન-ઓફલાઈન વચ્ચેની અસમાનતા ખરેખર દર્દનાક ભાસતી હતી. એની નજર સામે આઠ-નવ વર્ષ નાની અનાયાનો ચહેરો તરવરી ઉઠ્યો. એ ફોટો પપ્પાએ લીધેલો. એકદમ કેન્ડીડ અને નેચરલ. બગીચામાં રમતી અનાયા. ધૂળ-માટીથી ખરડાયેલા હાથ, કેરીના રસથી ભરેલું મોંઢું, વિખરાયેલા વાંકડિયા વાળ વચ્ચે ખીલખીલતા હાસ્યથી મઢાયેલો ચહેરો.... આ તસ્વીર ઘરના ડ્રોઈંગ રૂમમાં આજે પણ દીવાલની શોભા વધારી રહેલી. એને ના કોઈ કેમેરા એંગલની જરૂર હતી ના એ કોઈ ફિલ્ટરની મોહતાજ હતી.

એ છોકરી ક્યાં ખોવાઈ ગઈ?

બીજા દિવસે અનાયા પહોંચી આર્ટ ક્લાસમાં. ત્યાં બેસેલા વરૂણના ખભ્ભે ધબ્બો મારતાં બોલી, 'હું અત્યારે જેવી દેખાવ છું ને એવો જ અસ્સલ ચહેરો દોરી દે...,. 'વરુણ ના પાડી શકે એમ નહોતો. કારણ, અનાયાના સિક્કા પડતાં સ્કૂલમાં. એની હોશિયારીની વાહવાહી કરતા લોકો થાકતા નહીં. સામાન્ય સ્ટુડન્ટ્સ એનાથી ગજબ ઈમ્પ્રેસ રહેતા એટલે ઉપરાઉપરી બે ફ્રી પિરિયડમાં એણે અનાયાનો ચહેરો દોરી આપ્યો. આબેહૂબ દરરોજ જેવી સ્કૂલમાં લાગતી એવી અનાયા કાગળ પર ચિતરાય ગયેલી. એ રાત્રે હિંમત કરી 'ઈન્સ્ટાગ્રામ' પર એ ચહેરો-ફોટો મૂકી દીધોઃ

મોટી આઇબ્રોઝ, ગોળ ચહેરો. સુંદર નહીં, વાયરલ થાય એવો ચહેરો નહીં પણ સાચો. નીચે લખ્યુંઃ

'આને શોધી રહી છું. જેને હું ભૂલી ગયેલી... ' સોશ્યલ મીડિયામાં રિસ્પોન્સ ઑછા આવ્યા. હજારો લાઈક્સ નહોતી. કમેન્ટ્સ પણ ઓછા, . પણ જે હતી એમાંથી સત્ય છલકાય રહેલું. 'તારી હિંમતને દાદ આપવી પડે. 'સારું થયું તું જલદી ઊગરી ગઈ. 'બ્રેવો, ગર્લ કોન્ગ્રેચ્યુલેશન તારી જાતના સ્વીકાર બદલ....' ઈત્યાદિ ઈત્યાદિ અંતે મહિનાઓ પછી એ અરીસા સામે આત્મવિશ્વાસ સાથે ઊભી. ભલે પોતે કોઈ પરી સમાન નહોતી ભાસતી, પણ એ દેખાતી હતી અનાયા જેવી. પ્રકૃતિએ આપેલા કુદરતી વરદાન જેવી. મનુષ્ય હોવાના પુરાવા સમાન અને ફરી એકવાર એ ડ્રોઈંગરૂમમાં ટીંગાતા ફોટોની અંદર રહેલા ખિલખિલાટ હાસ્યની માલકિન બની ગઈ. ■

# નવરાત્રિ માટે રેડી છો?

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

**નવરાત્રિની** તૈયારીઓ ચાલી રહી છે. પાસ લીધા કે નહિ, ક્યાં રમવા જાશું, શું પહેરશું, નવું શું લીધું છે આ બધાની વચ્ચે ક્યારેક એવું પણ લાગે કે કઈ રહી નથી જતું નથી ને? નવરાત્રિમાં મિક્સ ક્રાઉડ જોવા મળે છે. એક વર્ગ એવો છે કે, નવરાત્રિની તૈયારી ત્રણ મહિના પહેલા જ ચાલુ કરી દે છે, અને બીજો વર્ગ એવો છે કે, તૈયારી તો કરવી છે પણ ઓફિસમાંથી સમય નથી કાઢી શકતા. ઘણા બધું જ નવું શોપિંગ કરે છે તો ઘણા જુવાનિયા પાસે જૂના કપડાં કે જે સારી કન્ડિશનમાં છે તેની સાથે બીજું કૈક મિક્સ એન્ડ મેચ કરી પહેરે છે. નવરાત્રિમાં પાસના તો ખર્ચા હોય જ છે. સાથે નવા કપડાં અને જ્વેલેરીના. આ બધા વિચારોની વચ્ચે કંઈક નવું પહેરવું છે, ટ્રેન્ડી પણ લાગવું છે, અને ખર્ચાઓ પર પણ ધ્યાન આપવું છે. ચાલો જાણીયે આ નવરાત્રિમાં ઓછા ખર્ચામાં કઈ રીતે અલગ લાગી શકાય.



પ્લાઝો અને ચોલી – પ્લાઝો સાથે ચોલી એ યન્ગ યુવતી માટે બેસ્ટ ઓપ્શન છે. દરેક મહિલા કે યુવતીઓ પાસે ઘાઘરા ભલે ૬ થી ૭ હોય પરંતુ ચોલી એટલે કે બ્લાઉઝની સંખ્યા એનાથી ડબલ હોય છે. સૌ પ્રથમ તમારી પાસે જે પણ કપડા હોય તેને પટારામાંથી બહાર કાઢવા. ક્યાં નવાં કપડાં છે તેને પણ સાથે મૂકવા. આ બધી માથાઝીંક માટે તમને ફેશનની આગવી સૂઝ હોવી જોઈએ. આજકાલની બધી જ યુવતીઓ પાસે પ્લાઝો તો હોય જ છે. જો તમારી પાસે બ્લેક કલરનો પ્લાઝો હોય તો તેની સાથે કોઈ પણ કલરની ચોલી સારી લાગશે. ચોલીમાં પણ બે પ્રકાર હોય છે. એક શોર્ટ ચોલી અને બીજી બેકલેસ કે જેને કમખો કહેવાય. આ એક સ્ટાઈલિશ કોમ્બિનેશન લાગશે. પ્લાઝો ખાસ કરીને બ્રાઇટ કલરમાં પસંદ કરવું જેમકે, બ્લેક, રોયલ બ્લુ, ઓરેન્જ, ગ્રીન વગેરે કે જેની પર કોઈ પણ કલરની ચોલી સારી લાગી શકે. આ લુક સાથે તમે એક હાથમાં મલ્ટી કલર બંગડી અને બીજા હાથમાં કોઈ સ્ટેટમેન્ટ કડુ પહેરી શકો. વાળમાં સાગર ચોટલો વાળી દરેક વળમાં ઘુઘરી કે અલગ અલગ કલરના ફૂમતાં નાખી શકો. કમર પર ફુમતાવાળો બેલ્ટ કે પછી ઓક્સોડાઇસનો કંદોરો પહેરી શકો. જો તમે શોર્ટ ચોલી પહેરવાના હોવ તો ધ્યાન રાખવું કે તમારું શરીર સુડોળ હોય નહિ તો ખૂબ જ ખરાબ લાગશે. પ્લાઝો સાથે શોર્ટ ચોલી અને તેની સાથે બાંધણીનું શ્રગ પણ સારું લાગશે.

નોંધ (સ્મોલ બોક્સ ) – નવરાત્રિમાં તમે જે પણ કપડા પહેરો તે ખાસ કરીને બ્રાઇટ કલરમાં હોવા જોઈએ. ફેશનનું આંધળું અનુકરણ કરી હાસ્યાસ્પદ પરિસ્થિતિમાં મુકાવું નહીં. તમે જે પણ સ્ટાઇલના કપડાં પહેરો તે કમ્ફર્ટેબલ હોવા જોઈએ. બને ત્યાં સુધી ટ્રાન્સપરન્ટ કપડાં પહેરવા નહિ અને કોટન કપડાં પહેરવાનો આગ્રહ રાખવો જેથી કપડાં શરીરને ચોંટે નહિ.

ધોતી – નવરાત્રિમાં ધોતી ખૂબ જ સુંદર લાગે છે. ધોતી સાથે ઘણું મિક્સ એન્ડ મેચ કરી શકાય. જો તમારી પાસે મિરર વર્કવાળું હિપ કવરિંગ ટોપ હોય તો ધોતી સાથે પહેરી શકાય. ધોતી સાથે ત્રણ કલરનું વાઇબ્રન્ટ કોમ્બિનેશન કરી શકાય. જેમકે, રાણી કલરની પ્લેન ધોતી હોય તો તેની સાથે પેરેટ ગ્રીન કલરનો કુર્તો અને રોયલ બ્લુ કલરનું મિરર વર્કવાળું શોર્ટ જેકેટ પહેરી શકાય. કે પછી રાણી કલરની ધોતી સાથે બાંધણીનું એ સિમેટ્રિકલ હેમલાઇનવાળું ટોપ પહેરી શકાય. ધોતી સાથે કેડિયા સ્ટાઇલનું ટોપ પણ પહેરી શકાય. આ આઉટફીટના મિક્સ એન્ડ મેચ સાથે કોઈ પણ એક આઉટફિટ ફ્રેશ પીસ હોવો જોઈએ.



અને જો બંને આઉટફિટ જૂના હોય તો તેમાં થોડી લેસ કે પછી કોઈ ડેકોરેશન કરાવી શકાય કે જેથી બ્રાઇટ લુક આવે. ધોતી ખાસ કરીને કોટન ફેબ્રિકની પહેરવી કારણકે પરસેવો થાય તો કોટન ફેબ્રિક શરીરને ચોંટતું નથી. ધોતી સાથે પગમાં પાયલ કે એક પગમાં કડું પહેરી શકાય. જ્વેલરી તમે તમારા પસંદની પહેરી શકો.

ઘાઘરા – તમારા જૂના ઘાઘરા જો થોડા પણ સારી કન્ડિશનમાં હોય તો તેમાં થોડી લેસ મુકાવવી જેથી થોડો ઉઠાવ આવે. ઘાઘરાને મેચિંગ કોઈ કોટન પ્રિન્ટેડ ફેબ્રિકનો કુર્તો કરાવવો. ઘાઘરો હંમેશાં ઘેરવાળો પહેરવો. ઘેરવાળો ઘાઘરો ગ્રેસફુલ લુક આપે છે. ઘાઘરા સાથે જો વર્કવાળું બ્લાઉઝ ન પહેરવું હોય તો, બોડી હગિંગ ટીશર્ટ પહેરી શકાય. આની પર કપડાંની જ્વેલરી પહેરી એક અલગ લુક આપી શકાય. જ્યારે તમે ઘાઘરો પહેરો છો ત્યારે ખાસ કરીને દુપટ્ટો પહેરવો. દુપટ્ટો એ મર્યાદાની નિશાની છે. દુપટ્ટાનું ડ્રેપિંગ તમે તમારી બોડી ટાઈપ મુજબ કરી શકો. ઘાઘરામાં જે બોર્ડર હોય તે જો નીચેથી ફાટી ગઈ હોય કે ઝાંખી પડી ગઈ હોય અને આખો ઘાઘરો બ્રાઇટ લાગતો હોય તો, બોર્ડર કાઢી નાખી અને તેની બદલે બીજી બોર્ડર નાખી ઘાઘરાને એક નવો લુક આપી શકાય. થોડા ફેમિનિન લુક માટે ઘાઘરામાં કોઈ કોન્ટ્રાસ્ટ કલરની ફ્રિલ નાખી શકાય. કંઈક અલગ લુક આપવા માટે જૂના ઘાઘરાની ઉપર બીજો નવો ઘાઘરો કરાવવો કે જે તમે ઉપરના લેયર તરીકે પહેરી શકો. અને ડબલ લેયર ઘાઘરાનો લુક ક્રિએટ કરી શકો. ઘાઘરાની લંબાઈ હંમેશાં એન્કલ લેન્થ રાખવી. જો ફ્લોર લેન્થનો ઘાઘરો પહેરશો તો ઘાઘરો નીચેથી ખરાબ થશે અને રમવામાં વચ્ચે આવશે. એન્કલ લેન્થનો ઘાઘરો હશે તો તમે જે રીતે ગોળ ફરશો તેવી જ સહજ રીતે તમારો ઘાઘરો પણ ગોળ ફરશે. ઘાઘરો કોટન ફેબ્રિકનો હશે તો વધારે સારો લાગશે અને ગોળ ફરવામાં પણ આસાનીથી ફરશે. ઘાઘરો હંમેશાં બ્રાઇટ કલરમાં હોવો જોઈએ જેથી કરી તેની પર જે કામ કરવામાં આવ્યું હોય તે ઊઠીને દેખાય.

## બ્યુટી અને સેલ્ફ કેર

ધ્યાનમાં રાખવા જેવી અમુક બાબતો


- નવરાત્રી શરૂ થવાની હોય તેની પહેલાજ બધું જ શોપિંગ પૂરું થઇ જવું જોઈએ
- તમે જે કપડાં નવ દિવસ પહેરવાના છો તે એક્સેસરીઝ સાથે રેડી હોવા જોઈએ.
- પગના નખ હંમેશાં કાપી નાખવા, ગરબા રમતા મોટા નખ તૂટી જશે અને આખી નવરાત્રિ બગડશે.
- તમારા પર્સમાં હંમેશાં સેફ્ટી પિન, દાંતિયો, લિપસ્ટીક, વેટ ટિસ્યુ અને બેન્ડેજ જરૂરથી રાખવી.
- જો તમને વાગે તો વેટ ટિસ્યુથી સાફ કરી બેન્ડેજ લગાડી શકાય.
- પર્સમાં ગ્લુકોન ડી કે પછી તમને ફાવતું સુગર સપ્લિમેન્ટ રાખવું..
- એક્સેસરીઝ એવી પહેરવી કે તમારા કપડામાં ભરાય નહિ.
- પોકેટ પરફ્યુમ કે માઉથ ફ્રેશનર સાથે રાખવું.
- ઘરેથી નીકળતા પહેલા એકે કેળું ખાઈ લેવું જે તમને આરામથી ૨ કે ૩ કલાકની એનર્જી મળી જશે .
- જમીને ગરબા કરવા જવું નહિ.
- લિક્વિડ વધારે લેવું.
- ગરબા રમતી વખતે વચ્ચે વચ્ચે વધારે પાણી ન પીવું. ■

---

ફોકસ પ્લસ
મધુ સિંહ
feedback.ladki@bombaysamachar.com

# આ ૨૧-૨૧-૨૧ છે?

## આ છે નવો નુસખો વજન ઓછું કરવાનો...!



આજકાલ સેલિબ્રિટીમાં વજન ઓછું કરવાનો નવો ટ્રેન્ડ શરૂ થયો છે, જે ૨૧- ૨૧- ૨૧ના નામે જાણીતો થયો છે. આ પ્રક્રિયાને અનુસરવાથી આશરે ૬૩ દિવસમાં તમારા વજનમાં ખાસ્સો ફરક પડે છે. વજન ઓછું કરવા માટે અલગ અલગ ટાઇપની પ્રક્રિયામાં માત્ર એક જ નિયમ લાગુ પડે છે અને એ છે કે, નિયમિતતા જાળવવાની અને આળસ ત્યાગવાની. જો આ બન્નેને તમે તમારી દિનચર્યાનો ભાગ બનાવી દો તો તમારું વજન ઓછું જરૂર થશે જ.

ચાલો, હવે સમજી લઈએ કે આ નવી ફોર્મ્યુલા હકીકતમાં છે શું?

**૨૧- ૨૧- ૨૧ ફોર્મ્યુલા એટલે શું?**

આ એક ૬૩ દિવસની એવી ફિટનેસ યોજના છે કે, એમાં માત્ર ત્રણ ભાગમાં તમારું વજન ઓછું કરવાની ક્ષમતા છે. કસરત અને યોગ્ય ભોજન પર ધ્યાન આપી એવી દિનચર્યા સેટ કરવામાં આવે કે તમારું વજન ઓછું થાય.

**પહેલા ૨૧ દિવસ, ગતિ પર ધ્યાન આપવું**

શરૂઆતના પહેલાં ૨૧ દિવસ શરીરને હળવા સ્ટ્રેચિંગ અને કસરતની આદત પાડવામાં આવે છે. ધ્યાન એ રાખવું કે હેવી કસરત કરવી નહિ માત્ર શરીરને હળવી કસરતની આદત પાડવાની છે. પહેલાં ૨૧ દિવસ ડાયટ કરવાની પણ જરૂર નથી. તમે જે રૂટીન ખાતા હો તે જ ખાવાનું રાખો. આ પછીના ૨૧ દિવસ- ડાયટમાં ફેરફાર કરવો.

પહેલાં ૨૧ દિવસ જયારે શરીરને હળવા સ્ટ્રેચિંગ અને કસરતની આદત પાડ્યા પછીના ૨૧ દિવસ ડાયટ પર ફોકસ કરવામાં આવે છે. ડાયેટમાં આખો આહાર બદલવાનો હોય છે જેમકે, ચામાં સાકાર ઓછી લેવી, જમ્યા પછી ગળ્યું ઓછું ખાવું, રાતના સમયે એસિડિટી ન થાય તેવો ખોરાક લેવો. સવારના સમયે દૂધ લેવું. જમવામાં ઘઉંની રોટલીને બદલે બાજરાની રોટલી કે પછી જુવારની રોટલી ખાવી. તમારા ખોરાકમાં પ્રોટીનની માત્રા વધારવી જેથી આખો દિવસ પેટ ભરેલું રહે. નાસ્તામાં તળેલી વાનગીઓ ન ખાવી, પરંતુ તેની બદલે ડ્રાય ફ્રૂટ્સ અને ફળ ખાવા. બજારના પેકડ જ્યુસ લેવા નહીં અને તેની બદલે ઘર પર બનાવેલા ડ્રિંક્સ લેવા.

**છેલ્લા ૨૧ દિવસ –**

છેલ્લા ૨૧ દિવસ ભાવનાત્મક રીતે ભારી પડે છે. ખાવા પીવામાં ખરાબ આદત જેમ કે ચા, કોફી વધારે પીવી. દારૂ કે સિગરેટનું સેવન જેવી આ બધી જ વસ્તુઓથી દૂર રહેવાનું હોય છે. ખરાબ મૂડ સારો કરવાં માટે પણ આ વસ્તુઓનું સેવન કરવાનું નથી. આ બધી જ વસ્તુ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. આવી રીતે થોડું ડાયટ કંટ્રોલ કરી અને થોડી કસરત કરી તમારા શરીરમાં ફરક દેખાશે. વજન થોડું ઓછું થયું હોય એટલે થોડો ઉત્સાહ પણ વધે છે. અને બાકીના ૨૧ દિવસમાં દિનચર્યામાં અને આહારમાં બદલાવ આવવાથી થોડું સારું પણ લાગે છે.

**પહેલા ૧ થી ૨૧ દિવસ**

દિવસની શરૂઆત પ્રોટીન યુક્ત નાસ્તાથી કરવી. જો તમે નાસ્તો નહિ કરો તો પણ તમારું વજન વધશે. નાસ્તામાં તમે ફળ, સલાડ અને ડ્રાય ફ્રૂટ્સ પણ લઇ શકો છો.

રોજ સવારે ૨૦ થી ૩૦ મિનિટ ચાલવા જવું. જો સવારના ચાલવા ન જઈ શકો તો સાંજના સમયે પણ ચાલવા જઈ શકાય. સવારના કે સાંજના બન્ને ટાઈમે કરેલો વોક ફાયદાકારક જ હોય છે.

રોજ છ થી સાત કલાકની ઊંઘ થવી જોઈએ. વજન ઓછું કરવા માટે પહેલા ૨૧ દિવસ આ જ દિનચર્યા રાખવી, ધીરે ધીરે આવી દિનચર્યા તમારી આદત બની જશે.

વોક કરવાથી તો ફાયદો થાય જ છે, પરંતુ ક્યારેક દાદરા ચડીને જવા કે ઉતરી જાવ. એ પણ એક જાતની કસરત જ છે. આનાથી પણ તમને ચોક્કસ ફાયદો થશે.

**બીજો ભાગ ૨૨ – ૪૨ દિવસ**

જો તમે નિયમિત બહારનું ખાતા હોવ તો આનાથી પણ વજન વધે છે. ઘરમાં ઓછા તેલમાં બનેલુ ખાવાનું વજન ઘટાડવામાં સહાયક બને છે. પહેલા ભાગમાં અઠવાડિયામાં એક વાર અથવા ૧૫ દિવસમાં એક વાર, બહારનું ખાવાનુ ખાઈ શકાય છે

તમે ખીચડી, દાળ – ભાત, મિક્સ દાળના ચીલા, સાદા ઢોસા, પૌઆ, ઉપમા, મિક્સ વેજિટેબલ કે પનીર સલાડ, જેવા ઓપશન્સ ટ્રાય કરી શકો છો.

તમે ચિટ મિલનો આનંદ લેવા માગો છો તો કેલેરીયુક્ત આહાર સવારે લેવો જેથી આખા દિવસમાં તમે આસાનીથી કેલેરી બર્ન કરી શકો.

**ત્રીજો ભાગ – ૪૩-૬૩ દિવસ**

જો તમે રેગ્યુલરલી ડ્રિન્ક કરતા હો તો આની માત્રા ઓછી કરવી. પહેલા અઠવાડિયામાં એક વખત, પછી ૧૫ દિવસ માં એક વખત અથવા તો ૧ મહિનામાં એક વખત જ ડ્રિન્ક લેવું.

મીઠાઈ, આઈસ્ક્રિમ અને ઘરમાં બનેલી ગળી વાનગીઓથી દૂર રહેવું. જો તમને ગળ્યું ખાવું જ હોય તો તમે મહિનામાં માત્ર એક દિવસ તમને મનપસંદ ગળ્યું ખાઈ શકો.

વારે ઘડીયે દૂધવાળી ચા કે કોફી પીવા કરતાં લેમન ટી, ગ્રીન ટી, બ્લેક ટીનું સેવન કરવું. જો તમને મસાલા ચા પસંદ હોય તો તે પણ દૂધ અને સાકાર વગર લેવી.

આમ જો તમે આ ૨૧-૨૧-૨૧ની ફોર્મ્યુલા બરાબર પાળશો તો અચૂક તાજા- તરવરાટભર્યા બની જશો... ■

---

ફોકસ
રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

# પહેલવાન એટલે પુરુષ

## એવી માન્યતા બદલી નાખનારી આ મહિલાને ઓળખો છો?

**પહેલવાન** એટલે પુરુષ એવી ભારતીય માન્યતા વચ્ચે ભારતમાં આ ક્ષેત્રમાં મહિલાનો પ્રવેશ અશક્યવત મનાતો હતો, ત્યારે એક મહિલાએ પુરુષોના આ ગઢમાં ગાબડું પાડવા નિશાન તાક્યું. તેનું નામ હતું, હમીદા બાનો પહેલવાન. એક તો મહિલા, બીજું રૂઢિચુસ્ત ધાર્મિક મુસ્લિમ પરિવારની દીકરી અને તેમાં કુસ્તી જેવું પુરૂષોનું ક્ષેત્ર. કેટલું મુશ્કેલ રહ્યું હશે તેમના માટે આ રમતમાં ઊતરવું, અને સફળ પણ થવું! હમીદા બાનોના બાળપણ વિશે ઝાઝી માહિતી મળતી નથી. પણ એટલું જાણવા મળે છે કે આજથી એક સદી પહેલા લગભગ વર્ષ ૧૯૦૦ અને ૧૯૨૦ની વચ્ચે તેમનો જન્મ ઉત્તર પ્રદેશના અલીગઢમાં થયેલો. તેમના પિતા ઉત્તરપ્રદેશના પ્રસિદ્ધ નાદેર પહેલવાન હતા. એ જમાનામાં, નાદેર પહેલવાને દીકરીને સશક્ત બનાવવાના ઇરાદે કુસ્તી શીખવવાનું શરુ કર્યું. શિક્ષણ ક્યારે પોતાના શોખમાં બદલાઈ ગયું તેની ખુદ હમીદાને પણ જાણ ન રહી.

કુસ્તી કરવાનો શોખ તો જાગ્યો, પણ લડવું કોની સામે? કોઈ મહિલા પહેલવાન હોવી પણ જોઈએને! તેથી તેણે સ્થાનિક પુરુષ પહેલવાનોને પોતાની સામે લડવાનો પડકાર ફેંક્યો. પુરુષો એક મહિલા સાથે કેવી રીતે લડે? એ તો એક પ્રશ્ન હતો જ, પણ સાથે કુસ્તીના કપડાં પહેરીને મહિલા જાહેરમાં અંગપ્રદર્શન કરે એ સ્વીકાર પણ કેમ થાય? આવા અનેક પ્રશ્નોનો સામનો હમીદા બાનોને શરૂઆતથી જ કરવો પડ્યો.

કહેવાય છે કે, ૫ ફૂટ ૩ ઇંચનું કદ, અને ૧૦૮ કિલોનું વજન ધરાવતી હમીદા, દરરોજ ૬ લિટર દૂધ, ૨.૨૫ લિટર ફળોનો રસ, ૧ કિલો મટન, ૪૫૦ ગ્રામ માખણ, ૬ ઈંડા, લગભગ ૧ કિલો બદામ, ૨ મોટી રોટલી અને ૨ પ્લેટ બિરયાની ખાતી હતી. ૨૪ કલાકમાં, તે ૬ કલાક કસરત કરતી હતી. એટલે તેનો દેખાવ ભલભલા પુરુષ પહેલવાનોને ટક્કર આપે તેવો હતો.

કેટલાક પુરુષોએ એવું માનીને તેની સાથે કુસ્તી લડવાનો સ્વીકાર કર્યો કે એક સ્ત્રી કુસ્તીના અખાડામાં કેટલી મિનિટ ટકશે? ૧૯૩૭માં, તેણે અવિભાજિત ભારતના લાહોરમાં એક પુરુષ પહેલવાન ફિરોઝ ખાન સામે સ્પર્ધા કરીને એવો ચિત્ત કરી નાખ્યો કે પહેલવાન પણ આશ્ચર્યચકિત થઇ ગયો. પરંતુ પંજાબના રૂઢિચુસ્ત સમુદાયે તેના પર અપમાન અને શારીરિક હુમલાઓ પણ કર્યા. હમીદાએ ત્યાંથી ભાગી જવું પડ્યું. તે સમયના વિખ્યાત બાબા પહેલવાન જેવા પુરુષ કુસ્તીબાજોએ તેને





હમીદાબાનુ

પડકાર ફેંક્યો કે કાં તો હમીદા તેની સાથે લગ્ન કરે અથવા કુસ્તીની મેચમાં તેમને હરાવે. હમીદાએ પડકાર સ્વીકારી લીધો! બાબા પહેલવાન બે મિનિટથી ઓછા સમયમાં હારી ગયો. જોકે કહેવાય છે કે બરોડાના મહારાજા દ્વારા આશ્રિત છોટે ગામા પહેલવાન હમીદાનો વિરોધી બનવાનો હતો, પરંતુ બાનુની અદ્ભુત શક્તિ વિશે સાંભળ્યા પછી તે પીછેહઠ કરી ગયો અને હારવાનું કલંક બાબાના માથે આવ્યું!

હમીદાએ એલાન કર્યું કે જે પહેલવાન મને કુસ્તીમાં હરાવશે, હું તેને પરણી જઈશ! આ એક સશક્ત, આત્મવિશ્વાસથી ભરપૂર મહિલાનો પુરુષોને પડકાર હતો જે તેને કમજોર સમજતા હતા. ઘણા કુસ્તીબાજોએ હમીદાનો ખુલ્લો પડકાર સ્વીકાર્યો, પરંતુ કોઈ પણ તેની સામે ટકી શક્યું નહીં. એક પટિયાલાનો અને બીજો કોલકાતાનો કુસ્તી ચેમ્પિયન, બંને તેની સામે હારી ગયા.


૧૯૪૪માં, તે અખબારોની હેડલાઇન્સમાં ચમકી જ્યારે તે ગુંગા પહેલવાન નામના એક પ્રતિષ્ઠિત કુસ્તીબાજ સાથે લડવા અખાડામાં ઊતરી. ૨૦,૦૦૦ લોકો આ કુસ્તી જોવા આવ્યાના અહેવાલ ‘બોમ્બે ક્રોનિકલ’માં છપાયા હતા. ગુંગા પહેલવાન જોકે, છેલ્લી ઘડીએ ખસી ગયો, પણ આ ઘટના પછી હમીદા, અમેરિકાની મશહૂર મહિલા પહેલવાન અમેઝોનના નામથી ‘અલીગઢની અમેઝોન’ તરીકે ઓળખાવા લાગી હોવાનું નોંધાયું છે. ૧૯૫૦ સુધીમાં તે વિશ્વવિખ્યાત બની ગઈ હતી. ૧૯૫૪માં, હમીદા બાનોનો સામનો મુંબઈમાં રશિયન કુસ્તીબાજ વેરા ચિસ્ટિલિન સાથે થયો. વેરાને એ સમયે તેની કુસ્તીની કાબેલિયત માટે ‘રશિયન રીંછ’નું ઉપનામ મળ્યું હતું. મુંબઈમાં ખેલાયેલી આ કુસ્તીમાં તેણે એક મિનિટથી ઓછા સમયમાં રશિયન રીંછને હરાવી દીધી હતી. તે વર્ષના અંતમાં, તેણે સિંગાપોરની મહિલા કુસ્તી ચેમ્પિયન રાજા લૈલા સાથે પણ કુસ્તી કરી, અને બાદમાં યુરોપિયન કુસ્તીબાજોને લડાઈ માટે પડકાર ફેંક્યો.

કોલ્હાપુરમાં એક મેચ દરમિયાન, દર્શકોએ બાનુને તેના પુરુષ પ્રતિસ્પર્ધી સોમસિંહ પંજાબીને હરાવવા બદલ હોબાળો મચાવ્યો અને પથ્થરમારો પણ કર્યો. લોકોને શાંત કરવા પોલીસે આ મેચને માત્ર ‘નાટક’ ગણાવી. એવા પણ આરોપો મુકવામાં આવ્યા કે પુરુષ પહેલવાનો ગોઠવણ મુજબ જાણીજોઈને હારી જાય છે! વિવાદોના કારણે મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્ય પ્રધાન મોરારજી દેસાઈને સ્ત્રી-પુરુષ મેચ પર પ્રતિબંધ મૂકવાની ફરજ પડી હતી.

આટલી સફળતા પછી પણ હમીદાનું અંગત જીવન એટલું જ પડકારજનક હતું. તેમના પૌત્ર ફિરોઝ શેખને ટાંકીને બીબીસીએ અહેવાલ આપ્યો હતો કે હમીદાના કોચ સલામ પહેલવાને હમીદા યુરોપ કુસ્તી લડવા ન જાય એ માટે તેના હાથ-પગ તૂટી જાય એટલી હદે મારીને તેને યુરોપ જતા અટકાવી હતી. વર્ષો સુધી તે લાકડી વિના ચાલી પણ નહોતી શકતી. આ ઘટના પછી, હમીદા બાનો નામનો ચમકતો સિતારો કુસ્તીના આકાશમાંથી અદ્રશ્ય થઇ ગયો. તેના અંતિમ દિવસો તે મુંબઈ નજીક કલ્યાણમાં દૂધ અને ફરસાણ વેચીને પસાર કરતી હતી. ભારતીય કુસ્તીના ઇતિહાસમાં મહિલા કુસ્તીનું સોનેરી પ્રકરણ ઉમેરનાર હમીદા તકલીફોમાં આખરી દિવસો ગુજારીને ૧૯૮૬માં દુનિયાના અખાડામાંથી એક્ઝિટ કરી ગઈ. ■

## પ્રકરણ-૯

અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઇમ કથા...




યોગેશ સી પટેલ

**કામની** વ્યસ્તતાને કારણે સાંજે ખાસ્સું મોડું થઈ ગયા છતાં ઈન્સ્પેક્ટર ચંદ્રેશ ગોહિલે આરે યુનિટના મુખિયાઓને મળવાનું નક્કી કર્યું. હેલિકૉપ્ટર દુર્ઘટના સ્થળેથી મળેલા છોકરીના શબની ઓળખ થઈ હોવાની માહિતી કોન્સ્ટેબલ નામદેવ દળવીએ આપી હતી એટલે તે મુદ્દે વધુ ચર્ચા માટે મુખિયાઓને ગોહિલે જ પોલીસ સ્ટેશને બોલાવ્યા હતા. આ ચર્ચામાં ઈન્સ્પેક્ટર રવિ કદમ અને એપીઆઈ પ્રણય શિંદેને પણ હાજર રહેવાનું ગોહિલે કહ્યું હતું.

'સર, એ છોકરી... મંજરી નવલે માતા ભાગવતી સાથે યુનિટ સત્તરમાં રહેતી હતી. ત્યાંના મુખિયા આ તાંડેલજી છે.' દળવીએ ઓળખાણ કરાવતી વખતે 'તાંડેલજી' કહીને માન આપ્યું.

'છોકરી તમારા પાડાની હતી છતાં તમે ઓળખતા નથી? તેની માહિતી આપવામાં આટલો વિલંબ?' ગોહિલે કરેલા વેધક પ્રશ્નથી તાંડેલનું મોં પડી ગયું.

'સાહેબ, એ જ વાતનું તો દુઃખ છે કે એ છોકરી અમારા પાડાની હતી!' તાંડેલે મોં બગાડતાં કહ્યું.

'એક તૂટેલા-પુરાના તબેલામાં મા-બેટી એકલાં રહેતાં હતાં. કોઈની સાથે બહુ હળતાંભળતાં નહોતાં... એટલે કોઈ રહેવાસી પાસે તેમની પૂરી માહિતી નથી!'

'તમારા યુનિટમાં રહે અને તમને જ જાણકારી નથી?' ગોહિલે અચરજ સાથે ફરી એ જ પ્રશ્ન કર્યો. ગોહિલ જાણીજોઈને ચાબખા મારતો હોવાનું મુખિયાને લાગ્યું.

'ના... આ મા-બેટી મૂળ અમારા પાડાનાં રહેવાસી નથી. મને એવું જાણવા મળ્યું છે કે બે-અઢી મહિના પહેલાં જ એ રહેવા આવ્યાં હતાં. એમનાં કોઈ સગાં નહોતાં અને રહેઠાણ નહોતું એટલે પાડાના રહેવાસીઓએ આશરો આપ્યો હતો.' બોલતાં બોલતાં તાંડેલને જાણે હાંફ ચઢી.

'છોકરીની શી જાણકારી છે તમારી પાસે?' કદમ સીધો મુદ્દા પર આવ્યો.

'દોઢેક મહિના પહેલાં કોમ્બટ પાડામાં યોજાયેલી સ્વાસ્થ્ય શિબિરમાં મા-બેટી સાથે દેખાઈ હતી.' યુનિટ-૧૩ના મુખિયા બાળકૃષ્ણ ટેકામે હવે માહિતી આપી.

'ભાગવતી આરે બહાર ક્યાંક ઘરકામ કરીને પેટિયું કૂટતી હતી, પણ હવે તો તેની પણ કોઈ ભાળ નથી!' ટેકામે જણાવ્યું.

'કેમ? એ ક્યાં ગઈ?' શિંદેને પ્રશ્ન થયો.

'એ બીજી સમસ્યા છે, સાહેબ! કેમ કે એ ક્યાં ગાયબ થઈ ગઈ એની કોઈને માહિતી નથી!' તાંડેલે ફરી ચર્ચામાં ઝુકાવ્યું.

'છોકરી ક્યારથી ગુમ હતી એ અંગે કોઈ જાણકારી છે?' ગોહિલને ચર્ચા નિરર્થક લાગવા માંડી.

'સાહેબ, છોકરીની માનસિક સ્થિતિ પણ શંકાસ્પદ છે.'

'કેમ?'

'ગમે ત્યાં ભટક્યા કરતી છોકરી ઘણી વાર રાતે ઘરે પાછી નહોતી આવતી... એટલે એ ગુમ થઈ ત્યારે એની માએ કોઈને જાણ નહીં કરી હોય!' તાંડેલે માહિતી પૂરી કરતાં કહ્યું.

'પોલીસ સ્ટેશનમાં મંજરીની મિસિંગની ફરિયાદ નોંધાઈ છે?' ગોહિલે દળવીને જોતાં કહ્યું.

'ના... સર. મંજરીની ઓળખ થયા પછી છેલ્લા એક મહિનાની મિસિંગની ફરિયાદનો રેકોર્ડ તપાસી જોયો, પણ...' દળવી અટક્યો.

'છોકરી ગુમ થયા પછી મા પણ તરત ગાયબ થઈ હશે... કદાચ એટલે જ તે છોકરીની મિસિંગની ફરિયાદ નોંધાવી શકી નથી!' ગોહિલે અટકળ લગાવી.

'સાહેબ... આ દુરાત્માનો પ્રકોપ જ હોઈ શકે! તેનો ઓછાયો જંગલને ભરડામાં લઈ રહ્યો છે... કાં પછી માનવભક્ષીનું કામ છે. બેટીનું હૃદય ખાધા પછી માને ખાઈ ગયો!' આ કથનથી ગોહિલનું મગજ છટકી જાય તે પહેલાં કદમે મામલો સંભાળ્યો.

'ઠીક છે... એ બધું જે હોય તે... અમે જોઈ લઈશું! તમારો આભાર.'

કદમે મુખિયાઓને જવાનો ઇશારો કર્યો: 'કંઈ પણ અજીબોગરીબ બાબત ધ્યાનમાં આવે તો અમને જાણ કરજો.'

'સર, આ લોકોને સમજાવવાનો કોઈ ફાયદો નથી. જંગલમાં ભૂત-પિશાચ અને આત્માની વાતો સામાન્ય છે. એ વિચારસરણીમાંથી આ લોકો બહાર નહીં આવે.' કદમે કહ્યું.

'કમાલ છે... અહીં આખેઆખા માણસો ગુમ થઈ જાય છે એની કોઈને કંઈ પડી નથી અને આ લોકો આત્માને દોષ દેવામાં પડ્યા છે!' ગોહિલે બળાપો કાઢ્યો.

'આ લોકોનું ચાલે તો આત્માને જ આરોપી પકડવાનું કામ સોંપે!'

ગોહિલે કદમ, શિંદે અને દળવી તરફ વારાફરતી જોયું: 'શું લાગે છે... શું થયું હશે ભાગવતી સાથે?'

'સર... એને પણ પતાવી નાખી હશે!' શિંદેએ પોતાના શારીરિક બાંધા અનુરૂપ અનુમાન લગાવ્યું એટલે બધા તેની તરફ જોવા લાગ્યા.

'મારું કહેવું છે કે એ જીવિત નહીં હોય તો જ દીકરીની મિસિંગની ફરિયાદ નથી નોંધાવી!' શિંદેએ સ્પષ્ટતા કરી.

'એવું હોય તો બૉડી ક્યાં છે?' કદમે સૂચક પ્રશ્ન કર્યો.

'મંજરીનું શબ પણ આપણને ક્યાં મળ્યું હોત... જો હેલિકૉપ્ટર તૂટી ન પડ્યું હોત તો...' દળવી વચ્ચે જ બોલી પડ્યો: 'સર, આ જંગલ ઘણું ગીચ અને વિશાળ છે.'

'સર, ભાગવતી મંજરીને મારીને ભાગી ગઈ હોય એવું બને? મુખિયાઓના કહેવા મુજબ મંજરીની માનસિક સ્થિતિ શંકાસ્પદ હતી... તો એનાથી કંટાળીને ભાગવતીએ આ પગલું ભર્યું હોય!' કદમે શંકા વ્યક્ત કરી.

'એક ટીમ આ ભાગવતીની શોધમાં લગાવો. જીવિત હોય તો હાથ લાગવી જોઈએ.'

રાત થઈ ગઈ હોવાથી ઘરે જવા ખુરશીમાંથી ઊભા થતાં ગોહિલે કહ્યું: 'મને લાગે છે, આ બધી ઘટનાઓ ટુકડાઓમાં આપણી સામે આવી છે અને વેરવિખેર પડી છે. એક કડી પણ બીજી સાથે જોડાશે તો બધી કડી આપોઆપ જોડાઈ જશે.'

* * * *

'સર... એનું નામ દામુ પાવસકર છે. જોગેશ્વરીમાં રહેતો હતો.'

આરેના જંગલમાં રાતે ફરી અકસ્માત મૃત્યુની ઘટના બની હતી. આ બાબતની જાણ થતાં કોન્સ્ટેબલ નામદેવ દળવીએ ગોહિલને વ્હૉટ્સઍપ મેસેજ કર્યો હતો. સવારે ઊંઘમાંથી ઊઠીને ગોહિલે મેસેજ જોતાં જ દળવીને કૉલ કર્યો હતો.

**આ કાં તો માનવભક્ષીનું કામ છે... બેટીનું હૃદય ખાધા પછી માને ખાઈ ગયો!**

'બોલ દળવી... હવે કોને ભૂત દેખાયું? આત્મા કોનો જીવ લઈ ગયો?'

'ચ્યા માયલા...'

'એ...' દળવીની બોલવાની આદતથી ગોહિલ વાકેફ હતો એટલે તેને માત્ર ટોક્યો, ગુસ્સો ન કર્યો.

'સૉરી, સર... પણ એવું કેમ બોલો છો?'

'અરે, યાર! કોઈ ઘટના બને એટલે આરેમાં આવી જ ચર્ચાઓ થતી હોય છેને?' ગોહિલ નિરાશ સ્વરે બોલતો હતો.

'હાં... સર! વાત તો સાચી છે. 'ભૂત દેખાયું હશે... આત્મા જીવ લઈ ગયો' એવી ચર્ચા જામી છે!' દળવીએ પણ ધીમા સ્વરે કહ્યું.

'દામુના કેસમાં શું છે?'

'દામુ રિક્ષા ચલાવતો હતો અને તેણે મધરાતે એકાદ વાગ્યે પત્ની ગીતાને ફોન કર્યો હતો.' દળવીએ કહ્યું.

'શું વાત થઈ હતી?'

દળવી સાથે ગોહિલ ફોન પર વાત કરતો હતો, પણ તેની નજર ચા લઈને આવેલી પત્ની તૃપ્તિ પર હતી. તોબરો ચડાવીને ઊભેલી તૃપ્તિના એક હાથમાં કપ-રકાબી હતી તો બીજો હાથ કમર પર મુઠ્ઠી વાળેલો હતો. તૃપ્તિ શા માટે ગાલ ફુલાવીને ઊભી હતી તે ગોહિલ જાણતો હતો. મોબાઈલ પર વાત કરતાં કરતાં જ તેણે ચાનો કપ હાથમાં લીધો.

'પેસેન્જરને છોડવા મેટ્રો કારશેડની સાઈટ પર ગયેલા દામુને ત્યાં જ મોડું થઈ ગયું. આટલી રાતે જંગલમાં બીજા પેસેન્જર મળવા મુશ્કેલ હોવાથી તે ખાલી રિક્ષા સાથે ઘરે પાછો ફરી રહ્યો હતો.'

દળવીએ કહ્યું: 'મેટ્રોની સાઈટ પરથી નીકળતી વખતે તેણે પત્નીને કલાકમાં ઘરે પહોંચી જઈશ, એવું કહેવા ફોન કર્યો હતો.'

ચા આપ્યા પછી પણ તૃપ્તિ કમર પર હાથ રાખી ત્યાં જ આંટા મારતી હતી. ગોહિલ સમજી ગયો કે આજે પણ રકઝક થવાની છે.

'ઓકે. બીજી કોઈ મહત્ત્વની વાત નથીને? હું આરે આવું છું.' ગોહિલે કૉલ કટ કરવાની ઉતાવળ કરી, પણ દળવીએ વાત આગળ ધપાવી.

'સર, આ રિક્ષાવાળાની બૉડી યુનિટ સોળ નજીક વનીચા પાડા પાસે જ મળી છે... રિક્ષા ઝાડ સાથે ટકરાઈ હતી, પણ અકસ્માતને કારણે તેનું મોત થયું હોવાનું લાગતું નથી. મામૂલી ઇજા સિવાય શરીર પર કોઈ મોટાં જખમ નથી!' દળવીએ માહિતી આપી.

'પણ, સર...' દળવી થોડું અટક્યો.

'શું?'

'સર, હવે આરેના રહેવાસીઓ આંદોલનની વાત કરી રહ્યા છે. રસ્તા પર ઊતરી વિરોધ પ્રદર્શન...' દળવીએ વાક્ય અધૂરું છોડ્યું.

'કેમ... હોમ-હવનથી કોઈ ફાયદો ન થયો?' ગોહિલ કટાક્ષમાં બોલ્યો એટલે દળવીએ મૌન રહેવાનું યોગ્ય માન્યું.

'ઠીક છે... હું આવું પછી વાત!' કહીને ગોહિલે કૉલ કટ કર્યો.

ગોહિલની વાતચીત પતી હોવાનું જોઈ તૃપ્તિએ ચાલુ કર્યું: 'પછી શું નક્કી કર્યું?'

'તૂતી મેં ક્યાં ના પાડી છે, પણ અત્યારે તું જુએ છેને... કેવી હાલત છે.'

ગોહિલે કહ્યું: 'તું તો મારી તૂતી... મેના છે, આમ વાનર જેવું મોં કરીને શા માટે ફરે છે?'

ગોહિલે વાનર કહેતાં તૃપ્તિનું મગજ છટક્યું. બન્ને હાથ કમર પર રાખી વીફરેલી નાગણની જેમ તે ગોહિલ તરફ આગળ વધી. ચહેરાના આવા હાવભાવ જોઈ ગોહિલને લાગ્યું, જન્મદિને ફરવા જવાને બદલે તૃપ્તિ આજે જ તેને ફેરવી નાખશે. જોકે એ કંઈ બોલે તે પહેલાં ગોહિલનો મોબાઈલ ફરી રણક્યો. ગોહિલે જાણે હાશકારો અનુભવ્યો. ખરે ટાંકણે આવેલા કૉલે બચાવી લીધાનો સંતોષ તેના મુખ પર હતો. કૉલ કૂપર હૉસ્પિટલમાંથી ડૉ. ભાવિક માજીવડેનો હતો.

'તૂતી ડાર્લિંગ... સમજ જરા, હું ઘણો બિઝી છું. ટેન્શનવાળો કેસ છે.' ગોહિલે આવું કહેતાં તૃપ્તિ જમીન પર પગ પછાડતી રસોડામાં જતી રહી.

'જી ડૉક્ટરસાહેબ... આજે મને યાદ કર્યો?' તૃપ્તિના ગયા પછી ગોહિલે તરત કૉલ રિસીવ કર્યો.

'ઑફિસર, આજે પાછી આરેથી એક બૉડી આવી છે!' ડૉ. માજીવડેએ કહ્યું.

'હાં... મને ખબર પડી. કોઈ રિક્ષા ડ્રાઈવર છે... પણ એનું શું?' ગોહિલને આશ્ચર્ય થયું.

'મારી ટીમ શબનું પોસ્ટમોર્ટમ કરી રહી છે, પણ પ્રાથમિક તપાસમાં આ મૃત્યુ હાર્ટ અટેકને કારણે થયું હોવાનું જણાયું છે!' ડૉ. માજીવડેએ માહિતી આપી.

'તો? તમને શંકાસ્પદ જેવું કંઈ લાગે છે?' ગોહિલે પ્રશ્ન કર્યો.

'શંકાસ્પદ નહીં, પણ...'

ડૉ. માજીવડે કંઈક વિચાર કરીને બોલી રહ્યા હતા: 'તાજેતરના સમયગાળામાં આરેમાંથી મળેલા શબના દરેક કેસનો અભ્યાસ કરવાની મારી સલાહ છે!'

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| जांभई | આગચંપી |
| जावळे | બગાસું |
| जावई | ઉજાગરો |
| जाळपोळ | જમાઈ |
| जागर | જોડિયા |

### ઓળખાણ પડી?

૩૫ વર્ષની ઉંમર અને બે બાળકોની માતા બન્યા પછી ભારતીય લશ્કરમાં સર્વપ્રથમ જવાન બનવાની સિદ્ધિ મેળવનારી જાંબાઝ મહિલાની ઓળખાણ પડી?



અ) લક્ષ્મી ઐયર
બ) માધુરી કાનિટકર
ક) રુચિ શર્મા
ડ) શાંતિ તિગ્ગા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | વ | લો | ૨ ક | ૩ ન | | ૪ સ | ૫ ગ | વ | ૬ ડ |
| સ્ક્યા | | | ૭ પ | ર | ૮ વા | | વા | | ર |
| ૯ મ | ૧૦ હે | લ | | ૧૧ મા | તા | ૧૨ મ | હી | | પો |
| ૧૩ ત | ર | | ૧૪ અ | દા | વ | ત | | ૧૫ પો | ક |
| | ૧૬ ફે | ડ | ણી | | ર | | ૧૭ વા | ળ | |
| ૧૮ ના | ર | | | ૧૯ ર | ણ | ૨૦ કા | ર | | ૨૧ જ |
| ટ્યા | | ૨૨ ભ | ૨૩ ભૂ | ત | | ૨૪ ઉ | તા | ૨૫ વ | ળ |
| ત્મ | | ૨૬ ગા | લ | | ૨૭ કા | બો | | ૨૮ ર | સ |
| ૨૯ ક | ૩૦ ફ | | ૩૧ ક | તિ | પ | ય | | ૩૨ સા | મા |
| ૩૩ તા | ણા | વા | ણા | | ડ | | ૩૪ ઉ | દ | ધિ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

**આડી ચાવી**
૧. લોકપ્રિય વ્યક્તિ (૫)
૪. સ્વપ્નોને સાકાર કરનાર (૪)
૬. ભૃકુટિ, ભવું (૩)
૮. ઢોંગી, ધુતારો (૩)
૧૦. આપણામાં મડદાને --- અપાય (૨)
૧૧. પહેલાં ન થયું હોય એવું (૩)
૧૨. આદત (૨)
૧૩. જવાબદારી (જો.છૂ.) (૩)
૧૪. દરેક પશુને હોય (૩)
૧૫. પૂજાયેલું (૩)
૧૮. બધા (૩)
૧૯. આપણામાં ચાર --- છે (૨)
૨૦. એ ઝઘડાખોરને રોજ --- કોક જોઈએ (૩)
૨૧. કામદેવ (૫)
૨૩. મોટી, ઘણી (હિ.) (૨)
૨૪. સર્વોત્તમ, સુંદર (૫)
૨૭. નાનો લીમડો (૩)
૨૯. મનોદશા, મિજાજ (૨)
૩૦. --- રોટલા હોય કે પુલાવ-આમાં બનાવો (૨)
૩૧. ઘેટા-બકરાનું ચામડું (૨)
૩૨. દેવ ઉપરથી ઉતારેલી વસ્તુ (૩)
૩૩. મીઠી, સફેદ, દાણાદાર (૩)

**ઊભી ચાવી**
૧. લોકોની ફરિયાદ સાંભળનાર અધિકારી (૪)
૨. લેને તારી --- લેને તારી કામળી (૩)
૩. ફાયદાકારક (૪)
૪. અવાજ, ધ્વનિ વર્ણ (૨)
૫. આંખથી બરાબર જોયેલું (૪)
૭. અગત્યનું (૫)
૯. મહેનતથી (૫)
૧૩. રોજ પર કામ કરનાર મજૂર (૨)
૧૬. બદલી, ટ્રાન્સફર (હિ.) (૪)
૧૭. પ્રસંગોપાત્ત, કદી કદી (૬)
૧૮. આપણા સમયનું (૫)
૧૯. હજામત (૨)
૨૨. ઘટ્ટ બાસૂંદી (૩)
૨૨અ. સાંકડો પગ રસ્તો, પગથી (૨)
૨૪. જેનું મૂલ્ય ન થઈ શકે તે (૩)
૨૫. તડ --- કરવું એટલે મોઢામોઢ કહી દેવું (૨)
૨૬. વહાણના ઉપલા ભાગની અગાસી (૩)
૨૮. --- પડવું એટલે વારી જવું (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધ ઓળખી કાઢો. કોઈ ભાઈના જમાઈના દીકરાની મમ્મી એ ભાઈને શું કહી બોલાવે એ દિમાગ દોડાવી જણાવો.

અ) દાદા  બ) કાકા  ક) પપ્પા  ડ) મામા

### જાણવા જેવું

પૃથ્વીની આસપાસ નજીકમાં અલ્પાવકાશ અને દૂર શૂન્યાવકાશ છે. વચમાંના વિસ્તારને અંતરીક્ષ તરીકે ઓળખવામાં આવે છે. સજીવો પર અંતરીક્ષયાત્રા દરમિયાન થતી વિવિધ અસરોના અભ્યાસ માટે ૧૯૪૮-૫૬ દરમિયાન અમેરિકા તેમજ રશિયાએ રોકેટ દ્વારા નાનાં પ્રાણીઓ અંતરીક્ષમાં મોકલ્યાં હતાં.

### સુડોકુ-૯૦૯૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | | | ૨ | | | |
| | | ૬ | ૮ | ૩ | | | | |
| ૫ | | | ૧ | | ૯ | ૮ | ૬ | |
| ૭ | | ૯ | | | | | | |
| | ૮ | ૪ | | | | ૨ | ૭ | |
| | | | | | | ૪ | | ૬ |
| | ૪ | ૨ | ૩ | | ૮ | | | ૯ |
| | | | | ૫ | ૪ | ૭ | | |
| | | | ૯ | | | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૯૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૯ | ૩ | ૭ | ૬ | ૪ | ૮ | ૧ |
| ૧ | ૭ | ૮ | ૪ | ૯ | ૫ | ૨ | ૬ | ૩ |
| ૩ | ૪ | ૬ | ૮ | ૧ | ૨ | ૫ | ૯ | ૭ |
| ૮ | ૬ | ૪ | ૧ | ૫ | ૭ | ૩ | ૨ | ૯ |
| ૯ | ૧ | ૭ | ૬ | ૨ | ૩ | ૮ | ૪ | ૫ |
| ૫ | ૨ | ૩ | ૯ | ૮ | ૪ | ૭ | ૧ | ૬ |
| ૬ | ૩ | ૫ | ૨ | ૪ | ૯ | ૧ | ૭ | ૮ |
| ૭ | ૮ | ૨ | ૫ | ૬ | ૧ | ૯ | ૩ | ૪ |
| ૪ | ૯ | ૧ | ૭ | ૩ | ૮ | ૬ | ૫ | ૨ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક કદાવર અને ખૂંખાર જળચર પ્રાણી લપાઈને બેઠું છે એ શોધી કાઢો જોઉં.
આજે ભાણામાં કેમ ગરમ રોટલી નથી પીરસવામાં આવી?

### નોંધી રાખો

વ્યવહાર અને ધર્મના પાયામાં સત્ય રહેલું છે. માટે સત્ય વચન બોલવું જોઈએ. અસત્ય એક પ્રકારની સૂક્ષ્મ હિંસા છે, માટે પાપ છે.

### માઈન્ડ ગેમ

૧૯૭૧ના પાકિસ્તાન વિરુદ્ધના યુદ્ધમાં 'ઓપરેશન ટ્રાઇડન્ટ' હેઠળ ભારતે પાકિસ્તાનના કયા બંદરને ખાસ્સું નુકસાન પહોંચાડ્યું હતું?

અ) ઇસ્લામાબાદ  બ) કરાચી
ક) પેશાવર  ડ) સિયાલકોટ

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| जटिल | અટપટું |
| जठर | હોજરી |
| जग | દુનિયા |
| जनक | પિતા |
| जप | રટણ |

ગુજરાત મોરી મોરી રે: નણંદ

ઓળખાણ પડી?: શારદા મુખરજી

માઈન્ડ ગેમ: આઈએનએસ વિક્રાંત

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: રોટલી


### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મહેશ દોશી (૨) સુભાષ મોમાયા (૩) પુષ્પા ખોના (૪) ભારતી બુચ (૫) મુલરાજ કપૂર (૬) તાહેર ઔરંગાબાદવાલા (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) નીતા દેસાઈ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) મીનળ કાપડિયા (૧૪) પ્રવીણ વોરા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) મહેશ સંઘવી (૧૭) વિપીન શાહ (૧૮) નૂતન વિપીન શાહ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨૪) ભાવના કર્વે (૨૫) જયવંત પદમશી ચિખલ (૨૬) શિલ્પા શ્રોફ (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) વિણા સંપટ (૨૯) શિલ્પા શ્રોફ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૨) કમલ માતલિયા (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) અંજુ ટોલિયા (૩૫) લજિતા ખોના (૩૭) નિતીન જયંતિલાલ બજરિયા (૩૮) વિજય આસર (૩૯) અલકા વાણી (૪૦) ડાયના સંતોકે (૪૧) રશીક જુથાણી - કેનેડા - ટોરંટો (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) નયના ગિરીશ મિસ્ત્રી (૪૭) અકવિંદ કામદાર (૪૮) જ્યોત્સના ગાંધી (૪૯) રમેશભાઈ દલાલ (૫૦) હિનાબેન દલાલ (૫૧) ઈનાક્ષીબેન દલાલ (૫૨) અબ્દુલ્લા એફ. મુનીમ

# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

# ધૂમ્રપાન... આ આંકડા પર નજર પડી કે નહીં?




ગયા સપ્તાહે જ આપણે સિગારેટ પર વધેલા GSTના સંદર્ભમાં વાત કરી અને અમે તમને તમારા પૈસા કે તમારી બચત સંદર્ભે આંકડા આપ્યા હતા...

હવે જોઈ લો આ આંકડા...તાજેતરના એક અભ્યાસ મુજબ,ધૂમ્રપાન સંબંધિત ગંભીર બીમારીઓ હવે માત્ર વૃદ્ધાવસ્થાની સમસ્યા રહી નથી. દેશમાં મિલેનિયલ અને જનરેશન Z પુરુષોમાં ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ (COPD)ના કેસો ઝડપથી વધી રહ્યા છે. આ આંકડાઓ ન માત્ર આઘાતજનક છે,પરંતુ તે એ પણ દર્શાવે છે કે યુવા પેઢીમાં ધૂમ્રપાન અને અન્ય વ્યસનો કેટલા જોખમી બની રહ્યા છે.

આ એક અગ્રણી મેડિકલ જર્નલમાં પ્રકાશિત થયેલા અભ્યાસ મુજબ, ૧૮થી૪૯ વર્ષની ઉંમરના ભારતીય પુરુષોમાં લગભગ ૨૨માંથી ૧ પુરુષમાં COPDનાં લક્ષણો જોવા મળી રહ્યા છે. આ લક્ષણોમાં લાંબા સમયની ખાંસી,વધુ પડતો કફ,શ્વાસ લેવામાં તકલીફ અને ફેફસાંની સતત સમસ્યાનો સમાવેશ થાય છે.

આ આંકડા એ વાત પર ભાર મૂકે છે કે ધૂમ્રપાનની આદત હવે માત્ર એક સામાજિક રિવાજ કે તણાવ ઘટાડવાનો ઉપાય નથી,પરંતુ તે જીવન માટે ગંભીર જોખમ બની ગઈ છે. મોટાભાગના કિસ્સાઓમાં,આ પુરુષોએ પોતાના જીવનકાળમાં નોંધપાત્ર પ્રમાણમાં ધૂમ્રપાન કર્યું હોય છે,જે ફેફસાંને ન ભરપાઈ કરી શકાય તેવું નુકસાન પહોંચાડે છે.


આ આંકડાઓ સાથે ઘણી મોટી હોસ્પિટલો પણ આ જ વાતની પુષ્ટિ કરી રહી છે કે દર મહિને ૫૦ વર્ષથી ઓછી ઉંમરના પુરુષોમાં આવી બીમારીઓના નવા કેસ નોંધાઈ રહ્યા છે. ભારતમાં પુરુષોમાં ધૂમ્રપાનનું પ્રમાણ મહિલાઓ કરતાં ઘણું વધારે છે,જે આ આંકડાઓ પાછળનું મુખ્ય કારણ છે. યુવાનોમાં આ આદત વધવા પાછળ ઘણાં પરિબળો જવાબદાર છે,જેમ કે નોકરીનો તણાવ,સામાજિક દબાણ,અને સિગારેટ બનાવતી કંપનીઓનું આકર્ષક માર્કેટિંગ. સિગારેટ ઉપરાંત,બીડી,હુક્કા,અને ચિલમ જેવા તમાકુના અન્ય સ્વરૂપો પણ COPDનું કારણ બને છે. નિષ્ણાતો જણાવે છે કે માત્ર એક હુક્કા સેશન ઘણી બધી સિગારેટ પીવા બરાબર છે અને સેકન્ડ-હેન્ડ સ્મોક એટલે કે અન્ય કોઈના ધૂમ્રપાનનો ધુમાડો શ્વાસમાં લેવો પણ એટલો જ જોખમી છે.

આજે મિલેનિયલ્સ અને જનરેશન Zના યુવા પુરુષોમાં હુક્કા અને વેપિંગ જેવી 'આધુનિક' આદતોનો પ્રચાર વધી રહ્યો છે. એ બધા માને છે કે આ સિગારેટ કરતાં વધુ સુરક્ષિત છે. વાસ્તવિકતા એ છે કે આ આદતો પણ ફેફસાંને એટલું જ અથવા ક્યારેક તો તેનાથી પણ વધુ નુકસાન પહોંચાડે છે. આ ઉપરાંત,શહેરી વિસ્તારોમાં વધતું વાયુ પ્રદૂષણ પણ COPDના કેસોમાં વધારો કરી રહ્યું છે. પહેલાંના દાયકાઓમાં, ઈંધણના માત્ર૧૦%કેસ વાયુ પ્રદૂષણથી થતા હતા,પરંતુ હવે આ આંકડો વધીને લગભગ અડધો થઈ ગયો છે. વાહનોમાંથી નીકળતો ધુમાડો,ઉદ્યોગોમાંથી નીકળતાં રસાયણો અને ઘરગથ્થુ ઇંધણનો ધુમાડો - આ બધું ફેફસાં માટે ઝેર સમાન છે. પુરુષો,ખાસ કરીને જે શહેરી વિસ્તારોમાં કામ કરે છે એ આ પ્રદૂષણના સીધા સંપર્કમાં વધુ સમય રહે છે, જેના કારણે એમને COPD થવાની શક્યતા વધી જાય છે.

યુવા ઉંમરમાં COPDનું નિદાન થવું એ ખૂબ ગંભીર બાબત છે.૫૦વર્ષથી નીચેના પુરુષોમાં આ બીમારીથી ફેફસાંનું નુકસાન ઝડપથી થાય છે, જેને કારણે વારંવાર હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર પડે છે. નાની ઉંમરે હૃદયની નિષ્ફળતાનું જોખમ પણ વધી જાય છે. આ બીમારીના પરિણામે યુવા પુરુષોમાં૭૫વર્ષની ઉંમર પહેલાં મૃત્યુ થવાનું પ્રમાણ પણ વધુ જોવા મળે છે. વ્યક્તિગત સ્તર પર,આ બીમારીની અસર કારકિર્દી પર પણ પડે છે. શ્વાસની તકલીફથી કાર્યક્ષમતા ઘટે છે અને નોકરીમાં પ્રગતિ અટકી શકે છે. આર્થિક રીતે,બીમારીની સારવાર પાછળ થતો ખર્ચ પરિવાર પર મોટો બોજ બની જાય છે. ઘણીવાર, યુવાન પુરુષો શરૂઆતનાં લક્ષણોને અવગણે છે. લાંબા સમયની ખાંસી, કફ, શ્વાસમાં તકલીફ કે છાતીમાં ઘરઘરાટી જેવા સંકેતને એ સામાન્ય માનીને નજરઅંદાજ કરે છે, જે ભવિષ્યમાં ગંભીર પરિણામો લાવે છે.

આ ગંભીર પરિસ્થિતિને ટાળવા માટે યુવા પુરુષોએ વ્યક્તિગત સ્તરે જાગૃત થવું સૌથી જરૂરી છે. ધૂમ્રપાન છોડવું એ પહેલું અને સૌથી મહત્ત્વનું પગલું છે. સરકારી કાર્યક્રમો દ્વારા જાગૃતિ લાવવાની જરૂર છે, પરંતુ તેની સાથે સાથે મિત્રોના જૂથ અને કાર્યસ્થળ પર પણ કાઉન્સેલિંગ પ્રોગ્રામ્સ વધુ અસરકારક સાબિત થઈ શકે છે. વાયુ પ્રદૂષણથી બચવા માટે માસ્કનો ઉપયોગ કરવો,ઘરની અંદર સ્વચ્છતા જાળવવી અને નિયમિત વ્યાયામ કરવો પણ ફાયદાકારક છે. નિષ્ણાતોના મતે,સરળ ટેસ્ટ દ્વારા COPDનું વહેલું નિદાન થઈ શકે છે,જે વર્ષોની શ્વાસની તકલીફને રોકી શકે છે. યુવા પુરુષોમાં ધૂમ્રપાન-મુક્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે ફિટનેસ એપ્સ અને સામુદાયિક જૂથોનો ઉપયોગ કરી શકાય છે.

આ આંકડાઓ એક સ્પષ્ટ ચેતવણી આપે છેઃ જો આ ટ્રેન્ડ ચાલુ રહ્યો, તો ભવિષ્યમાં મિલેનિયન અને જનરેશન Zના પુરુષોમાં COPD અને અન્ય ધૂમ્રપાન સંબંધિત બીમારીઓનો બોજ વધશે,જે દેશની આર્થિક અને આરોગ્ય વ્યવસ્થા પર ભારે દબાણ લાવશે. GSTના વધારાનો હેતુ પૈસા બચાવવાનો નથી,પરંતુ જીવન બચાવવાનો છે. પુરુષોને આજથી જ જાગૃત થવું જોઈએ. તમારી બચત નહીં,તમારું જીવન જોખમમાં છે. ■



## ડિયર હની... તારો બન્ની
### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# પત્નીની જેમ પતિ અટક બદલાવશે?

ડિયર હની,

દક્ષિણ આફ્રિકાના સર્વોચ્ચ ન્યાયાલયે તાજેતરમાં એક ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. પુરુષોને પણ લગ્ન પછી એમની પત્નીની અટક અપનાવવાની કાયદાકીય મંજૂરી આપવામાં આવી છે. આ ચુકાદો લિંગ સમાનતા માટે એક મોટો વિજય માનવામાં આવે છે.

અખબારની ભાષામાં કહું તો, આ કેસની વિગત મુજબ આ કેસ બે દંપતી દ્વારા દાખલ કરવામાં આવ્યો હતો. એક દંપતીમાં હેનરી વાન ડેર મર્વેને એની પત્ની જાના જોર્ડાનની અટક અપનાવવાની મંજૂરી નહોતી મળી. બીજા એક દંપતીના કેસમાં એન્ડ્રિયાસ નિકોલસ બોર્નમેનને એની પત્ની જેસ ડોનેલી-બોર્નમેનની અટક સાથે પોતાની અટક જોડવાની મંજૂરી નહોતી મળી.

આ દંપતીઓએ એવી દલીલ કરી હતી કે દક્ષિણ આફ્રિકાનો જૂનો કાયદો 'વસાહતી પ્રભાવ' અને લિંગ આધારિત ભેદભાવનું ઉદાહરણ છે. એમણે એવી પણ દલીલ કરી હતી કે આ કાયદો દેશના બંધારણમાં સમાવિષ્ટ સમાનતાના અધિકારનું ઉલ્લંઘન કરે છે. બાદમાં ન્યાયાલયે જૂના કાયદાને રદ્દ કરતા જણાવ્યું કે તે લિંગ આધારિત ભેદભાવને પ્રોત્સાહન આપે છે. કોર્ટે જણાવ્યું કે લગ્ન પછી અટક બદલવાનો અધિકાર ફક્ત સ્ત્રીઓ પૂરતો મર્યાદિત ન હોવો જોઈએ....

આવું ભાગ્યે જ બને છે. સામાન્ય રીતે કોઈ યુવતી પરણીને સાસરે આવે એટલે એની અટક બદલાઈ જાય છે. આધારકાર્ડથી માંડી બધા દસ્તાવેજોમાં એનું નામ પતિની અટક સાથે જોડવામાં આવે છે. અને આ મુદ્દે કોઈ વિરોધ મોટાભાગે થતો નથી, કારણ કે આ એક સામાજિક પરમ્પરા બની ગઈ છે. કેટલાંક ઘરોમાં તો વહુનું નામ સુધ્ધાં બદલી નાખવાં આવે છે.

હમણા જ આપણા જ એક પરિવારમાં એક વૃદ્ધાનું મૃત્યુ થયું અને એ માટે મારે બોલવાનું હતું ત્યારે મને ખબર પડી કે, એમનાં તો બે નામ છે. એક પિયરમાં હતું એ અને બીજું સાસરે આવ્યા બાદ બદલવામાં આવ્યું હતું એ.

આ પરમ્પરા કોણે શરૂ કરી, રામ જાણે! મને ખબર છે, તું મારા ઘેર આવી અને તારી પણ અટક બદલાઈ, પણ તે કોઈ વિરોધ તો નહોતો કર્યો. જોકે, તારા ય મનમાં પ્રશ્ન તો ઉઠ્યો જ હશે કે હું મારા પિતાના ઘેર હતી, મારું નામ મારા માતા પિતાએ આપેલું અને એમની અટક મળી હતી તો પછી પરણ્યા બાદ એ અટક કેમ બદલવામાં આવે છે? આવો પ્રશ્ન દરેક પરિણીતાનાં મનમાં ઊઠતો તો હશે જ, પણ બધાએ સ્વીકારી લીધું છે કે, આ તો આમ જ હોય... પણ એમાં બદલાવ કેમ ના આવે? કેટલીક પરમ્પરા બદલાઈ છે તો આ કેમ નહિ.?

યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા (USA)ના મોટાભાગનાં રાજ્યોમાં પતિ પત્નીની અટક અપનાવી શકે છે. જોકે, અમુક રાજ્યોમાં આ પ્રક્રિયા થોડી જટિલ હોય છે અને અદાલતી આદેશની જરૂર પડી શકે છે.

ઘણા બધા દેશોમાં આ છૂટ છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ, આ બંને દેશોમાં પતિ પત્નીની અટક અપનાવી શકે છે અને આ પ્રક્રિયા ખૂબ જ સરળ છે. કેનેડામાં પણ પતિ-પત્ની બંને એકબીજાની અટક અપનાવી શકે છે. યુરોપના અમુક દેશો ફ્રાન્સ, જર્મની, પોર્ટુગલ અને ઇટાલી જેવા દેશમાં પણ પુરુષોને પત્નીની અટક અપનાવવાનો કાયદેસર અધિકાર છે. અલબત, ભારતમાં કાયદાકીય રીતે પતિને પત્નીની અટક અપનાવવાથી કોઈ પ્રતિબંધ નથી.

આ મુદ્દે ઘણા જાણીતા કિસ્સાઓ જોવા મળે છે, ખાસ કરીને કલા, ફિલ્મ અને રાજકારણ જેવાં ક્ષેત્રોમાં, જ્યાં મહિલાઓ લગ્ન પછી પણ પોતાની અટક જાળવી રાખવાનું પસંદ કરે છે. આ નિર્ણય સામાન્ય રીતે એમની વ્યાવસાયિક ઓળખ જાળવી રાખવા માટે લેવામાં આવે છે, પણ એ માટે પણ કેટલીક કાયદાકીય પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. ઘણી મહિલા આ રીતે કામ ચલાવે છે અને એમની સામે પતિ કે એમના ઘરના સભ્યોનો કોઈ વિરોધ નથી હોતો. ફિલ્મ નિર્માતા અને આમિર ખાનની પૂર્વ પત્ની કિરણે લગ્ન પછી પણ પોતાની અટક 'રાવ' જાળવી રાખી હતી. જાણીતા અભિનેત્રી શબાના આઝમીએ જાવેદ અખ્તર સાથે લગ્ન કર્યા હોવા છતાં, પોતાની અટક 'આઝમી' કાયમ રાખી છે. અભિનેતા અક્ષય કુમારની પત્ની અને જાણીતી લેખિકા ટ્વિંકલ ખન્નાએ પણ વ્યાવસાયિક અને વ્યક્તિગત જીવનમાં પોતાની અટક 'ખન્ના' નો ઉપયોગ ચાલુ રાખ્યો છે.

ગુજરાતમાં પણ આવા દાખલા મળી શકે છે. જાણીતી લેખિકા કાજલ ઓઝાએ પણ પોતાની' વૈદ્ય 'અટક ચાલુ રાખી છે, પણ સવાલ એ છે કે, આવા કિસ્સા કેટલા?

સવાલ તો એ પણ છે કે, પત્ની સહજતાથી પતિની અટક અપનાવી લે છે એમ પતિ એની પત્નીની અટક અપનાવે ખરો?

એવા ય કેટલાક કિસ્સા મળે છે. જાણીતા લેખક અને પત્રકાર અભિષેક માંડેએ પોતાની પત્ની કર્મિન ભોટ સાથે લગ્ન કર્યા પછી પોતાની અટક બદલીને 'માંડે-ભોટ' કરી હતી. આ નિર્ણય એમણે લિંગ સમાનતા અને સમાજના જુનવાણી વિચારોને પડકારવા માટે લીધો હતો. એમનો આ કિસ્સો ભારતમાં ચર્ચાનો વિષય બન્યો હતો, કારણ કે આ એક ખૂબ જ અસામાન્ય પગલું હતું. બીજો કિસ્સો પ્રખ્યાત ફિલ્મ નિર્માતા મધુ મંટેનાએ યોગ ગુરુ ઈરા ત્રિવેદી સાથે લગ્ન કર્યા પછી, સોશ્યલ મીડિયા પર પોતાની અટક બદલીને 'મધુ મંટેના ત્રિવેદી' કરી છે. આવા કિસ્સાઓ પણ એકલદોકલ છે.

જોકે, આવા કિસ્સાઓમાંથી પરિવાર અને સમાજે પ્રેરણા લેવી જોઈએ અને કોઈ પરિણીતાને દબાણ ના કરવું જોઈએ. એવું ક્યારે બનશે? એનો જવાબ તો કોણ આપશે?

તારો બન્ની

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

# પાનખરમાં ખીલી વસંત

જો જો, વસંત તૈયાર થઇને ઉતર્યો, ગેટની બહાર નીકળ્યો. જો જો, હમણાં થોડી જ વારમાં વાસંતી પણ તૈયાર થઇને લટક મટક કરતી નીકળશે. સરલાબહેને આસ્તેથી રમાબહેનને કહ્યું.

'હા, આ તો રોજનું છે. વસંત થોડે દૂર જઇને વાસંતીની રાહ જોઇને ઊભો રહેશે. વાસંતી પહોંચશે એટલે બંને રિક્ષામાં બેસીને ફરવા નીકળી પડશે.' રમાબહેન બોલ્યાં.

'પણ, આવું કંઇ ચાલે? આ ઉંમરે આ બધું સારું લાગે છે? રંજન બહેને એમને ગાર્ડનમાં બાજુબાજુમાં બેસીને ગુટર-ગુ-કરતા જોયા હતાં. આ બંને તો આપણાં વૃદ્ધાશ્રમનું નામ ખરાબ કરી રહ્યાં છે.'

'સાચે જ, આ તો બહુ ખરાબ કહેવાય. રોજ સાંજ પડે અને બંને નીકળી પડે છે. પાછા આવે ત્યારે પણ થોડા આગળ પાછળ આવે છે. એ બન્નેને એવું લાગે છે કે આપણને તો કાંઇ સમજ પડતી નથી. આપણે તો બોઘા છીએ. એમના છીનાળાની આપણને ખબર નથી.' રમા બહેને આક્રોશ ઠાલવ્યો.

'તો શું કરીશું? આમ અંદરોઅંદર વાતો કરીને કાંઇ વળવાનું નથી.'

'આપણે બધાં ભેગાં મળીને મેનેજરને ફરિયાદ કરીએ. મેનેજર બંનેને બોલાવીને ધમકાવશે એટલે સીધાંદોર થઇ જશે.' સરલાબહેન અને રમાબહેનના આ સંવાદ બીજા વૃદ્ધાશ્રમવાસીઓ પણ સાંભળી રહ્યા હતા. એ બધાં જ વસંત અને વાસંતી સામે ફરિયાદ કરવાની વાત સાથે સમંત થયા.

વૃદ્ધાશ્રમમાં વસંતભાઇ છેલ્લાં બે વર્ષથી રહેતા હતા અને વાસંતીબહેન ગયા વર્ષે રહેવા આવ્યાં. વસંતભાઇ હશે ૬૫-૬૬ વર્ષના અને વાસંતીબહેન હશે.૬૨-૬૩ વર્ષના. વસંતભાઇની પર્સનાલિટી સરસ. આ ઉંમરે પણ કસરત કરતા શોખીન જીવ એમનાં વસ્ત્રો પણ સરસ હોય. હંમેશાં અપડુડેટ રહે. વાસંતીબહેન ગોરા-દેખાવડા સરસ સલૂકાઇથી ગુજરાતી ઢબે સાડી પહેરે, ઢીલો અંબોડો વાળે અને ગજરો નાખે. ગજરાનો એમને બહુ જ શોખ. વસંતભાઇની પત્નીનું દેહાંત થયું પછી પરદેશ રહેતી એકમાત્ર દીકરીએ પિતાને પોતાની સાથે રહેવા આવી જવા માટે બહુ વિનવ્યા, પણ વસંતભાઇ ન માન્યા. એમણે કહ્યું 'હું ત્યાં આવીને શું કરું? એકલા પડી જવાય. અહીં તો સગાં-સંબંધી મિત્રો છે તેમની કંપની રહે. વાર-તહેવારે, લગ્ન પ્રસંગે જવા-આવવાનું થાય. મને અહીં જ ગમે. એટલે તું મને આગ્રહ ન કરતી. ...' આખરે દીકરીએ પિતાની જીદ માની પણ એને ચિંતા હતી પિતા ખાવા-પીવાનું અને ઘર બધું કેવી રીતે મેનેજ કરશે.




એનો તોડ પણ વસંતભાઇએ કાઢ્યો. સરસ વૃદ્ધાશ્રમ શોધીને રહેવા આવી ગયા. દીકરી નચિંત બની.

વાસંતીબહેનના પતિ ગુજરી ગયા પુત્ર-પુત્રવધૂ સાથે રહેતાં હતાં. પણ પુત્રવધૂને સાસુ જરાય પસંદ ન હતા. તેથી કચકચ કર્યા કરતી હતી. વાસંતીબહેન કંટાળી ગયા. આમ કેવી રીતે જીવવું? આખી જિંદગી તો ઢસરડા કર્યા, ગરમ મગજના પતિ સાથે નિભાવ્યું, પણ હજુ આમ જીવવાનું? હવે વહુની જોહુકમી સહન કરવાની ? એક દિવસ વાસંતીબહેનને એની બહેનપણી મળવા આવી. એને વાસંતીબહેનની બધી જ હિસ્ટ્રી ખબર હતી. વાત કરતા કરતા વાસંતીબહેન રડી પડ્યાં એની બહેનપણીએ વૃદ્ધાશ્રમમાં જવા સૂચન કર્યું અને ત્રાસી ગયેલા વાસંતીબહેને એ સૂચન સ્વીકારી લીધું.

આશ્રમમાં આવ્યા બાદ સવાર-સાંજ ઠાકોરજીની આરતી વાસંતીબહેન ગાય. તેમનો મધુર અવાજ વસંતભાઇના દિલને સ્પર્શી ગયો. 'જયશ્રીકૃષ્ણ'થી શરૂ થયેલો સંવાદ 'મને તું ગમે છે' સુધી વિસ્તર્યો. પછી મોબાઇલ નંબરની આપ-લે થઇ. મોબાઇલ પર વાત કરીને ગાર્ડનમાં મળવાનું નક્કી કર્યું. એ પ્રથમ મુલાકાત પછી હરરોજની મુલાકાતમાં ફેરવાઇ ગઇ. મોબાઇલ પર મળવાનો સમય નક્કી થઇ જતો. વસંતભાઇ ગલીના નાકે જઇને ઊભા રહેતા. દસેક મિનિટ પછી વાસંતીબહેન નીકળતાં. બંને મળીને રિક્ષા કે ટેકસીમાં ફરવા કે સિનેમા જોવા જતા. પાછા વળતી વખતે વળી બંને આગળ-પાછળ થઇ જતા. જોકે, આ વાત વૃદ્ધાશ્રમના રહેવાસીઓના ધ્યાનમાં આવી ગઇ હતી.

આ વાત ધ્યાનમાં આવતા પંચાત શરૂ થઇ ગઇ. સમાજ કેવો છે નહીં? બે વ્યક્તિ વચ્ચેનો પ્રેમ સહન કરી શકતો નથી. એમાંયે જૈફ ઉંમરે આને આછકલાપણું ગણે છે. વૃદ્ધાશ્રમના નિવાસીઓએ મેનેજરને ફરિયાદ કરીઃ 'આ વસંત-વાસંતી આપણાં વૃદ્ધાશ્રમનું નામ ખરાબ કરે છે. આ ઉંમરે પેમલા-પેમલીની જેમ સાથે ફરે છે, કોઇ જોશે તો શું કહેશે? તમે એ બંનેને બોલાવીને ધમકાવો અને તેમનું સાથે ફરવાનું બંધ કરાવો.'

મનેજેરે બધાની વાત સાંભળી લીધી અને કહ્યું કે એ ઘટતું કરશે. બધાં રાજી થતા થતા ગયા. બધાં ખુશ હતા. હવે પેલા બંનેની ખેર નથી. મેનેજર બધાંની વાત સાંભળીને વિચારમાં પડ્યા. લાંબા વિચારને અંતે મેનેજરે વસંતભાઇની દીકરીને ફોન જોડ્યો અને બધી વાત કરી. દીકરી તો ખુશ થઇ ગઇ. તેણે મેનેજરને કહ્યું, 'જો પપ્પાને કોઇ ગમતું હોય, એમને કોઇની કંપની મળતી હોય, સારાં કમ્પેનિયમ મળતા હોય તો મને ગમશે. હું પપ્પા સાથે વાત કરીશ અને તેઓ બન્ને સાથે રહે તેવી વ્યવસ્થા કરીશ.'

વસંતભાઇની દીકરી સાથે વાત કર્યા પછી મેનેજરે વાસંતીબહેનના દીકરાને ફોન જોડ્યો. દીકરાએ પોતાની પત્નીને ફોન આપ્યો અને એની સાથે વાત કરવા કહ્યું, વાસંતીબહેનની પુત્રવધૂએ કહ્યું, 'જુઓ, મને મારી સાસુ સાથે કદી ફાવ્યું નથી. પણ એનો અર્થ એ નથી કે હું એમની ખુશીઓની ખિલાફ છું. મારા સાસુએ કદી સુખ જોયું નથી. મારા સસરાનો સ્વભાવ બહુ ગરમ હતો એ સતત મમ્મીની અવગણના કરતા રહેતા હતા. ત્યારબાદ મારી સાથે પણ એમનું જામ્યું નહીં. સુખી થવાનો એમનો હક્ક છે. એમને કોઇ પ્રેમથી સાચવી લેતું હોય તો બંને સાથે રહે, લગ્ન કરે એ મને ગમશે અને એમાં હું પોતે આગળ પડતો ભાગ લઇશ. શું ઉંમરલાયક વ્યક્તિને પ્રેમ ન થઇ શકે? શું એ પોતાને ગમતી વ્યક્તિ સાથે જીવી ન શકે? પ્રેમ-લાગણીને ઉંમર સાથે શું સંબંધ છે? '

મેનેજર બંને પક્ષની વાત સાંભળીને ખુશ થઇ ગયા. થોડા સમય પછી વાસંતીબહેનને લઇને વસંતભાઇ પોતાના ઘેર ગયા. હવે વાસંતીબહેનના અંબોડામા વસંતભાઇ ગજરો નાખી આપે છે.અને વાસંતીબહેન આગ્રહ કરીને વસંતભાઇને ગરમ રોટલી જમાડે છે...

બે મન મળે તો પાનખરમાં ય વસંત મહોરી ઊઠે એ આનું નામ ! ■

# ફેડરલના રેટ કટ અને ટ્રેડ ટોકની સફળતાની આશા વચ્ચે સેન્સેક્સે બીજા દિવસે આગેકૂચ ચાલુ રાખી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાની ફેડરલના રેટ કટ અને ટ્રેડ ટોકની સફળતાની આશા વચ્ચે આઇટી, બેન્ક અને ઓટો શેરની આગેવાનીએક નીકળેલી લેવાલીને આધારે સેન્સેક્સે બીજા દિવસે આગેકૂચ ચાલુ રાખી હતી. સત્ર દરમિયાન ૩૬૧.૨૬ પોઇન્ટ અથવા તો ૦.૪૩ ટકાના ઉછાળા સાથે ૮૨,૭૪૧.૯૫ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાઇને અંતે સેન્સેક્સ ૩૧૩.૦૨ પોઇન્ટ અથવા તો ૦.૩૮ ટકાના ઉછાળે ૮૨,૬૯૩.૭૧ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફટી ૯૧.૫૧ પોઇન્ટ અથવા તો ૦.૩૬ ટકાના સુધારે ૨૫,૩૩૦.૨૫ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો. ભારત અને અમેરિકાના ચીફ નેગોશિએટર્સે વાટાઘાટ શરૂ કરી હોવાથી બજારમાં આશાવાદનું વાતાવરણ રહ્યું હતું. આ ઉપરાંત અમેરિકાની ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પોઇન્ટનો ઘટાડો કરશે એવી અપેક્ષાની સેન્ટિમેન્ટલ ઇફેક્ટને કારણે સ્થાનિક બજારને ટેકો મળ્યો હતો.

સેન્સેક્સના શેરોમાં સ્ટેટ બેન્ક, ભારત ઇલેક્ટ્રોનિક્સ, કોટક મહિન્દ્રા બેન્ક, મારુતિ, ટ્રેન્ટ અને અલ્ટ્રાટેક સિમેન્ટ મુખ્ય વધનારા શેરોમાં સામેલ હતા, જ્યારે બજાજ ફિનસર્વ, ટાઇટન, આઇટીસી અને ટાટા સ્ટીલ ટોપ લુઝર રહ્યા હતા. વ્યાપક બજારોમાં સામાન્ય ચાલ જોવા મળી હતી, જેમાં બીએસઇ મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૦૮ ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સમાં ૦.૬૮ ટકાનો વધારો જોવા મળ્યો હતો, જે લાર્જ-કેપ શેરો ઉપરાંત પસંદગીયુક્ત ભાગીદારી દર્શાવે છે.

આઇસીઆઇસીઆઇ બેન્કને રૂ. ૪૯ કરોડની ડીમાન્ડ નોટીસ મળી છે. પીવીવી ઈન્ફ્રા લિમિટેડે તાજેતરમાં રૂ. ૧૩૭.૭૦ કરોડના રોકાણ સાથે અકવા ડાયનેમિક્સ ગ્રીન એનર્જીનો ૪૯ ટકા ઈક્વિટી હિસ્સો હસ્તગત કરવા ઈરાદાપત્ર પર સહીસિક્કા કર્યા છે. બાકીનો ૫૧ ટકા હિસ્સો પ્રોજેક્ટ પૂર્ણ થાય બાદ હસ્તગત કરાશે.

સ્ટેટ બેન્કે ડિસઇન્વેસ્ટમેન્ટ હેઠળ તેનો યસ બેન્કમાંનો ૧૩.૧૮ ટકા હિસ્સો રૂ. ૮૮૮૯ કરોડમાં સુમીટોમો મિત્સુ બેન્કિંગ કોર્પને વેચ્યો છે. પ્રાઇમરી માર્કેટમાં અર્બન કંપનીનો આઇપીઓ ૫૮ ટકાના જોરદાર પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. શ્રીંગાર હાઉસ ઓફ મંગલસૂત્રનો શેર ૧૪ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. સાત્વિક ગ્રીન એનર્જી અને જીકે એનર્જી ૧૯મી સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરશે. જિનકુશલ ઇન્ડસ્ટ્રીઝનો આઇપીઓ ૨૫ સપ્ટેમ્બરે ખૂલશે.

એટલાન્ટા ઇલેક્ટ્રિકલ્સનો રૂ. ૬૮૭.૩૪ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ સાથે ૨૨ સપ્ટેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૪ સપ્ટેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૫ સપ્ટેમ્બરના રોજ થશે અને એનએસઇ તથા બીએસઇ પર ૨૯ સપ્ટેમ્બરના રોજ લિસ્ટિંગ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૭૧૮થી રૂ. ૭૫૪ પ્રતિ શેર છે. અરજી માટે મિનિમમ લોટ સાઈઝ ૧૯ છે.



ગણેશ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સનો રૂ. ૪૦૮.૮૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૨ સપ્ટેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૪ સપ્ટેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૫ સપ્ટેમ્બરના રોજ થશે અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૨૯ સપ્ટેમ્બરના રોજ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૩૦૬થી રૂ. ૩૨૨ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઈઝ ૪૬ છે.

સર્વેશ્વર ફૂડ્સે તેનો રાઈટ્સ ઈશ્યૂ સફળતાપૂર્વક પૂર્ણ કરીને રૂ. ૧૪૯.૯૫ કરોડ એકત્ર કર્યા છે. આ ઈશ્યૂ ૧.૩૫ ગણો ઓવરસબ્સ્ક્રાઇબ થયો હતો, જેમાં રૂ. ૬ પ્રતિ શેરના ભાવે ૨૪,૯૯,૧૦,૪૬૯ ઈક્વિટી શેર ઓફર કરવામાં આવ્યા હતા. ભંડોળનો ઉપયોગ કાર્યકારી મૂડી જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. કંપની આગામી દિવસોમાં એમએસઇ અને બીએસઇ પર નવા શેરનું લિસ્ટિંગ કરવાની યોજના ધરાવે છે.

પીએસયુ બેંકો અને ફાઇનાન્શિયલ સેક્ટર્સ, આઇટી, મીડિયા અને ઓઇલ અને ગેસમાં સુધારો જોવા મળ્યો, જ્યારે મેટલ, ઓટો અને કન્ઝ્યુમર ડ્યુરેબલમાં વેચવાલી અનેં ઘટાડો જોવા મળ્યો હતો. ટેક્નિકલ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, નિફ્ટી ઇન્ડેક્સ ૨૫,૩૦૦ની ઉપર છે, જે મનોવૈજ્ઞાનિક શક્તિને મજબૂત બનાવે છે. પ્રતિકાર ૨૫,૪૦૦-૨૫,૫૦૦ ઝોનની નજીક હોવાની શક્યતા છે; જ્યારે ૨૫,૦૦૦-૨૪,૯૦૦ની આસપાસ સપોર્ટ સુસંગત છે.

બેન્ક નિફ્ટી ૫૫,૪૯૩.૩૦ પર બંધ થયો છે, જે લગભગ ૦.૬૩ ટકા વધ્યો છે. આ સુધારો બેંકિંગ સ્ટોક્સની મજબૂત ભાગીદારી દર્શાવે છે. ટોચના યોગદાન આપનારાઓમાં પંજાબ નેશનલ બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, કેનરા બેંક અને કોટક મહિન્દ્રા બેંકનો સમાવેશ થાય છે, જ્યારે ઇન્ડસઇન્ડ બેંક અને અઞ સ્મોલ ફાઇનાન્સમાં નબળાઈ જોવા મળી હતી. એક એસેટ ક્લાસ તરીકે સ્પર્ધા આપી રહેલા સોનાની માગ વધી રહી છે ત્યારે ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલ દ્વારા બીઇસી ખાતે ૧૬થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન આયોજિત ધ જેમ એન્ડ જ્વેલરી શો ૨૦૨૫, ધ દિવાળી એડિશનમાં ભારતભરમાંથી ૪૦૦થી વધુ પ્રદર્શકો, ૧૦,૦૦૦ મુલાકાતીઓ અને ૨,૦૦૦ હોસ્ટેડ બાયર્સ એક છત્ર નીચે એકત્ર થઇ રહ્યા છે. આ ઇવેન્ટનું ઉદ્‌ઘાટન કર્યા બાદ સભાને સંબોધતા મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, રત્ન અને ઝવેરાત ઉદ્યોગ સમગ્ર ભારત માટે અને ખાસ કરીને મહારાષ્ટ્ર માટે એક મહત્વપૂર્ણ ક્ષેત્ર છે. સરકાર યુનિવર્સિટીમાં જેમ્સ અને જ્વેલરી ઉદ્યોગ માટે કુશળ માનવશક્તિની ઉપલબ્ધતા વધારવા માટે જીજેસી સાથે સહયોગ સાધવા જણાવશે.

સત્તાવાર આંકડા મુજબ, ભારતની નિકાસ ઓગસ્ટમાં ૬.૭ ટકા વધીને ૩૫.૧ અબજ ડોલરના સ્તરે પહોંચી હતી, જ્યારે આયાત ૧૦.૧૨ ટકા ઘટીને ૬૧.૫૯ અબજ ડોલર નોંધાઇ હતી. ગયા વર્ષે ઓગસ્ટમાં નિકાસ ૩૨.૮૯ અબજ ડોલર હતી અને આયાત ૬૮.૫૩ અબજ ડોલર હતી. ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન વેપાર ખાધ ૨૬.૪૯ અબજ ડોલર હતી જે એક વર્ષ પહેલાના મહિનામાં ૩૫.૬૪ અબજ ડોલર હતી.

ખાદ્યચીજોના ભાવમાં વધારો થતાં જથ્થાબંધ ફુગાવો ચાર માસની ટોચે પહોંચ્યો છે. દેશનો જથ્થાબંધ ફુગાવો ઓગસ્ટમાં વધી ૦.૫૨ ટકા નોંધાયો છે. જે જુલાઈમાં -૦.૫૮ ટકા હતો. જથ્થાબંધ મોંઘવારીમાં વૃદ્ધિ પાછળના કારણો ખાદ્ય ચીજો, મેન્યુફેક્ચરિંગ, નોન-ફૂડ આર્ટિકલ્સ, નોન મેટલિક મિનરલ પ્રોડક્ટ્સ અને ટ્રાન્સપોર્ટ ઈક્વિપમેન્ટના ભાવમાં વધારો છે.

# ડૉલર સામે રૂપિયો ૨૪ પૈસા ઉછળીને બે સપ્તાહની ઊંચી સપાટીએ



મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં એકંદરે નરમાઈનો અન્ડરટોન અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઘટાડા ઉપરાંત અમેરિકા સાથે ટ્રેડ ડીલ થઈ જવાના આશાવાદ સાથે ઈક્વિટી માર્કેટમાં પણ સુધારાતરફી વલણ જોવા મળતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સતત ચોથા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં ૨૪ પૈસા ઉછળીને અંદાજે અઢી સપ્તાહની ઊંચી ૮૭.૮૫ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે અમેરિકી ફેડરલ રિઝર્વ આજે બેઠકના અંતે વ્યાજદરમાં કાપ મૂકે છે કે નહીં તેનાં પર બજાર વર્તુળોની મીટ મંડાયેલી રહેશે, એમ ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૦૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૭.૮૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૮૬ અને ઉપરમાં ૮૭.૭૧ની રેન્જમાં રહ્યા બાદ ગઈકાલના બંધ સામે ૨૪ પૈસા વધીને ૮૭.૮૫ના મથાળે બંધ રહ્યો હતો. ગઈકાલે ડૉલર સામે રૂપિયો સાત પૈસાના સુધારા સાથે ૮૮.૦૯ના મથાળે બંધ રહ્યો હતો. હાલમાં બજાર વર્તુળો અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવો આશાવાદ સેવી રહ્યા હોવાથી ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ઘટ્યા મથાળેથી ૦.૧૬ ટકાના સુધારા સાથે ૯૬.૭૮ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬૬ ટકા ઘટીને બેરલદીઠ ૬૮.૦૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૩૧૩.૦૨ પૉઈન્ટ અને ૯૧.૧૫ પૉઈન્ટ વધીને બંધ રહ્યા હતા. ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૦૮.૩૨ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશ હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

### ફેડરલની બેઠકની ફળશ્રુતિ પૂર્વે વૈશ્વિક સોનાચાંદીમાં નફારૂપી વેચવાલી

# સ્થાનિક સોનામાં ₹ ૧૧૩૬નો અને ચાંદીમાં ₹ ૩૫૪૪નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની આજે મોડી સાંજે સમાપન થનારી નિર્ણાયક બેઠક પૂર્વે લંડન ખાતે રોકાણકારોએ સોના-ચાંદીમાં નફો ગાંઠે બાંધતા ભાવ વિક્રમ સપાટીએથી પાછા ફર્યાનાં અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં કડાકા બોલાઈ ગયા હતા. જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૩૧થી ૧૧૩૬નો ઘટાડો જોવા મળ્યો હતો. વધુમાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૪ પૈસા મજબૂત થવાથી આયાત પડતરો ઘટી આવતા વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો વધુ માત્રામાં જોવા મળ્યો હતો. આ સિવાય આજે સ્થાનિકમાં ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૩૫૪૪ ગગડી ગયાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીનું દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૫૪૪ના ગાબડાં સાથે રૂ. ૧,૨૫,૭૫૬ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને રૂપિયો મજબૂત થતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૩૧ના ઘટાડા સાથે રૂ. ૧,૦૯,૨૯૪ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૧૩૬ના ઘટાડા સાથે રૂ. ૧,૦૯,૭૩૩ના મથાળે રહ્યા હતા. જોકે, ભાવમાં ઘટાડો જોવા મળ્યો હોવા છતાં રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હતી.



અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે સ્થાનિકમાં સામાન્યપણે સોનાના ભાવમાં તેજી આવે ત્યારે જૂના સોનાનાં આભૂષણો તેમ જ જૂના સિક્કા તથા લગડીમાં વેચવાલીનું દબાણ રહેતું હોય છે. જોકે, તાજેતરમાં જોવા મળેલી તેજી દરમિયાન વધુ ભાવવધારાને ધ્યાનમાં લેતા જૂના સોનામાં વેચવાલીનું પ્રમાણ ઓછું જોવા મળ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની નફારૂપી વેચવાલીના દબાણ હેઠળ હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને અનુક્રમે ઔંસદીઠ ૩૬૬૫.૯૮ ડૉલર અને ૩૭૦૧.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૩૭૦૨.૯૫ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા. વધુમાં આજે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૬ ટકાના કડાકા સાથે ઔંસદીઠ ૪૧.૪૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે મોડી સાંજે અમેરિકી ફેડરલ રિઝર્વ બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદર અંગે કેવો નિર્ણય લેશે તેના પર બજારની નજર હોવાથી આજે બન્ને કિંમતી ધાતુઓમાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હોવાનું એક વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે ઔંસદીઠ ૩૭૦૦ ડૉલરની સપાટી આસપાસ સોનામાં નફારૂપી વેચવાલીનું દબાણ અપેક્ષિત હતું. જોકે, હવે મોડી સાંજે ફેડરલ રિઝર્વનાં નિર્ણય પશ્ચાત્ ભવિષ્યમાં નાણાનીતિ માટે કેવું વલણ અપનાવવામાં આવશે તેના સંકેતો પર ભાવની વધઘટ અવલંબિત રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું.

આજે બેઠકના અંતે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી બજાર વર્તુળો ધારણા મૂકી રહ્યા છે, પરંતુ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે મોટા રેટ કટ માટે હાકલ કરી હોવાથી બજારનો અમુક વર્ગ ૫૦ બેસિસ પૉઈન્ટના કાપનો પણ આશાવાદ સેવી રહ્યો છે.

વધુમાં આજે ડૉઈશ બૅન્કે આગામી વર્ષ ૨૦૨૬ માટેનો સોનાના ભાવનો અંદાજ જે ઔંસદીઠ ૩૭૦૦ ડૉલર મૂક્યો હતો તે વધારીને ૪૦૦૦ ડૉલર મૂક્યો હોવાના અહેવાલ હતા.

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં નફારૂપી વેચવાલીએ પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં તાજેતરમાં જોવા મળેલા સુધારાતરફી વલણ બાદ આજે વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ તેમ જ ઘટતી બજારે સાર્વત્રિક સ્તરેથી માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં માત્ર લીડ ઈન્ગોટ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૯ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં મુખ્યત્વે ટીન અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૯ ઘટીને અનુક્રમે રૂ. ૩૧૪૩ અને રૂ. ૧૩૫૮ અને કોપર વાયરબાર તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૩ ઘટીને રૂ. ૯૪૮ તથા રૂ. ૧૧ ઘટીને રૂ. ૨૫૩ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ પણ નિરસ રહેતાં જે ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૭૭૮ અને રૂ. ૬૨૦, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૭૫, રૂ. ૮૬૧ અને રૂ. ૮૪૭ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૮૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં સાર્વત્રિક સ્તરેથી છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૭૫, રૂ. ૨૧૮ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

# ખાંડમાં માગ અનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૮૯૦માં ટકેલા ધોરણે થયા હોવાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને રિટેલ સ્તરની માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો અને ઉપલા મથાળેથી રૂ. આઠનો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી છૂટીછવાઈ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા અને ઉપલા મથાળેથી રૂ. આઠના સુધારા સાથે રૂ. ૩૯૮૨થી ૪૦૬૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૦૬૨થી ૪૧૪૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૦થી ૩૯૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૦થી ૪૦૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.



### વિશ્વ બજાર પાછળ આયાતી તેલમાં ચમકારો, સિંગતેલમાં નરમાઈ

# ૧થી ૧૫ સપ્ટેમ્બરમાં મલયેશિયાની પામતેલની નિકાસ ૨.૫ ટકા વધી



મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૯૩ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ચાર રિંગિટ વધી આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૫ અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો. જોકે, આજે નિરસ માગે સિંગતેલમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે એકંદરે હાજર તથા ડાયરેક્ટ ડિલિવરી શરતે વેપારો છૂટાછવાયા રહ્યા હતા.

વધુમાં આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ઑગસ્ટ મહિનાના ૭,૨૪,૧૯૧ ટન સામે ૨.૫૫ ટકા વધીને ૭,૪૨,૬૪૮ ટનની સપાટીએ રહી છે.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૦ તથા ગોલ્ડન એગ્રી અને અલાનાના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૩૦૦ અને રૂ. ૧૨૯૦ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૩૨,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૯૫૦થી ૧૧૨૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૧૨,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૯૫૦થી ૧૨૫૦માં થયાના અહેવાલ હતા.

સ્થાનિકમાં આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૫, સિંગતેલના રૂ. ૧૩૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૦ અને સરસવના રૂ. ૧૬૦૦ના મથાળે ટકેલા રહ્યા હતા. આ સિવાય આજે ગુજરાતનાં મથકો પર નિરસ માગે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૨૧૪૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ ૧૦ ઘટીને રૂ. ૧૩૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# ૨૪ કલાકમાં કચ્છના માંડવી-મુંદરા અને ગાંધીધામમાંથી પોલીસે ૧.૯૨ કરોડનો શરાબ પકડી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાંથી વીતેલા ૨૪ કલાક દરમ્યાન સ્થાનિક ગુન્હાશોધક શાખાએ ગાંધીધામ, મુંદરાના ધ્રુબ અને માંડવીના કોડાય ખાતેથી લિસ્ટેડ બુટલેગરો દ્વારા મંગાવવામાં આવેલા ૧.૯૨ કરોડથી વધુના મૂલ્યના શરાબના જંગી જથ્થાને ઝડપી પાડ્યો હતો.

મંગળવારે ધ્રુબ ગામે ત્રગડીના યુવરાજસિંહ વજુભા જાડેજા અને અબડાસાના ખાનાયાના જીતુભા દ્વારા પંજાબથી કન્ટેઈનર વાટે કચ્છમાં ઘુસાડવામાં આવેલા ૧.૨૯ કરોડનો દારૂ અને બિયરના જથ્થાને પશ્ચિમ કચ્છની સ્થાનિક ગુન્હાશોધક શાખાએ ઝડપ્યો તેના થોડા કલાકો બાદ ગાંધીધામ શહેરની ભાગોળે આવેલા ગળપાદર પાસેના જૂના રેલવે પુલ પરથી પૂર્વ કચ્છ એલસીબીએ એક ટ્રકમાંથી ૬૦.૫૪ લાખનો શરાબનો જથ્થો પકડી પાડ્યો હતો.

આ કાર્યવાહીમાં એલસીબીએ ૧.૬૩ લાખની કિંમતના મરચાંની ૩૨૫ બોરી, એક મોબાઈલ, ૨૦ લાખનો ટ્રક, ૫૦ હજારનું એક્ટિવા સ્કૂટર તેમજ અરબાઝ પાસેથી ૫૦ હજારનો એપલ આઈફોન મળી કુલ ૮૩.૨૯ લાખનો મુદ્દામાલ અંકે કરી, આરોપીઓ તથા ટ્રકના માલિક સહિત કુલ ૮ આરોપીઓ વિરુદ્ધ ગાંધીધામ એ ડિવિઝન પોલીસ મથકે પ્રોહિબિશનની ધારાઓ તળે ગુન્હો નોંધવામાં આવ્યો હોવાનું એલસીબીના પી.આઈ.એન. એન. ચુડાસમાએ જણાવ્યું હતું.

બીજી તરફ, ગાંધીધામ એ ડિવિઝન પોલીસે ગળપાદર ગામ મધ્યે આવેલા મિસ્ત્રી ફળિયામાં રહેતા કમલ મોહન રાઠોડ નામની વ્યક્તિના મકાનમાં દરોડો પાડીને ૨.૬૫ લાખની કિંમતની શરાબની જુદી-જુદી કંપનીઓની ૨૦૪ જેટલી બાટલીઓ જપ્ત કરી લીધી હતી. દરોડા અગાઉ ફરાર થઇ ગયેલા કમલ મોહનને ઝડપી પાડવા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત પશ્ચિમ કચ્છની ગુન્હાશોધક શાખાની ટુકડીએ બંદરીય માંડવીના બિદડા ગામે આવેલા મફતનગરમાં રહેતા અને દારૂનું છૂટક વેંચાણ કરતા અર્જુન ભીખા સંથારના ઘરની પાછળ દરોડો પાડીને ૨૧ હજાર ૬૦૦ની કિંમતના શરાબની ૧૮ બાટલીઓ ઝડપી લઇ, કોડાય પોલીસ મથકે અર્જુન સંથાર વિરુદ્ધ ગુનો દર્જ કરાવ્યો હતો.

દરમ્યાન, માંડવી પોલીસે શહેરના મહિલા બાગ પાસે આવેલા દિનદયાલ ઉપાધ્યાય ગ્રાઉન્ડ પાસે ધૈર્ય રમેશ જોશી નામનો યુવક દારૂનું વેંચાણ કરતો હોવા અંગે મળેલી પૂર્વ બાતમીના આધારે છાપો મારીને ૧૩,૨૦૦ રૂપિયાની અલગ-અલગ કંપનીની શરાબની ૧૨ બાટલી જપ્ત કરી લીધી હતી. આ દરોડામાં પણ પકડમાં ન આવેલા આરોપી વિરુદ્ધ ગુન્હો નોંધી, તેને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરાયા છે. ■



રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલા બાલાજી હોલ પાસે બિસમાર રોડ રસ્તાઓને મુદ્દે રહેવાસીઓ દ્વારા ચક્કાજામ કરાયું હતું. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)



વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિને ''સ્વસ્થ નારી સશક્ત પરિવાર'' અભિયાનનો જિલ્લા કક્ષાના કાર્યક્રમનો આરંભ થયો હતો. રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ ૧,૨૪૫ સિનિયર સિટિઝન લાભાર્થીઓને સહાયક ઉપકરણોનું વિતરણ કરાયું હતું. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# નૈર્ઋત્ય ચોમાસાનો વિડ્રોવલ પ્રોસેસ શરૂઃ કચ્છમાં આ વર્ષે ગત વર્ષની તુલનાએ ૪૮ ટકા વરસાદ ઓછો વરસ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ અને સમગ્ર ગુજરાતને જાણે આસામ અને મેઘાલયમાં પરિવર્તિત કર્યું હોય તેવા ૯૧ દિવસ સુધી ચાલેલાં આ વર્ષના ચોમાસાએ સત્તાવાર રીતે વિદાય લીધી છે.

ભારતીય મોસમ વિભાગના જણાવ્યા અનુસાર, નૈર્ઋત્ય ચોમાસું પરત ખેંચાવાની રેખા હાલ ભટિંડા, ફરીદાબાદ, પિલાની, અજમેર, ડિસા અને ભુજ પરથી પસાર થઈ રહ્યાનું દર્શાવાયું છે. બંગાળની ખાડીમાં ઉત્પન્ન થયેલી ચક્રાવાતી પ્રણાલીની અસર તળે ગત સપ્તાહે કચ્છમાં ભારે વરસાદ વરસ્યા બાદ છેલ્લા છ-સાત દિવસથી પૂર્ણ મેઘવિરામની સ્થિતિ જોવા મળી રહી છે. સામાન્ય રીતે કચ્છમાં ૨૫ સપ્ટેમ્બર આસપાસ ચોમાસાની વિદાયની શરૂઆત થતી હોય છે. એ જોતાં આ વખતે નવ દિવસ વહેલી ચોમાસાએ કચ્છમાંથી વિદાય લીધી છે.સામાન્ય રીતે સપ્ટેમ્બર મહિનાના અંતિમ દિવસોમાં તે પાછું ફરવાનો માર્ગ નિશ્ચિત કરે છે અને અરબી સમુદ્રની આસપાસથી તે પોતાની વિદાય લેવાનો માર્ગ નિશ્ચિત કરે છે. ગત વર્ષે ચોમાસાની વિદાયની તારીખ ૧૭ સપ્ટેમ્બર નિર્ધારિત કરાઈ હતી, જયારે આ વર્ષે ચોમાસું ૨૩ સપ્ટેમ્બરના વિદાય લેશે.

દરમ્યાન, ગત વર્ષે મેઘતૃષ્ણાનાં મુલક એવા રણપ્રદેશ કચ્છમાં ૧૮૩ ટકા વરસાદ વરસ્યો હતો, તેની સામે આ વખતે ૧૩૫ ટકા વરસાદ વરસતાં ૪૮ ટકા જેટલું ઓછું પાણી આભમાંથી વરસ્યું છે. કચ્છમાં આ વર્ષે ૧૭મી જૂને ચોમાસાનું વિધિવત્ આગમન થયું હતું. જુલાઈના પ્રથમ સપ્તાહ સુધી સારો વરસાદ પડયા બાદ જુલાઈ તેમજ ઓગસ્ટમાં વીતેલાં પાંચ વર્ષનો સૌથી ઓછો વરસાદ પડયો હતો. સપ્ટેમ્બરના પ્રથમ પખવાડિયામાં વરસાદી સિસ્ટમ સક્રિય થયા બાદ ધોધમાર વરસાદ પડતાં સરેરાશ વરસાદના આંકડા બદલાયા હતા. રાપરમાં માત્ર પાંચ જ દિવસમાં ૧૧૬ ટકા જેટલો વરસાદ પડયો હતો. આ વર્ષે કચ્છમાં સૌથી વધુ ૩૬ ઈંચ વરસાદ રાપરમાં, તો સૌથી ઓછો ૧૮ ઈંચ વરસાદ અબડાસા તાલુકામાં વરસ્યો છે. ■

# દેવાયત ખવડના રિમાન્ડ પૂરા થયાઃ કોર્ટે જામીન અરજી ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેવાયત ખવડના સાત દિવસના રિમાન્ડ પૂર્ણ થતા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. તાલાલા કોર્ટે તેમના રિમાન્ડ લંબાવ્યા નહોતા. દેવાયત ખવડે કરેલી જામીન અરજી પણ ફગાવી હતી અને તમામ આરોપીઓને જૂનાગઢ જેલમાં મોકલવાનો આદેશ આપ્યો હતો.

સરકારી વકીલે કહ્યું હતું કે દેવાયત ખવડ સામે તાલાલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના સંબંધે રિમાન્ડ પૂર્ણ થતાં તેને તાલાલાની કોર્ટમાં બધા આરોપીઓની સાથે રજૂ કરવામાં આવ્યા હતા. રિમાન્ડ સમયની અવધિ પૂર્ણ થતી હોવાથી નામદાર તાલાલાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબે તેમને જૂનાગઢ જેલ હવાલે કરવા માટેનો એટલે કે જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાનો આદેશ કર્યો હતો.

આ કેસમાં જામીન અરજીની સુનાવણી આજે હાથ ધરાશે અને ત્યાર બાદ નામદાર કોર્ટ એ સંબંધેની આ જામીન અરજીનો નિર્ણય કરશે. દેવાયત ખવડ અને અન્ય સાત આરોપીઓને હુમલાના કેસમાં કોર્ટે જામીન આપ્યા હતા. આ પહેલાં ૧૮ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ પોલીસે દેવાયત ખવડના ૭ દિવસના રિમાન્ડ માગ્યા હતા, પણ કોર્ટે તે મંજૂર કર્યા નહોતા. ■

# કચ્છના કુકમા નજીક હિટ એન્ડ રનના બનાવમાં આઠ વર્ષના માસૂમ બાળકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: શહેરની ભાગોળે આવેલા શેખપીરથી લાખોંદ વચ્ચેના માર્ગ પર સ્થિત કુકમા ગામની આશાપુરા કોલીની પાસે સર્જાયેલા હિટ એન્ડ રનના બનાવમાં આઠ વર્ષના માસૂમ બાળકનું અજ્ઞાત વાહનની ઠોકર લાગતાં કમકમાટીપૂર્ણ મોત નીપજ્યું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, કુકમા ગામ મધ્યે આવેલી આશાપુરા કોલીની નજીક ગત મંગળવારે મોડી સાંજના અરસામાં હિટ એન્ડ રનનો દુર્ભાગ્યપૂર્ણ બનાવ બનવા પામ્યો હતો જેમાં આ સોસાયટીની નજીક આવેલા હનુમાન મંદિરે દર્શન કરીને આઠ વર્ષનો ઉત્કર્સ ઉમેદભાઈ ચતુર્વેદી નામનો બાળક ઘર તરફ જઈ રહ્યો હતો. રસ્તો ઓળંગવા ગયો ત્યારે કોઈ અજ્ઞાત વાહને અડફેટમાં લેતાં ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર મળે તે અગાઉ બાળકે અંતિમ શ્વાસ લીધા હતા. સમગ્ર મામલે પદ્ધર પોલીસ મથકના પીઆઈ એ.જી.પરમારે અજ્ઞાત વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ■

# ભીમાસરમાં યુવકની કરપીણ હત્યા તેની પત્નીના કહેવાથી પ્રેમીએ કરાવી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અંજાર તાલુકાના ભીમાસર ગામ મધ્યે એક હોટલમાં કામ કરતા અરુણકુમાર સાહુ નામના પરપ્રાંતીય યુવકની તીક્ષ્ણ હથિયાર વડે થયેલી કરપીણ હત્યા તેની પત્નીના કહેવાથી પ્રેમી દ્વારા સોપારી આપીને ત્રણ શખસ પાસેથી કરાવી હોવાનું બહાર આવ્યા બાદ અંજાર પોલીસે પાંચેય આરોપીઓની ધરપકડ કરી હતી.

આ ક્રાઇમ થ્રિલર ફિલ્મ જેવા બનાવ અંગે અંજારના પી.આઇ. એ.આર. ગોહિલ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, ભીમાસરમાં છેલ્લાં આઠ વર્ષોથી રહેતા અરુણની પત્ની રેખાના માધવ હોટેલના સંચાલક અને તેના શેઠ એવા હરાધન ફોની ભુશન ગરાઇ સાથે આડા સંબંધ હોઈ, બે સંતાનોના માતા-પિતા એવા દંપતી વચ્ચે આ મુદ્દે અવારનવાર તકરાર થતી રહેતી હતી. પત્નીના પ્રણયફાગ અંગે પતિને ખબર પડી જતાં તેનો જીવ હરવા રેખાએ પોતાના પ્રેમી હરાધનને તૈયાર કર્યો હતો. હરાધને અરુણની હત્યા કરવા ગામના આનંદ દામજી બારોટને સોપારી આપતાં તેણે ગામના ગોપાલ રામજી બારોટ, દિલીપ નાથા ભટ્ટીને પ્રેમિકાના પતિની હત્યાની અવેજીમાં પાંચ-છ લાખ રૂપિયા આપવાની ઓફર આપી હતી. બનાવની રાત્રે હોટેલ માટે સામાન લેવા જવાનું કહીને આરોપીઓ અરુણકુમારને રિક્ષામાં બેસાડીને ભચાઉ લઇ ગયા હતા, જ્યાં તેનું ઢીમ ઢાળવાના હતા, પરંતુ ત્યાં રિક્ષાચાલક હોવાથી કામ મુલતવી રખાયું હતું. બાદમાં હોટેલ પરત આવી મોડી રાતના અરસામાં અરુણકુમારના ગળામાં અચાનક છરીના ઘા ઝીંકી તેની કરપીણ હત્યા નીપજાવી દીધી હતી.

મૃતકની પત્ની અને હોટેલ સંચાલક એવા તેના પ્રેમીએ અરુણકુમાર ગુમ થવાનું નાટક કર્યું હતું. પોલીસે સી.સી.ટી.વી. કેમેરા સહિતની મદદથી તપાસ હાથ ધરી શંકાના દાયરામાં આવેલા આ પાંચેયની કડક પૂછપરછ હાથ ધરતાં તે ભાંગી પડયા હતા અને કેવી રીતે હત્યાને અંજામ અપાયો તે જણાવી દીધું હતું. આ પાંચેયને કોર્ટમાં રજૂ કરાતાં તમામના તા.૨૦-૯ સુધીના ચાર દિવસના રિમાન્ડ મળ્યા હતા. પોલીસે છરી, લોહીવાળાં કપડાં વગેરે જપ્ત કર્યાં હતાં. પિતાનું મોત થયું અને માતા જેલ ભેગી થતાં બે માસૂમ બાળક નોંધારાં બન્યાં છે. ■

# જૂનાગઢમાં વન વિભાગના ત્રાસથી ઝેરી દવા પીને માલધારીએ આપઘાત કરતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢના મેંદરડા રેન્જ હેઠળ આવતા જાંબુથાળા નેસમાં વસતા એક માલધારીએ વન વિભાગના કથિત ત્રાસથી ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો. આ ઘટના બાદ પોલીસે વન વિભાગના અધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવાનો ઇનકાર કરતા પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાની ના પાડી હતી. સલીમભાઈએ સાત દિવસ સુધી જીવન-મરણ વચ્ચે સંઘર્ષ કર્યા બાદ જૂનાગઢની સિવિલ હૉસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા.

મૃતકના પરિવારજનોએ પોલીસ સામે ગંભીર આરોપો લગાવ્યા હતા. તેમના જણાવ્યા મુજબ, માલધારીએ સુસાઇડ નોટમાં વન વિભાગના અધિકારીઓનો ઉલ્લેખ કર્યો હોવા છતાં પોલીસે કોઈ કાર્યવાહી કરી નહોતી. પોલીસ દ્વારા એફઆઈઆર નોંધવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. આ કારણે પરિવારજનોએ ન્યાય ન મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાની ના પાડી હતી.

પરિવારજનોના જણાવ્યા અનુસાર, વન વિભાગના અધિકારીઓ દ્વારા માલધારીને ખોટી રીતે હેરાન કરવામાં આવતા હતા. તેઓ માલધારીને એવા આરોપો સાથે ધમકાવતા હતા કે તેઓ બહારના પશુઓને જંગલમાં ચરાવવા માટે લાવે છે. માલધારીએ પોતાની માલિકીના પશુ હોવાનું સોગંદનામું આપ્યું હોવા છતાં તેમને ખોટી નોટિસ આપીને ધમકાવવામાં આવતા હતા. આ ત્રાસથી કંટાળીને તેમણે આ પગલું ભર્યું હોવાનું પરિવારજનોએ દાવો કર્યો હતો.

ઘટનાને લઈ ગુજરાત કૉંગ્રેસના આગેવાનો મૃતકના પરિવારજનોને મળવા પહોંચ્યા હતા. કૉંગ્રેસના નેતાઓએ પીડિત પરિવાર સાથે મુલાકાત કરી તેમને સાંત્વના પાઠવી હતી અને આ કપરા સમયમાં તેમની પડખે ઊભા રહેવાની ખાતરી આપી હતી. ■

# ગાંધીધામમાં દબાણ હટાઓ ઝુંબેશ જારીઃ ચાવલા ચોક સુધી વધુ ૯૨ અતિક્રમણો ભારે વિરોધ વચ્ચે જમીનદોસ્ત કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ઔદ્યોગિક શહેર ગાંધીધામમાં મહાનગરપાલિકા દ્વારા છેડવામાં આવેલી મેગા ડિમોલિશન ડ્રાઈવના પ્રથમ દિવસે ૧૧૩ દબાણને તોડી પડાયા બાદ બીજા દિવસે પણ આ ઝુંબેશ ભારે વિરોધ વચ્ચે જારી રહી હતી અને શહેરીજનોને નડતરરૂપ વધુ ૯૨ જેટલાં અતિક્રમણોને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત રવિવારથી જારી આ ઝુંબેશના પગલે સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. અતિક્રમણોને હટાવી રહેલાં જેસીબી સામે વિરોધ નોંધાવવા બેસી ગયેલા રાજકીય આગેવાનોને અવગણીને નવનિયુક્ત કમિશનરે પોલીસ દળને સાથે રાખીને દબાણોને તોડાવવાનું જારી રાખતાં દબાણકર્તાઓમાં સોંપો પડી ગયો હતો.

ગાંધીધામના ચાવલા ચોક વિસ્તારમાં દબાણ દૂર કરાવાઇ રહ્યા હતા ત્યારે કોંગ્રેસના સમીપ જોષી નામના આગેવાને જેસીબી સામે બેસીને વિરોધ દર્શાવ્યો હતો, તો ભાજપ પક્ષના અને પાલિકાના પૂર્વ કાઉન્સિલર દિવ્યાબા જાડેજાએ પણ જેસીબીની ચાવી કાઢવાનો પ્રયાસ કરી આ દબાણ હટાવ કામગીરીમાં વિક્ષેપ ઊભો કરવાનો નાકામ પ્રયાસ કર્યો હતો, જો કે કમિશ્નરના આદેશ મુજબ નાયબ કમિશનર મેહુલ દેસાઇએ વિરોધ કરી રહેલા આગેવાનોને પોલીસની મદદથી હટાવીને દબાણો દૂર કરવાની કામગીરી ધરાર ચાલુ રાખીને વધુ ૯૫ ગેરકાયદે બાંધકામોને ધૂળભેગા કર્યા હતા.આ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે તેવું જાણવા મળ્યું હતું. ■



વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ૭૫મી અમૃત વર્ષગાંઠ નિમિત્તે ભાવનગર શહેર ભાજપ આયોજિત મહા રક્તદાન શિબિરમાં રેકોર્ડબ્રેક ૧૦૫૧ લોકોએ રક્તદાન કર્યું હતું. (તસ્વીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

# રાજકોટમાં ગરબીની સુરક્ષા માટે ૧૦૦૦ પોલીસ તૈનાત રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવરાત્રિનું પર્વ શરૂ થવાને હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે. આ દરમિયાન રાજકોટ પોલીસ દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજકોટમાં ૩૨ અર્વાચીન રાસોત્સવ, ઉપરાંત ૭૩ પ્રાચીન ગરબી અને ૫૭૩ શેરી ગરબી મળી કુલ ૬૭૮ જેટલા આયોજન કરવામાં આવશે, જેની સુરક્ષા માટે ૧૦૦૦ પોલીસ તૈનાત રહેશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ગત વર્ષ કરતા આ વર્ષે પ્રાચીન અર્વાચીન રાસોત્સવના આયોજનની સંખ્યામાં વધારો થયો છે. તમામ રાસોત્સવના આયોજન માટે ૧૦૦૦થી વધુ પોલીસ હોમગાર્ડ અને એસઆરપીનો બંદોબસ્ત ગોઠવવામાં આવશે. આ ઉપરાંત મોટર સાઈકલ ઉપર પણ ગરબા ચાલે ત્યાં સુધી પેટ્રોલિંગ કરવામાં આવશે. તમામ આયોજનો રાત્રે ૧૨ વાગ્યા સુધીમાં બંધ કરી દેવાના રહેશે.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું કે, નિયત ડેસિબલ કરતાં વધુ અવાજ સર્જતા આયોજકો સામે પગલાં લેવાશે અને આ માટે પોલીસ ડેસિબલ માપતા યંત્રોથી સજ્જ રહેશે. આ ઉપરાંત અર્વાચીન દાંડિયારાસમાં ફાયર એનઓસી વગર મંજૂરી મળશે નહીં. અર્વાચીન રાસોત્સવમાં હજારોની સંખ્યામાં ખેલૈયાઓ એકઠા થાય છે ત્યાં કોઈ પ્રકારની અફડાતફડી ન સર્જાય તે માટે અલગ અલગ એન્ટ્રી એક્ઝિટ ગેઇટ રાખવા જણાવાયું છે. આ ઉપરાંત દરેક દિવસના સીસીટીવી ફૂટેજ સાચવવા, પાર્કિંગ માટે અલગ વ્યવસ્થા કરવા, માઇક-લાઉડ સ્પીકરનો અવાજ નિર્ધારિત કરાયેલા નિયમ પ્રમાણે જ રાખવા અપીલ કરવામાં આવી હતી. ■

# ચોટીલામાં નવરાત્રિ માટે દર્શન-આરતીના સમયમાં ફેરફાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવરાત્રિ પર્વને અનુલક્ષીને સુરેન્દ્રનગર જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ ચોટીલા ખાતે આવેલ મા ચામુંડા માતાજીના ડુંગર ટ્રસ્ટ દ્વારા એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ભક્તોની સુવિધા માટે નવરાત્રિના પ્રથમ અને આઠમા નોરતા દરમિયાન દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. આસો માસની નવરાત્રિનો પ્રારંભ તા. બાવીસ સપ્ટેમ્બરથી થઈ રહ્યો છે. આ દરમિયાન ભક્તોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટ દ્વારા પહેલું અને આઠમું નોરતું - બે દિવસોએ દર્શનાર્થીઓ માટે દ્વાર વહેલી સવારે ૩.૩૦ વાગ્યે ખોલવામાં આવશે. ભક્તોએ સવારે ૪:૦૦ વાગ્યા સુધીમાં ડુંગર પરથી નીચે ઉતરી જવાનું રહેશે, જેથી અન્ય શ્રદ્ધાળુઓને પણ દર્શનનો લાભ મળી શકે. સામાન્ય દિવસોમાં દર્શનનો સમય અલગ હોય છે, પરંતુ આ બે મહત્ત્વના દિવસોએ લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતા હોવાથી આ વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. નવરાત્રિ દરમિયાન શ્રદ્ધાળુઓની સુરક્ષા અને ભીડ નિયંત્રણ માટે ટ્રસ્ટ દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવશે. દર્શન માટેની લાઈનોને સુવ્યવસ્થિત રાખવા માટે ખાસ સ્વયંસેવકો પણ તૈનાત કરાશે. સમગ્ર ગુજરાત અને દેશભરમાંથી ભક્તો નવરાત્રિના પાવન પર્વ દરમિયાન માતાજીના દર્શન અને આશીર્વાદ લેવા માટે ચોટીલા આવે છે. ■

# અમરેલીના લાઠીમાં રોગચાળાથી સિવિલ હૉસ્પિટલ દર્દીઓથી ઊભરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં ભાદરવા મહિનામાં રોગચાળાએ માઝા મૂકી હોય તેમ સિવિલ હૉસ્પિટલ દર્દીઓથી ઊભરાઈ હતી. લાઠી સિવિલ હૉસ્પિટલમાં સામાન્ય દિવસોમાં જ્યાં દૈનિક ઓપીડીની સંખ્યા ૨૦૦ની આસપાસ રહેતી હતી, ત્યાં હાલમાં આ આંકડો વધીને ૩૦૦થી ૩૫૦ સુધી પહોંચી ગયો છે. ઓપીડીમાં થયેલો આ નોંધપાત્ર વધારો શહેરમાં રોગચાળાની ગંભીર પરિસ્થિતિ તરફ ઈશારો કરી રહ્યો છે. હૉસ્પિટલમાં આવતા દર્દીઓમાં મુખ્યત્વે તાવ, વાઈરલ ઇન્ફેક્શન, શરદી-ઉધરસ જેવાં લક્ષણો જોવા મળી રહ્યાં છે. આ ઉપરાંત, ડેન્ગ્યૂ જેવા મચ્છરજન્ય રોગોના કેસોમાં પણ વધારો થયાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સિવિલ હૉસ્પિટલમાં દર્દીઓની ભારે ભીડ જોવા મળી રહી છે, જેના કારણે હૉસ્પિટલના સ્ટાફ પર પણ કામનું ભારણ વધ્યું છે. સૂત્રોના કહેવા પ્રમાણે, લાઠી નગરપાલિકા વિસ્તારમાં દૂષિત પાણી, ખુલ્લામાં કચરો અને ગંદકીને કારણે રોગચાળો વધુ ફેલાઈ રહ્યો હોવાનું મનાઈ રહ્યું છે. લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિનો અભાવ પણ આ પરિસ્થિતિ માટે જવાબદાર છે. પ્રશાસને લોકોને અપીલ કરી છે કે તેઓ ગભરાય નહીં, પરંતુ તકેદારી રાખે. જો કોઈ પણ લક્ષણો જણાય, તો તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરીને સારવાર મેળવવા અપીલ કરી હતી. ■